આઈપીએલ આજની મેચ
રાજસ્થાન રોયલ્સ VS લખનઉ સુપરજાયન્ટ
સાંજે ૭:30 કલાકે



પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૯-૪-૨૦૨૫, શનિવાર
વર્ષઃ ૧૪, અંક : ૩૫

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia



જય બજરંગ
ફલોર એન્ડ મસાલા મીલ
ચણા તુવેર મગ, અડદની
ચોખ્ખી દાળ બનાવી આપશું
માંડવી ફોલી આપશું.
સિંઘાલુ હીંગ દળી આપશું.
સાકર દળી આપશું
93273 08756


હવા મહેલ!!

# દિલ્લીમાં છ માળનું નિર્માણાધીન બિલ્ડીંગ ભારે પવનથી ધરાશાયી!: ચારના મોત

## ૧૪ લોકોનું રેસ્ક્યુ કરી સારવાર અર્થે ખસેડાયા, હજુ આઠ માનવ જિંદગી કાટમાળ નીચે દબાયાની આશંકા

**અબતક, રાજકોટ**

દેશની રાજધાની દિલ્હીમાં આજે વહેલી સવારે એક ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. જેમાં એક નિર્માણાધીન બિલ્ડીંગ ધરાશાયી થઈ જતાં ચાર લોકોના મોત થઈ ગયા છે જયારે ૧૪ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. હજુ પણ આઠ લોકો કાટમાળ તળે દબાયા હોવાની આશંકા છે. ઉલ્લેખનીય છે કે, ભારે પવનના લીધે બિલ્ડીંગ ધરાશાયી થઈ ગયાનું પ્રાથમિક તારણ છે ત્યારે શું આ પ્રકારના હવા મહેલને મોતના માંચડા તરીકે તૈયાર કરવામાં આવી રહ્યો હતો? તેવો સવાલ ઉઠી રહ્યો છે.



દેશની રાજધાની દિલ્હીમાં શનિવારે વહેલી સવારે એક દર્દનાક ઘટના બની હતી. દિલ્હીના મુસ્તફાબાદ વિસ્તારમાં એક ઈમારત અચાનક ધરાશાયી થઈ હતી. આ દર્દનાક દુર્ઘટનામાં કાટમાળ નીચે અનેક લોકો ફસાયા હોવાની આશંકા છે. આ દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર બચાવેલા ૧૦ લોકોમાંથી ૪ લોકોના મોત થયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર એનડીઆરએફ અને દિલ્હી પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને હાલમાં બચાવ કામગીરી ચાલી રહી છે. આ બધાની વચ્ચે હવે ઈમારત ધરાશાયી થવાના સીસીટીવી પણ સામે આવ્યા છે.

ફાયર વિભાગના અધિકારી રાજેન્દ્ર અટવાલે જણાવ્યું હતું કે, અમને સવારે લગભગ ૨:૫૦ વાગ્યે ઘર ધરાશાયી થવાની માહિતી મળી હતી. અમે ઘટનાસ્થળે પહોંચ્યા અને જોયું કે આખી ઈમારત ધરાશાયી થઈ ગઈ હતી અને અમને કાટમાળ નીચે લોકો ફસાયેલા હોવાના અહેવાલો મળ્યા હતા. એનડીઆરએફ અને ફાયર વિભાગ લોકોને બચાવવા માટે કામ કરી રહ્યા છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, ઈમારત ધરાશાયી થઈ ત્યારે તેની અંદર ૨૦ થી વધુ લોકો હતા, જેમાંથી ૧૦ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. જેમાંથી ૪ લોકોને મૃત જાહેર કરવામાં આવ્યા છે. બાકીના લોકોની સારવાર ચાલી રહી છે. કાટમાળમાં ફસાયેલા અન્ય લોકોને બહાર કાઢવા માટે બચાવ કામગીરી ચાલુ છે. જે ઈમારત ધરાશાયી થઈ તે ચાર માળની એલ-આકારની ઈમારત હતી.

### ગત સપ્તાહે પણ એક મોતનાં હજીરા સમાન ઈમારતની દીવાલ ધરાશાયી થતાં એકનું મોત થયું'તું

મળતી માહિતી મુજબ શુક્રવારે દિલ્હીના હવામાનમાં અચાનક ફેરફાર જોવા મળ્યો. રાત્રે શહેરના ઘણા વિસ્તારોમાં વરસાદ અને વાવાઝોડા જોવા મળ્યા હતા. ગયા અઠવાડિયે મધુ વિહાર પોલીસ સ્ટેશન નજીક ધૂળના તોફાન દરમિયાન એક બાંધકામ હેઠળની ઈમારતની દિવાલ ધરાશાયી થતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને બે અન્ય ઘાયલ થયા હતા.

### પત્તાના ઘરની જેમ જમીનદોસ્ત થયેલ ઈમારતના સીસીટીવી વાયરલ

મુસ્તફાબાદ વિસ્તારમાં થયેલી ઈમારત ધરાશાયી થવાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. મધ્યરાત્રિએ ઈમારત પત્તાના ઘરની જેમ તૂટી પડી હોય તેવું જોઈ શકાય છે. ઈમારત ધરાશાયી થતાં જ ધુમાડામાં ઘેરાઈ ગઈ હતી. જ્યારે ઈમારત ધરાશાયી થઈ ત્યારે રાત્રિના ૨:૩૯ વાગ્યા હતા.






ગરજે ગધેડાને બાપ કહેવો પડે!!!

# નાણાં વસૂલવા ચીને ભારત પાસેથી પ્રીમિયમ વસ્તુઓ ખરીદવાનું મન બનાવ્યું!!!

## વેપાર ખાધ આ અઠવાડિયે ૯૯.૨ બિલિયન સુધી પહોંચીઃ ચીન આ વર્ષના અંતમાં SCO સમિટ માટે પીએમનું ઉષ્માભર્યું સ્વાગત કરવા તૈયાર

**અબતક, રાજકોટ**

આપણે ગુજરાતીમાં કહેવત છે કે ગરજે ગધેડાને બાપ કહેવો પડે!! આવું જ કંઈક ચીન સાથે થયું છે. અમેરિકા અને ચીન વચ્ચે વેપાર ટેરિફ વોર ચાલી રહી છે. જેમાં અમેરિકાએ ચીન પર ૨૪૫ ટકા ટેરીફ ઝીંક્યો છે. અને ચીન દ્વારા પણ વળતાં પ્રહાર કરવામાં આવ્યા હતા. જેને કારણે બંને દેશો વચ્ચે તણાવ ઊભો થયો છે. ચીનને હવે જયારે અમેરિકામાં પોતાનો માલ વેચવામાં તકલીફો પડી ત્યારે તેને અન્ય દેશો યાદ આવ્યા છે. જેમાં ભારત મોખરે છે.

વર્તમાન વૈશ્વિક રાજકીય અને આર્થિક પરિદ્રશ્યમાં, ભારત અને ચીન વચ્ચેના સંબંધો હંમેશાં ચર્ચાનું કેન્દ્ર રહ્યા છે. વેપારને લઈને બંને દેશો વચ્ચે થોડી તંગદિલી હોવા છતાં, ચીન હવે ભારત સાથે મજબૂત સંબંધો સ્થાપિત કરવા માટે આગળ વધી રહ્યું છે. ચીનના રાજદૂત ઝુ ફેઈહોંગે ભારતીય નિકાસને પ્રોત્સાહન આપવાની અને ચીની વ્યવસાયો માટે ભારતમાં યોગ્ય વાતાવરણની અપેક્ષા વ્યક્ત કરી છે.

ભારત અને ચીન વચ્ચેનો વેપાર સતત વધી રહ્યો છે, પરંતુ આ સાથે વેપાર ખાધ પણ વધી રહી છે. આનો અર્થ એ છે કે ભારત ચીન પાસેથી જેટલો માલ ખરીદે છે, તેટલો માલ ચીનને વેચી શકતું નથી. આ વેપાર ખાધને પહોંચી વળવા માટે ચીન હવે ભારતમાંથી વધુ સારી ગુણવત્તાવાળો માલ (પ્રીમિયમ માલ) આયાત કરવા તૈયાર હોવાનું જણાય છે. રાજદૂત ઝુ ફેઈહોંગે આશા વ્યક્ત કરી છે કે ભારત ચીની કંપનીઓ માટે એક ન્યાયી અને અનુકૂળ વાતાવરણ પૂરું પાડશે, જેથી બંને દેશો વચ્ચે

(અનુ. આઠમા પાને)


ન્યુ રીનોવેટેડ A/C
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા






# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

સર્વિસ બિઝનેશ, મેનેજમેંટ/ફાઈનાન્સ રીલેટેડ ફર્મસના જાતકો માટે આ સપ્તાહ ભાગદોડ વાળુ એવમ સંઘર્ષપૂર્ણ જણાશે, સાથે સાથે નવી તકો તેમજ લાભ સાંપડવાના પણ સંયોગો. તમામ કદના ઔદ્યોગિક એકમના જાતકો, તેમજ તમામ પ્રકારના વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે, પરંતુ જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. વિદ્યાર્થીઓ-છાત્રો, નિવૃત્ત, મહિલા કર્મીઓ તથા ગૃહિણીઓ માટે આ સપ્તાહ પણ હળવું લાભકારક નીવડશે. ૨૫ તથા ૨૬ એપ્રીલના દિવસો સાધારણ જણાશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ — બ,વ,ઉ

ઓનલાઈન બિઝનેશ તથા ઓન લાઈન સર્વિસ બિઝનેસ ના જાતકો માટે આ સપ્તાહ અર્ધ સાનુકૂળ અથવા સામાન્ય નીવડશે. એડવર્ટાઈઝમેન્ટ એકમના જાતકો આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. મોટા કદના ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નાના ઔદ્યોગિક એકમના જાતકો માટે લાભદાયી સપ્તાહ. જથ્થાબંધ વ્યાપાર સાથે જોડાયેલ વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયી જોવા મળશે. નાના તથા છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. સરકારી કર્મચારીઓ તથા ખાનગી કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ સાનુકૂળ જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા મહિલા કર્મીઓ, ગૃહિણીઓ માટે આ સપ્તાહ પણ લાભદાયક જણાશે. ૨૨ તથા ૨૩ એપ્રીલ મધ્યમ રહેશે.

## મિથુન — ક,છ,ઘ

ખાનગી ફાઈનાન્સ કંપની/એકમના જાતકો, સર્વિસ બિઝનેસ ના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. મોટા ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ હળવી દોડધામ વાળુ નીવડશે. નાના ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ પણ લાભદાયક રહેશે. જથ્થાબંધ વેપારના જાતકો માટે આ સપ્તાહ મધ્યમ લાભકર્તા જણાશે. આ સિવાયના અન્ય, વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ પણ લાભકારક રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભદાયક જણાશે સાથે બદલી બઢતી ની સંભાવના. વિદ્યાર્થી, મહિલા કર્મીઓ, નિવૃત્ત તથા ગૃહિણીઓ માટે આ સપ્તાહ પણ સારુ ને લાભદાયી નીવડશે. ફક્ત ૨૧ તથા ૨૨ એપ્રીલ અર્ધ મધ્યમ રહેશે.

## કર્ક — ડ,હ

વ્યવસાયિક કલા કે પરામર્શ વ્યવસાયના જાતકો માટે લાભદાયક સપ્તાહ રહેશે. પબ્લિક ટ્રાસ્પોર્ટેશન્સ, ટ્રાવેલ્સ કે હોટેલ બુકિંગ્સ સાથે જોડાયેલા તમામ જાતકો માટે આ સપ્તાહ પણ અર્ધ લાભકારક નીવડશે. મોટા મોટા ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ સરેરાશ રહેશે. કુટિર તેમજ નાના કદના ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ પણ લાભદાયક રહેશે. વ્યાપાર વણિજના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ મધ્યમ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણીઓ અને વર્કિંગ વૂમન માટે આ સપ્તાહ પણ લાભકારી નીવડશે. ૨૩ એપ્રીલ સાવ સામાન્ય નીવડશે.

## સિંહ — મ,ટ

જાહેર ક્ષેત્રની પ્રસિદ્ધ વ્યક્તિ તેમજ રાજકીય ક્ષેત્રની વ્યક્તિ વિશેષ માટે આ સપ્તાહ અર્ધ પ્રતિકૂળ રહેવાના સંયોગો. આયુર્વેદ ફાર્મસીના જાતકો તથા હર્બલ ફાર્મસીના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે, સાથો સાથ નવી નવી તક મળવાના સંયોગો. અન્ય, ઔદ્યોગિક ક્ષેત્રના જાતકો માટે આ સપ્તાહ દરમિયાન અણધાર્યા ફાયદો થવાની સંભાવના આ સિવાયના તમામ કદના ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર- વાણિજ્ય એકમના જાતકો માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. સરકારી ક્ષેત્રનાં કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સામાન્ય રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણીઓ અને વર્કિંગ વૂમન માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૧ તથા ૨૩ એપ્રીલ સાધારણ રહેશે.

## કન્યા — પ,ઠ,ણ

આ સપ્તાહ સામાન્ય રીતે કન્યા રાશિ માટે લાભદાયી તથા સુખ શાંતિ વાળું નીવડશે. ઈલેક્ટ્રીસીટી રીલેટેડ પ્રોડકશન્સ ના ઔદ્યોગિક--વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક તથા ભાગદોડ વાળું રહેવાની સંભાવના. ઉદ્યોગ, ધંધા વ્યવસાયના પેન્ડિગ રહેલા કામકાજ પૂરા થઈ જવાના સંયોગો. અન્ય, ઔદ્યોગિક એકમ તેમજ વાણિજયના એકમના જાતકો માટે આ સપ્તાહ અર્ધ લાભદાયી રહેશે, ધંધા ઉદ્યોગમાં નવી નવી તકો આવવાની પણ સંભાવના. સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ દરમિયાન હળવા આર્થિક લાભ સાથે બદલી/બઢતીના સંયોગો. મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું લાભદાયક રહેશે. ૨૬ એપ્રીલ અર્ધ મધ્યમ જણાશે.

## તુલા — ર,ત

ઉચ્ચસ્થ શનિ વાળા જાતકો માટે આ સપ્તાહ પણ અતિ લાભદાયક નીવડશે. સર્વિસ બિઝનેસ તથા કન્સલ્ટંસી ફર્મસનાં જાતકો માટે આ સપ્તાહ ખૂબ ફાયદાકારક જણાશે. આ સપ્તાહે ધંધા વ્યવસાય હેતુ પ્રવાસ થવાની સંભાવના. ગ્રેઈન ગ્રોસરી મર્ચન્ટસ માટે આ સપ્તાહ હળવા ચડાવ ઉતાર ની સાથોસાથ લાભકર્તા નીવડશે. દરેક કદના ઔદ્યોગિક એકમ વાળા જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. અન્ય વ્યાપાર વણિજના જાતકો માટે આ સપ્તાહ ચડાવઉતાર વાળુ પરંતુ હળવું લાભકારી પણ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ સાનુકૂળ કે યથાવત જણાશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨૪ એપ્રીલ સામાન્ય નીવડશે.

## વૃશ્ચિક — ન,ય

ફાસ્ટ ફૂડ, પેકિંગ ફૂડ તેમજ ફેશન, તથા શૃંગારને સંબંધિત ઉદ્યોગ ધંધાના જાતકો માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. તમામ કદના ઔદ્યોગિક એકમના જાતકો તથા ગ્રેઈન મર્ચન્ટ, તથા જનરલ જથ્થા બંધ વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ વિશેષ લાભકર્તા. મોટા ઉદ્યોગ- વ્યાપાર-વણિજ ક્ષેત્રના જાતકો માટે પણ આ સપ્તાહ આર્થિક રીતે બહુ લાભદાયક જણાશે. આ સપ્તાહ દરમિયાન સરકારી કર્મચારી માટે બઢતી બદલીના સંયોગો. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ લાભકારી નીવડશે. પરિવાર તથા સગા સ્નેહી તરફથી સાથ સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી તથા ગૃહિણી વર્ગ માટે આ સપ્તાહ ઉત્તમ નીવડશે. ૨૫ એપ્રીલ સરેરાશ રહેશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

મોટા ઉદ્યોગ તથા લોખંડ ધાતુ સંબંધિત મશીનરીઝના તમામ ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક રહેશે. તમામ પ્રકારના છૂટક તથા જથ્થાબંધ વ્યાપારી એકમના તમામ જાતકો માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. પરિશ્રમી અને ઉદ્યમી જાતકો માટે આ સપ્તાહ ખૂબ લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ મધ્યમ રહેશે. પરિવાર કે સ્નેહીઓ વચ્ચે હળવો ખટરાગ સર્જાવાના સંયોગો. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણીઓ તેમજ મહિલા કર્મી માટે સાનુકૂળ સપ્તાહ. ૨૫ એપ્રીલ સાધારણ રહેશે.

## મકર — ખ,જ

મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ ભાગદોડ વાળું એવમ વ્યસ્ત જોવા મળશે. ધાતુ ઉદ્યોગ ધંધાના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક રહેશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયી રહેવાના સંયોગો. વ્યાપાર વણિજ તેમજ સર્વિસ બિઝનેસ ધરાવતા જાતકો માટે આ સપ્તાહ પણ લાભકારક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. મિત્ર એવમ સ્નેહીઓ સાથે સુમેળ અને સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિજ્ઞાન શાખાના વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકારી જણાશે. કેવળ, ૨૦ એપ્રીલ જ સાધારણ રહેશે.

## કુંભ — ગ,શ,ષ

પેટ્રોલિયમ ઉત્પાદ તેમજ પેટ્રોકેમિકલ્સ, તથા રંગ રસાયણ, ખાતર સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક રહેવાના સંયોગો. અગાઉના, ધંધા વ્યવસાયના અધુરા તથા પેન્ડીગ પડેલા કાર્ય પૂર્ણ થવાની સંભાવના. આ સિવાયના અન્ય, તમામ ઔદ્યોગિક તેમજ તમામ વ્યાપાર-વણિજના એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું ફાયદાકારક નીવડશે. છૂટક વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ ખૂબ લાભદાયી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભદાયી નીવડશે. નિવૃત્ત, મહિલા કર્મીઓ, ગૃહિણીઓ, વિદ્યાર્થી માટે આ સપ્તાહ હળવું લાભદાયક રહેશે. ૨૨ એપ્રીલ મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

## મીન — દ,ચ,ઝ,થ

કુટિર તેમજ નાના કે લઘુ ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. મોટા ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ તથા ભાગદોડ વાળુ નીવડશે. પ્રિંટીંગ, ઓફસેટ તથા સ્ટેશનરી સંબંધિત ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. આ સિવાયના, તમામ ઔદ્યોગિક એવમ વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ લાભકારક રહેશે. સર્વિસ બિઝનેસના જાતકો માટે આ સપ્તાહ અર્ધ મધ્યમ રહેશે. શિક્ષકો તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ તથા સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મીઓ, તથા ગૃહિણીઓ માટે આ સપ્તાહ પણ સારુ ને લાભદાયી નીવડશે ફક્ત, ૨૬ એપ્રીલ નો દિવસ જ મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય અભ્યંગ સ્નાન).

# ચતુરાઈ અને લુચ્ચાઈમાં નંબર વન શિયાળની વિશ્વમાં ૪૭ પ્રજાતિઓ

**પ્રાચીન ઈજિપ્ત અને હિન્દુ પૌરાણિક કથાઓમાં શિયાળને મૃત્યુના દેવતા 'યમ' સાથે સાંકળવામાં આવતા હતાઃ મૃત પ્રાણીઓને સાફ કરીને રોગો ફેલાતા અટકાવીને પર્યાવરણ સંતુલન જાળવવામાં તેની ભૂમિકા મહત્વનીઃ ચાલાક શિયાળ સ્વતંત્ર ન થાય ત્યાં સુધી ગૃપને છોડતું નથી**

જેકલ-'ફોકસ' અર્થાત શિયાળ સામાન્યત તેની ચાલાકી-લુચ્ચાઈને કારણે આપણી બાળવાર્તાઓમાં વર્ષોથી જોડાયેલું છે. શ્વાનને મળતું આવતું શિયાળ ખૂબ જ ચબરાક અને ગમે તેવી મુશ્કેલીનો સામનો કરવાને સક્ષમ હોય છે. તેની ઘણી પ્રજાતિઓ વિશ્વમાંથી લુપ્ત થઈ ગઈ છે. હાલમાં ૨૫ થી વધુ પ્રજાતિ સાથે લુપ્ત થયેલ પ્રજાતિઓ 'સાચા શિયાળ' જૂથમાં ગણતરી થાય છે, જો કે વિશ્વભરમાં તેની ૪૭થી વધુ પ્રજાતિઓ અત્યારે જોવા મળી રહી છે. આજે વિશ્વ શિયાળો દિવસ છે, ત્યારે મૃત પ્રાણીઓને સાફ કરીને રોગચાળો ફેલાતા અટકાવીને તે પર્યાવરણ સંતુલન જાળવે છે. કઠોર વાતાવરણમાં અનુકૂલન સાધવાની અને ટકી રહેવાની તેમની ક્ષમતા ને કારણે આફ્રિકન વાર્તામાં તેને ઠગની ઉપમા અપાય છે.

સામાન્ય રીતે શિયાળની વિવિધ પ્રજાતિમાં ઈથોપીયન વરૂ ટાઈપના કેનીશ, કરચલા ખાનાર શિયાળ, લુપ્ત જીનસમાં ફોકલેન્ડ ટાપુના વરૂ સાથે તેને વરૂ કે શિયાળ તરીકે ઓળખાય છે. ઈન્ડિયન-ડાર્વિન, દક્ષિણ અમેરિકાના ગ્રે શિયાળ અને પમ્પાસ-સેચુરાન અને હોરી શિયાળ, બટકા કાનવાળા શિયાળ, અને વલ્પેસ જૂથના બ્લેન ફોર્ડ, બંગાળ, કેપ, કોર્સક, ફેનેક, કિટ, નિસ્તેજ, રેપલ, લાલ, તિબેટીયન શિયાળની પ્રજાતિઓ છે. તિબેટ પ્રદેશમાં રેતાળ મેદાનનાં શિયાળ પણ છે.

મનુષ્યો સાથે વર્ષોથી તે જોડાયેલું હોવાથી ઘણીવાર મરઘા અને નાના પશુધન ઉપર હુમલો કરે છે. માણસો ઉપર પણ ઘણીવાર એટેક કરે છે. ઘણા શિયાળ માનવ પર્યાવરણને સારી રીતે અનુકૂલન સાધી શક્યા છે. ઘણી શિયાળ પ્રજાતિઓ શહેરી સિમાઓની અંદર પણ માંસાહારી તરીકે તેની પ્રજાતિઓ જાળવી રાખી છે. યુરોપમાં તો શિયાળ સર્વવ્યાપી છે. પર્યાવરણમાં થયેલા ફેરફારને કારણે રહેઠાણ, ખોરાકની સમસ્યા બાદ લુપ્ત થયા અને સ્થળાંતર પણ થયા છે. કેટલાક દેશોમાં શિયાળ, સસલા અને મરઘીઓના મુખ્ય શિકારી છે.



૧૬ મી સદીથી માનવી તેનો શિકાર કરતો આવ્યો છે. ૧૯ મી સદીમાં લાલ શિયાળ ઓસ્ટ્રેલિયામાં જોવા મળેલ હતા, બાદમાં તે વિસ્તારમાં વ્યાપક ઝુંડમાં જોવા મળવા લાગ્યા હતાં. શિયાળની ઘણી મૂળ પ્રજાતિઓની વસ્તીમાં ઘટાડો જોવા મળ્યો છે. કેનેડા, ફ્રાન્સ, આયર્લેન્ડ, ઈટાલી, રશીયા, યુ.કે., અને ઓસ્ટ્રેલિયા જેવા ઘણા દેશોમાં શિયાળનો શિકાર કરવામાં આવે છે. ઘણા લોકો લાલ શિયાળ પાળે પણ છે. યુ.કે.માં માણસો ઉપર બિન-જીવલેણ હુમલાના ઘણા કેસો જોવા મળે છે. ઘણીવાર નાના બાળકો ઉપર હુમલા કર્યાના બનાવો જોવા મળે છે. શહેરી વિસ્તારમાં બિલાડી અને કૂતરા માટે જોખમકર્તા જોવા મળે છે. શિયાળ વિશ્વની ઘણી સંસ્કૃતિમાં જોવા મળે છે. આપણી લોકકથામાં પણ તેનું નિરૂપણ જોવા મળે છે. પર્શિયન લોકકથામાં તેને કપટનું પ્રતિક ગણે છે. એશિયન લોકકથામાં તેને જાદુઈ શકિત ધરાવતા આત્મા તરીકે દર્શાવાયા છે. ચીની કથામાં નવ પૂંછડીવાળા શિયાળની વાતો આવે છે. શુકન-અપશુકન સાથે ઘણી સંસ્કૃતિમાં ઉલ્લેખ જોવા મળે છે. જાપાનીઝ અને કોરિયન સંસ્કૃતિમાં પણ ઉલ્લેખ જોવા મળે છે. અમૂકમાં તો નક્ષત્ર સાથે તેનું જોડાણ બતાવાયું છે.

શિયાળ મધ્યમ કદના નાના અને સર્વભક્ષી સસ્તન જનાવર છે. તેને સપાટ ખોપડી, ત્રિકોણાકાર સીધાકાન, પોઈન્ટેડ શ્વાન જેવી જીભ અને લાંબી જાડી પૂંછડી જોવા મળે છે. અંગ્રેજીમાં ઉત્તરમાં ફોકસ તો દક્ષિણમાં વોક્સ શબ્દ પ્રયોગાય છે. તેના સમૂહોને પણ ખોપરી પટ્ટ પૃથ્વી જેવા વિવિધ નામોથી ઓળખાય છે. શિયાળ મૂળ કેનિડે જૂથના સભ્યોમાં વરૂ કરતા નાના અને શ્વાન કરતા મોટા જોવા મળે છે. શિયાળની સૌથી મોટી પ્રજાતિ લાલ શિયાળ છે. તેનું વજન ૪ થી ૮ કિલો અને નાના શિયાળનું વજન એક થી દોઢ કિલો જોવા મળે છે. તેમના નિવાસસ્થાન અનુસાર તેમા નાનો, મોટો બદલાવ વિશ્વમાં જોવા મળે છે. શિયાળના હેર કોટનો રંગ ઋતુ અનુસાર બદલાય છે. બરફ આચ્છાદીત પહાડો પર તે રૂછાવર સફેદ કલરનાં જોવા મળે છે. નર-માદા એપ્રિલમાં મેટીંગ કરે છે. ઉંમરને કારણે પણ તેના હેર કોટનો રંગ બદલાતો જોવા મળે છે. તેની દાંતની રચના માંસાહારી જાનવર જેવી હોય છે. જે માંસ જેવી સામગ્રીને આસાનીથી ચીરી શકે તેવા તિક્ષ્ણ હોય છે. શિકારને પકડવા માટે તેના દાંત સખ્ત પકડ કરી શકે છે. જંગલમાં તેનું આયુષ્ય ૬ થી ૭ વર્ષ જેટલું હોય છે. જો કે ઘણા કિસ્સાઓમાં ૧૦ વર્ષ પણ જીવતું જોવા મળ્યું છે. સામાન્ય રીતે નાના-નાના જૂથોમાં રહેવાનું વધુ પસંદ કરે છે. શિયાળ સર્વભક્ષી હોવાથી નાના જીવજંતુ, સરિસૃપ પક્ષીઓ, ઈંડા, વનસ્પતિ જેવો ખોરાક ખાય છે. અમૂક જૂથ કરચલાનો જ ખોરાક આરોગે છે. દરરોજ એક કિલો જેટલો ખોરાક ખાય છે. વધારાનો ખોરાક હોય તો તે સ્ટોર પણ કરે છે, તેની ઉપર પાંદડા કે બરફ નીચે દફનાવે છે. પાછલા પગનો ઉપયોગ કૂદકો લગાવવા માટે કરે છે. શિકારીની ગરદન જ પકડીને તેને નબળો પાડી દેવાની તેની સ્ટાઈલ નિરાલી છે. ભૂખરા શિયાળ એકમાત્ર વૃક્ષ પર ચડી શકે છે. ૫૩ દિવસ પછી માદા શિયાળ એવરેજ ચાર-પાંચ બચ્ચાને જન્મ આપે છે. શિયાળનો લારી સ્વર-અવાજ દૂર સુધી તમો સાંભળી શકો છો.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

જમીનમાં ઉંડી બખોલ કરીને માદા બચ્ચાને તેમાં જ ઉછેરે છે. બહારથી કરાતો અવાજ બચ્ચાને સાવચેત કરવા માટે કરે છે. શિયાળની હાલની વિવિધ પ્રજાતિઓ ઉપર જોખમ જળુંબી રહ્યું છે. મોટા ગરૂડ પક્ષી પણ તેનો શિકાર કરે છે. ૧૯૯૯ -૨૦૦૦ માં તેમનામાં વાયરસ ફાટી નીકળતા ઘણા નષ્ટ થયા હતા. પાળતું શિયાળ ૨૦ થી ૨૫ વર્ષ જીવી શકે છે. ૨૦૨૩ થી તેમના જતન માટે વૈશ્વિક જાગૃતિ ઝુંબેશ દિવસ ઉજવાય છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૦.૪.૨૦૨૫, રવિવાર, સંવંત ૨૦૮૧, ચૈત્ર વદ સાતમ, પૂર્વાષાઢા નક્ષત્ર, સિદ્ધ યોગ, વિષ્ટિ કરણ, આજે સાંજે ૬.૦૩ જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) ત્યારબાદ મકર (ખ,જ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : આંતરિક શક્તિ વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ, પ્રગતિ થાય.
**વૃષભ** (બ,વ,ઉ) : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, ધાર્યા કામ પાર પાડી શકો.
**મિથુન** (ક,છ,ઘ) : મનમાં ચીડિયાપણું રહે, માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.
**કર્ક** (ડ,હ) : ભાગીદારીમાં કામ કરતા મિત્રોને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**સિંહ** (મ,ટ) : તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.
**કન્યા** (પ,ઠ,ણ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો. દિવસ ખુશનુમા વીતે.
**તુલા** (ર,ત) : તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, દિવસ આનંદમાં પસાર કરી શકો.
**વૃશ્ચિક** (ન,ય) : નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય, નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.
**મકર** (ખ,જ) : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો, વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે, કામકાજમાં સફળતા મળે.
**કુંભ** (ગ,સ,શ) : ખર્ચ પર અંકુશ રાખવો પડે, આવક જાવક નો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસે ના ચાલવું.
**મીન** (દ,ચ,ઝ,થ) : નસીબ સાથ આપતું જણાય, આકસ્મિત લાભ થાય, ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

## શનિ અને રાહુ અત્યારે ડિગ્રી મુજબ એકદમ નજીક છે

શનિ અને રાહુ અત્યારે ડિગ્રી મુજબ એકદમ નજીક છે બેઉની ગતિ એકબીજાથી વિરુદ્ધ છે પણ અત્યારે બેઉ મળીને પિશાચ યોગ રચી રહ્યા છે અને ડિગ્રી મુજબ સાવ નજીક હોવાથી જલદ પરિણામો આપી રહ્યા છે વળી નીચસ્થ મંગળ પર રાહુનો પ્રભાવ છે જે અનેક અકસ્માતો સર્જી રહ્યા છે જળમાં પ્રદુષણ વધે જળમાં કેમિકલ કે અન્ય વસ્તુ ભળે જેની અસર જળસૃષ્ટિ અને જીવ પર જોવા મળે તો શનિ રાહુ ખુબ નજીક મીનમાં હોવાથી લાંબા ગાળાની બીમારી કે અસાધ્ય બીમારી સામે લાવે છે અને લાંબા સમય માટે ઈલાજ કરવો પડે તેવી બીમારી સામે લાવે છે કે એવા પ્રશ્નો સામે આવે કે જેને સોલ્વ કરવામાં સમય લાગે વળી આ સમયમાં શનિ રાહુ શ્રાપિત્તદોષના કારણે પિતૃયોનિ જાગૃત થતી હોય તેવો અહેસાસ પણ થાય જયારે જયારે જન્મકુંડળીમાં શ્રાપિત્તદોષ જોવામાં આવે ત્યારે પિતૃ વિષે ઝીણવટપૂર્વક તપાસવું જોઈએ કેમ કે શનિ અને રાહુ સાથે લાંબાગાળાના અને અગાઉથી ચાલ્યા આવતા પ્રશ્નો બતાવે છે વળી રાહુએ જન્મોજન્મનું ખાતું બતાવે છે અને ઋણાનુબંધન દર્શાવે છે જેથી શનિ અને રાહુ આપણને આપણી અગાઉની પેઢીઓ સાથે સાંકળે છે અને તેના વિષે માહિતી આપે છે વળી આ યુતિ થાય એ પહેલા લાંબા સમયથી તે આ સમયે પરિણામ આપવા તત્પર હોય છે જે પરિણામ આ યુતિ દરમિયાન મળતા હોય છે. આ યુતિની વિપરીત અસર નિવારવા માટે અગાઉ ઉપાય આપેલા પરંતુ એક સર્વસામાન્ય અને સફળ ઈલાજ મૃત્યુંજય મંત્ર છે જે વધુમાં વધુ માત્રામાં સાત્વિકતાથી અને નિયમિતતાથી કરવો જોઈએ તથા વૃદ્ધોને ભોજન આપવું જોઈએ.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

## અબતક પંચાગ

**તા.૨૦-૪-૨૦૨૫ રવિવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ શાલીવાહન શકિ: ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ |
| તિથી | ચૈત્ર વદ સાતમ ભાનુસપ્તમી |
| નક્ષત્ર | પૂર્વાષાઢા |
| યોગ | સિધ્ધ કરણઃ વિષ્ટિ |
| સુર્યોદય | ૬.૨૫ સુર્યાસ્તઃ ૭.૦૮ |
| ચંદ્ર રાશી | ધન સાંજે ૬.૦૫થી મકર |
| રાશિ અક્ષર | ભ.ફ.ધ/ખ.જ. |
| દિશાશૂળ | પશ્ચિમ દિશા તરફ |
| રાહુકાળ | સાંજે ૪.૩૦ થી ૬ |
| દિવસનાચોઘડીયા | ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ |
| રાત્રીનાચોઘડીયા | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૪૯ થી ૧.૪૦ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૩૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૫ | | | | | | |
| ૪ | | | ૩ | | | | ૯ | |
| | | | | ૬ | ૪ | ૩ | | ૧ |
| | | ૧ | | | | | ૭ | |
| ૯ | ૪ | | ૨ | | ૧ | | ૮ | |
| ૬ | ૫ | | ૯ | | ૭ | | | |
| | | | | ૨ | | | ૪ | |
| | | ૨ | ૧ | | ૩ | ૬ | | |
| | | | ૮ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૩૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૪ | ૨ | ૯ | ૬ | ૩ | ૫ | ૮ |
| ૯ | ૬ | ૮ | ૩ | ૫ | ૭ | ૪ | ૨ | ૧ |
| ૩ | ૫ | ૨ | ૮ | ૧ | ૪ | ૬ | ૯ | ૭ |
| ૮ | ૪ | ૬ | ૧ | ૨ | ૩ | ૯ | ૭ | ૫ |
| ૨ | ૯ | ૩ | ૪ | ૭ | ૫ | ૧ | ૮ | ૬ |
| ૧ | ૭ | ૫ | ૯ | ૬ | ૮ | ૨ | ૩ | ૪ |
| ૪ | ૩ | ૧ | ૭ | ૮ | ૨ | ૫ | ૬ | ૯ |
| ૬ | ૮ | ૯ | ૫ | ૩ | ૧ | ૭ | ૪ | ૨ |
| ૫ | ૨ | ૭ | ૬ | ૪ | ૯ | ૮ | ૧ | ૩ |

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૧૯-૦૪-૨૦૨૫ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ઓલ ધ બેસ્ટ પંડ્યા)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ધાન શાક)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (અપર્ણા પાંડે)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (અઈ સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જુઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૦-૦૪-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહા કાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કપ કેકસ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૧૩ ચાય પે ચર્ચા (ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ)
૦૪:૧૩ થી ૦૪:૩૦ સ્પે.સ્ટોરી (IVF સ્ટોરી)
૦૪:૩૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (બસ કરો બકુલા)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૧-૦૪-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## બિલ્ડરો આનંદો.. ટીઆરપી કાંડમાંથી રાજકોટ બહાર નીકળ્યું!!

# વખતોથી અટકેલી પ્લાન-કમ્પ્લીશનની ફાઈલોનો મહિનામાં જ નિકાલ કરવા કમિશ્નરએ મન બનાવ્યું

### પ્રપોઝ્ડ બાંધકામ પ્લાન અંગે ધડાધડ નિર્ણયો લેવાતા પ્રજાજનો અને બાંધકામના ધંધાર્થીઓમાં હરખની હેલી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ગત વર્ષે બનેલી ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટનાને પગલે શહેર આખું હિબકે ચડ્યું હતું. ગોઝારી દુર્ઘટનામાં ૨૭ નિર્દોષ માનવ જિંદગી ભડથું થતા ગેમઝોનની દીવાલો ધ્રુજી ઉઠી હતી. હૃદયદ્રાવક ઘટના બાદ મહાનગરપાલિકાના ટીપીઓ, ફાયર બ્રિગેડના ઓફિસરો સહિત અનેક અધિકારીઓ વિરુદ્ધ ગુના દાખલ કરી ધરપકડ કરવામાં આવ્યા બાદ દૂધના દાઝેલા છાશ ફૂંકી પીવે તેવી રીતે ટાઉન પ્લાનિંગ શાખા પ્લાન મંજુર કરવા અને કંપ્લીશનની કામગીરીમાં ક્યાંક ઢીલી અપનાવતા અરજીઓનો ભરાવો થયો હતો. પરિણામે બિલ્ડરોથી માંડી પ્રજામાં કચવાટ ઉભો થયો હતો પણ મનપા કમિશ્નરે હવે અરજીઓનો નિકાલ ઝડપથી કરી



દેવા મન બનાવતા કર્મચારીઓમાં પણ નવી ઉર્જાનો સંચાર થતાં એક માસમાં જ પ્રપોઝ્ડ બાંધકામ પ્લાન અને કમ્પ્લીશનની અરજીઓનો નિકાલ થઈ જાય તેવો આશાવાદ છે.

રાજકોટ મહાનગરપાલિકા ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાંથી હવે ધીમેધીમે બહાર આવી રહી છે. દુર્ઘટના બાદ ગેમઝોનના પ્રપોઝ્ડ બાંધકામ, કંમ્પ્લીશન અંગે અનેક સવાલ ઉભા થયાં હતા અને ગેરરીતિઓ સામે આવતા મનપાના ટાઉન પ્લાનર એમ ડી સાગઠીયા સહિતના અનેક અધિકારીઓ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. જેના પરિણામે પ્રપોઝ્ડ બાંધકામ પ્લાન અને કમ્પ્લીશન આપવા અંગે અધિકારી-કર્મચારીઓએ ક્યાંક ઢીલી નીતિ અપનાવતા અરજીઓનો ભરાવો શરૂ થયો હતો. જેના પગલે રિયલ એસ્ટેટ ક્ષેત્રને નકારાત્મક અસરનો પણ સામનો કરવો પડી રહ્યો હતો. જો કે, હાલના તબક્કે અધિકારી વર્તુળો અને બિલ્ડર લોબીમાં ચાલી રહેલી ચર્ચાએ નવી આશાનું કિરણ જગાવ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાના કમિશ્નર તુષાર સુમેરાએ આ બાબતને ગંભીરતાપૂર્વક લેતા તમામ અધિકારી-કર્મચારીઓને અરજીઓમાં યોગ્ય નિર્ણય લઈ તાત્કાલિક નિકાલ કરવાની સૂચના આપતાં હવે પ્રપોઝ્ડ બાંધકામ પ્લાન અંગે ધડાધડ નિર્ણયો લેવાઈ રહ્યા છે. બીજી બાજુ આ પ્રકારે જ કમ્પ્લીશન અંગે પણ ત્વરિત નિર્ણય લેવામાં આવે તેવી બિલ્ડર લોબીથી માંડી પ્રજાજનોની લાગણી અને માંગણી છે.

### કોઈપણ સમયે બિલ્ડીંગ પ્લાનને મંજૂરી આપી શકાય તેવી સિસ્ટમ વિકસાવવા વિચારણા: મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે ગુજરાતના બિલ્ડીંગ પ્લાન મંજૂરી પ્રણાલીમાં સંભવિત ફેરફારનો સંકેત આપ્યો હતો. જેમાં રિયલ એસ્ટેટ ડેવલપર્સની ઝડપી મંજૂરી માટેની લાંબા સમયથી ચાલી આવતી માંગણીઓનો ઉકેલ લાવવામાં આવ્યો હતો.ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ક્રેડાઈના ચેન્જ ઓફ ગાર્ડ સમારોહ દરમિયાન મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન હંમેશા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેશ પર ભાર



મૂક્યો છે. અમે એવી સિસ્ટમ પર વિચાર કરી રહ્યા છીએ જે કોઈપણ સમયે પ્લાનને મંજૂરી આપી શકે છે, જો કે, નિયત શરતોનું પાલન થવું અનિવાર્ય છે. આ કાર્યક્રમ દરમિયાન બિલ્ડરોની સંસ્થાના રાષ્ટ્રીય પ્રમુખ તરીકેનો કાર્યબહાર ગણેશ હાઉસિંગ કોર્પોરેશનના મેનેજીંગ ડિરેક્ટર શેખર પટેલે સંભાળ્યો હતો. કાર્યક્રમ દરમિયમ મુખ્યમંત્રી સાથે રિયલ એસ્ટેટ ક્ષેત્રના વિકાસ, રોજગારી, એફોર્ડેબલ હાઉસિંગ સહીતની બાબતોમાં ચર્ચા કરવામાં આવી હતી.

# વોર્ડ ઓફીસ ખાતે આધાર નોંધણી સેવા કેન્દ્રમાં પ્રથમ પંદર દિવસમાં ૪૯૨૬ લોકોએ લીધો લાભ

### આધાર કેન્દ્ર ખાતે અરજદારોને હાલાકી ન પડે તે માટે બાકડા તથા શેડ સહિતની દરેક વોર્ડ ઓફીસમાં વ્યવસ્થા કરાય

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ બજેટની યોજનાના અનુસંધાને ૧લી એપ્રિલ-૨૦૨૫થી દરેક વોર્ડ ઓફિસ ખાતે આધાર નોંધણી સેવા કેન્દ્ર“ શરૂ કરવામાં આવેલ છે. દરેક વોર્ડ ઓફિસ અને ઝોન ઓફિસ ખાતે ચાલી રહેલ આધાર નોંધણી સેવામાં પ્રથમ પંદર દિવસ એટલે કે, તા.૦૧-૦૪-૨૦૨૫થી તા.૧૫-૦૪-૨૦૨૫ દરમ્યાન કુલ-૪૯૨૬ નાગરિકોએ આધાર નોંધણી સેવા કેન્દ્રનો લાભ લીધો છે, તેમ રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

સેન્ટ્રલ ઝોન આધારકેન્દ્ર ખાતે અરજદારોને હાલાકી ન પડે તે ધ્યાને લઈને અરજદારોને બેસવા માટે બાંકડા તથા ઉનાળામાં તાપથી રક્ષણ માટે શેડની વ્યવસ્થા કરવામાં આવેલ છે તેમજ દરેક વોર્ડ ઓફિસ ખાતે બેઠક વ્યવસ્થાની પણ સુવિધા કરવામાં આવેલ છે.

તા.૦૧-૦૪-૨૦૨૫થી તા.૧૫-૦૪-૨૦૨૫ દરમ્યાન વોર્ડ/ઝોન વાઈઝ આધાર નોંધણી સેવા કેન્દ્રનો લાભ મેળવેલ નાગરિકોમાં જોઈએ તો સેન્ટ્રલ ઝોનમાં કુલ-૬૦૮, ઈસ્ટ ઝોનમાં







કુલ-૨૯૧, વેસ્ટ ઝોનમાં કુલ-૫૧૪, વોર્ડ નં.૧ માં કુલ-૨૭૨, વોર્ડ નં.૨ માં કુલ-૨૦૬, વોર્ડ નં.૩ માં કુલ-૨૦૯, વોર્ડ નં.૪ માં કુલ-૨૧૬, વોર્ડ નં.૫ માં કુલ-૨૧૯, વોર્ડ નં.૬ માં કુલ-૧૬૦, વોર્ડ નં.૭ માં કુલ-૧૭૧, વોર્ડ નં.૮ માં કુલ-૧૮૧, વોર્ડ નં.૯ માં કુલ-૧૯૪, વોર્ડ નં.૧૦ માં કુલ-૧૬૨, વોર્ડ નં.૧૧ માં કુલ-૧૮૮, વોર્ડ નં.૧૨ માં કુલ-૨૧૪, વોર્ડ નં.૧૩ માં કુલ-૧૮૪, વોર્ડ નં.૧૪ માં કુલ-૧૫૧, વોર્ડ નં.૧૫ માં કુલ-૨૧૭, વોર્ડ નં.૧૬ માં કુલ-૨૦૬, વોર્ડ નં.૧૭ માં કુલ-૧૩૮ અને વોર્ડ નં.૧૮ માં કુલ-૨૨૫, આમ, ત્રણેય ઝોન ઓફિસ સહીત ૧૮ વોર્ડમાં કુલ-૪૯૨૬ નાગરિકોએ આધાર નોંધણી સેવા કેન્દ્રમાં આધાર સંબંધિત સેવાનો લાભ મેળવ્યો હતો. પોતાના ઘરથી નજીકની વોર્ડ ઓફિસ ખાતે આધાર નોંધણી સેવાનો મહત્તમ ઉપયોગ કરવા રાજકોટ મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, મ્યુનિસિપલ કમિશનર, શાસક પક્ષ નેતા અને શાસક પક્ષ દંડક દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# ફિઝીશીયનોની કોન્ફરન્સમાં મેડિકલ ક્ષેત્રે થયેલ અદ્યતન શોધ વિશે દેશભરના ડોક્ટર કરી માહિતી ‘આપ-લે’

### મોટાપા સામે મેડીસીન, કેન્સરમાં ટાર્ગેટ થેરાપી પ્રસુતિ વખતે મહિલાના મોત સહિતના વિવિધ પર નિષ્ણાંત તબીબોએ આપ્યું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

એસોસીએશન ઓફ ફિઝીશીયન ઓફ રાજકોટ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના ફિઝીશીયનો માટે ખૂબ અગત્યની એવી એ.પી.આર.કોન-૨૦૨૫ કોન્ફરન્સનો શુભારંભ થયો છે. આજથી બે દિવસ ચાલનારી આ કોન્ફરન્સમાં મોટાપા સામે મેડીસીન, કેન્સરમાં ટારગેટેડ થેરાપી, પ્રસુતિ વખતે થતાં









મહિલાઓના મોત સહિત અનેક વિષય પર દેશના નિષ્ણાત તબીબો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. એમ એસોસીએશનના પ્રમુખ ડો. મયંક ઠક્કર અને સેક્રેટરી ડો. મિલાપ ઠકરારએ જણાવેલ છે.

કોન્ફરન્સના સાયન્ટીફીક સેક્રેટરી ડો. ગુંજન જોષીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આજે તા.૧૯ને શનિવારે સવારથી કોન્ફરન્સનો પ્રારંભ થયો છે. આજે વિવિધ વિષયો પર લેક્ચર રાખવામાં આવ્યા છે. જેમાં ગંભીર દર્દીને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય ત્યારે ગળામાં નળી મૂકવામાં આવે છે એ પહેલાં ઓપરેશન દ્વારા નળી મુકાતી તેના બદલે હવે નવી શોધ પ્રમાણે ઓપરેશન અને એનેસ્થેસીયા વગર ફક્ત પ્રોસીઝર દ્વારા ખાસ ડિવાઈસનો ઉપયોગ કરી મુકવામાં આવે છે. તેમાં ખાસ ફિલ્ટરનો પણ ઉપયોગ થાય છે એ વિશે વિડિયો લેક્ચર દ્વારા ડો. વિશાલ સદાતીયા માર્ગદર્શન આપશે. લોહી ચડાવતી વખતે થતાં રીએક્શનોને ઓછુ કરવા માટેના નવા ફિલ્ટર વિશે માહિતી ડો.સ્પ્રુવા ધોળકીયા આપશે. ઈન્ફેકશનના કેસમાં વપરાતી એન્ટીબાયોટીક દવાઓની અસર હવે અમુક હદે ઘટતી જતી જોવા મળે છે સામે નવી દવાઓ એટલી બધી ઉપલબ્ધ નથી આવા સમયે વિવિધ એન્ટીબાયોટીક દવાના મિશ્રણ દ્વારા દર્દીની સારામાં સારી સારવાર કઈ રીતે થઈ શકે એ વિષય પર ડો. સુરભી મદાન માર્ગદર્શન આપશે. મુંબઈના ડો. સતિષ ખાંડીલકર સિનિયર મોસ્ટ તબીબ છે, તેમની પાસે તાલીમ પામેલા અનેક તબીબો હાલ દેશભરમાં પ્રેક્ટીસ કરે છે. તેમના મતે તબીબોએ જીવનભર સતત વિદ્યાર્થી બની નવુ નવુ શીખતા રહેવુ જોઈએ અને કંટાળ્યા વગર કેવી રીતે રોજ બરોજ પોતાના તબીબી જ્ઞાનમાં વધારો કરી શકાય એ વિશે તેઓ માર્ગદર્શન આપશે.

લોહી રોગ અને કેન્સરના આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત ડો. એમ. બી. અગ્રવાલ ખાસ સેમીનાર લેવાના છે. જેમાં ડો. અગ્રવાલ લોહી અને કેન્સરના રોગમાં થતી નવી નવી સારવાર વિશે માહિતી આપશે. ડો. સલીલ વાણીયાવાળા દ્વારા વિવિધ કેન્સરમાં જીનેટીક ટેસ્ટીંગ કરી જે તે કેન્સર માટે કયા જીન જવાબદાર છે તેની શોધ કરવી અને એ પ્રમાણે નિદાન કરી તેના માટે ટારગેટેડ થેરાપી કઈ રીતે થઈ શકે એ વિશે માહિતગાર કરવામાં આવશે. કેન્સરમાં વર્તમાન સારવાર એવી ઈમ્યુનોથેરાપી વિશે પણ માર્ગદર્શન આપવામાં આવશે.

કોન્ફરન્સના બીજા દિવસે એટલે તા.૨૦ને રવિવારે પી.જી.ના તબીબ વિદ્યાર્થીઓ માટે ખાસ લેક્ચર રાખવામાં આવ્યુ છે. જેમાં સિનિયર તબીબો દ્વારા વિદ્યાર્થીઓને હૃદ્યરોગ, મગજના રોગની સારવાર, પરીક્ષામાં કેસ સ્ટડી કઈ રીતે રજુ કરવા વગેરે બાબતે પર માર્ગદર્શન આપવામાં આવશે. ડાયાબીટીસ, બી.પી., થાઈરોઈડ, હોર્મોનના કારણે થતી અમુક બિમારી, લાંબા થઈ જવુ કે ટૂંકા રહી જવુ, વજન અચાનક વધી જવુ વગેરે રોગના યોગ્ય નિદાન અને સારવાર વિશે ડો. ચૈતન્ય બુવા, ડો. મનોજ ચડ્ડા, ડો. નલીની શાહ લેક્ચર આપશે. અનિયમીત જીવન અને અપૌષ્ટીક ખોરાકના કારણે પેટના વિવિધ રોગ વધ્યા છે. ફેટીલીવરના કેસ ચિંતાજનક હદે વધ્યા છે તેના કારણે અનેક કેસમાં લીવર બદલવાની નોબત આવે છે. આવા કેસમાં યોગ્ય જીવનશૈલી વિશે ડો. સમીર શાહ, ડો. નિખીલ પટેલ માર્ગદર્શન આપશે. હૃદય રોગના નિદાનમાં સીટી કોરોનરી એન્જીયોગ્રાફીનો વપરાશ કઈ રીતે થઈ શકે એ બાબત ડો. અનિષ ચંદારાણા લેક્ચર આપશે.



વર્તમાન સમયમાં નવા નવા વાયરસ બહાર આવી રહ્યા છે. કોરોના, બર્ડ ફ્લુ, કોંગો વગેરે નવા નવા વાયરસના કારણે લોકો ગંભીર બિમારીમાં સપડાય છે આવા સમયે જે તે વાયરસ સામે બચી શકાય એ માટે નવા નવા વેક્સીન ઉપલબ્ધ બન્યા છે. પુખ્ત વયના લોકોએ પણ અમુક વેક્સીન લેવા જોઈએ. જેથી તે બિમારીથી બચી શકે. વર્તમાન મેડિકલ ક્ષેત્રે ઉપલબ્ધ વિવિધ વેક્સીન અને તેના ઉપયોગ વિશે મુંબઈના ડો. નિતીન શાહ લેક્ચર આપશે. પ્રસુતી વખતે મહિલાના મૃત્યુનું પ્રમાણ હજુ પણ ચિંતાજનક છે. આવા કેસમાં શું કાળજી રાખવી, મહિલા દર્દીને ક્યા પ્રકારની સારવાર આપી બચાવી શકાય એ વિશે મુંબઈના ડો. રાહુલ પંડીત લેક્ચર આપશે.

ડાયાબીટીસની અમુક દવાઓ વરસોથી વપરાય છે. આ દવાઓના કારણે ડાયાબીટીસ સાથે અન્ય બિમારીમાં પણ ફાયદા થયાનું માલુમ પડયુ છે. આ દવાઓના કારણે હૃદયરોગ, કિડનીના રોગ, ચરબી ઘટવી વગેરેમાં ફાયદા થયાનુ સંશોધનમાં બહાર આવ્યુ છે એ વિશે એશીયા પેસીફીક ઓફ ડાયાબીટીસના હેડ ડો. બંસી સાબુ લેક્ચર આપશે. ડાયાબીટીસની અમુક દવાથી લાઈફ સ્ટાઈલ ડીસીસ, ફેટી લીવરમાં ફાયદો, હૃદય રોગ સામે ફાયદો થતો હોય છે એ વિશે પણ ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત હૃદય રોગના અંતીમ સ્ટેજમાં વર્તમાન સમયમાં નવી આવેલી અમુક દવાથી ફાયદો થતો હોય તેના વપરાશ વિશે માહિતી આપવામાં આવશે.

ડાયાબીટીસની સારવારમાં ઈન્સ્યુલીન આપવામાં આવતાં હોય છે. ઈન્સ્યુલીનમાં પણ હવે વિવિધ પ્રકારના ઈન્જેક્શનની શોધ થઈ છે. ઈન્સ્યુલીન પંપ દર્દીના પેટ પર ફીટ કરી શકાય

(અનુ. આઠમા પાને)

### વર્તમાન સમયમાં અનિયમિત જીવન અને જંકફૂડ કારણે મેદસ્વીતાનો ખતરો વધ્યો: ડો.મયંક ઠક્કર



એસોસીએશન ઓફ ફિઝીશીયન ઓફ રાજકોટના પ્રમુખ ડો. મયંક ઠક્કરના જણાવ્યા અનુસાર આજથી બે દિવસ માટે રાજકોટમાં રીઝન્સી લગુન હોટલ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છના ફિઝીશીયનોની કોન્ફરન્સ એ.પી.આર.કોન-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના ૬૦૦થી વધુ ફિઝીશીયન ભાગ લઈ રહ્યા છે. આ કોન્ફરન્સમાં બે દિવસ દરમિયાન મેડિકલ ક્ષેત્રે અમુક રોગ વિશે થયેલ અદ્યતન શોધ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. મોટાપા સામે મેડીસીન, કેન્સરમાં ટારગેટેડ થેરાપી, પ્રસુતિ વખતે મહિલાના મોત, પુખ્તવયની વ્યક્તિ માટે વિવિધ વેકસીન સહિતના ખૂબ અગત્યના રોગ અને તેના નિદાન-સારવાર વિશે અલગ-અલગ વર્કશોપ રાખવામાં આવ્યા છે. જેમાં દેશના ખૂબ જાણીતા તબીબો દ્વારા જે તે વિષય પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત વર્તમાન સમયમાં અનિયમીત જીવન અને જંક ફૂડ વગેરેના કારણે વધતા જતા શારિરીક, માનસીક દર્દો બાબત પણ વિશેષ સેમીનાર રાખવામાં આવ્યો છે. આ કોન્ફરન્સમાં સૌરાષ્ટ્રભરના ૬૦૦થી વધુ ફિઝીશીયન, સુપર સ્પેશ્યાલીસ્ટ ફેકલ્ટીની સાથે એમ.ડી.નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ જોડાવાના છે. વિદ્યાર્થીઓ દ્વારા ચાલીસ જેટલાં પેપર પ્રેઝન્ટેશન કરવામાં આવશે. એસોસીએશન ઓફ ફિઝીશીયન ઓફ રાજકોટના સેક્રેટરી ડો.મિલાપ ઠકરારના જણાવ્યા અનુસાર આ કોન્ફરન્સમાં કાર્ડિયોલોજી, ગેસ્ટ્રોએન્ટ્રોલોજી. ન્યુરોલોજી, નેફ્રોલોજી, રૂમેટોલોજી, ઈન્ફેકશનને લગતા રોગ, એન્ડ્રોક્રાઈનોલોજી, પલ્મેનોલોજી, ઓન્કો-હેમેટોલોજી વગેરે ક્ષેત્રમાં નિદાન અને સારવાર બાબતે થયેલ અદ્યતન શોધ વિશે સૌરાષ્ટ્રભરમાંથી આવેલાં તબીબોને માર્ગદર્શન આપવામાં આવશે.

# કેદારનાથ ધામના દરવાજા ૨ મેથી ખુલશે

**બદ્રીનાથ ધામના દરવાજા ૪ મેના તે જ સમયે, મદમહેશ્વર મંદિર ના દરવાજા ૨૧ મેના અને ત્રીજા કેદાર તુંગનાથ મંદિરના દરવાજા પણ ૨ મેના રોજ ખુલશેઃ ચાર ધામ યાત્રા સૌથી મહત્વપૂર્ણ હિન્દુ યાત્રાઓમાંની એક છે, તેમાં હિમાલયના ચાર પવિત્ર મંદિરોની મુલાકાતનો સમાવેશ**



**અબતક, નવી દિલ્હી**

હિન્દુ ધર્મમાં ચાર ધામ યાત્રાનું વિશેષ મહત્વ છે. તે જ સમયે, દરેક સનાતની ઓછામાં ઓછી એક વાર ચારધામની મુલાકાત લેવા માંગે છે. આ સાથે, કેદારનાથ ધામ અને બદ્રીનાથ ધામના દરવાજા ખોલવાની તારીખ જાહેર કરવામાં આવી છે. બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના પ્રવક્તાએ શુક્રવારે જણાવ્યું હતું કે શ્રી કેદારનાથ ધામના દરવાજા ૨ મેના રોજ સત્તાવાર રીતે ખુલશે.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિની એડવાન્સ ટીમ આજે સાંજે શ્રી કેદારનાથ ધામ પહોંચી ગઈ છે. કેદારનાથ ધામના દરવાજા ૨ મે ના રોજ ખુલવા જઈ રહ્યા છે.સત્તાવાર પ્રકાશન મુજબ, બદ્રીનાથ ધામના દરવાજા ૪ મેના રોજ ખુલશે. તે જ સમયે, શ્રી મદમહેશ્વર મંદિર (બીજા કેદાર) ના દરવાજા ૨૧ મેના રોજ ખુલશે અને ત્રીજા કેદાર તુંગનાથ મંદિરના દરવાજા પણ ૨ મેના રોજ ખુલશે.

## મુસાફરી માટે હેલિકોપ્ટર સેવાઓ પણ ઉપલબ્ધ

એવું માનવામાં આવે છે કે ચારધામ યાત્રા ઘડિયાળની દિશામાં પૂર્ણ થવી જોઈએ. તેથી, યાત્રા યમુનોત્રીથી શરૂ થાય છે, ગંગોત્રી, પછી કેદારનાથ અને અંતે બદ્રીનાથમાં સમાપ્ત થાય છે. આ યાત્રા રોડ અથવા હવાઈ માર્ગે કરી શકાય છે, હેલિકોપ્ટર સેવાઓ પણ ઉપલબ્ધ છે. કેટલાક ભક્તો દો ધામ યાત્રા કરે છે, જે બે તીર્થસ્થાનોઃ કેદારનાથ અને બદ્રીનાથની યાત્રા છે.

અગાઉ, બીકેટીસી ના મુખ્ય કાર્યકારી અધિકારી વિજય પ્રસાદ થાપલિયાલે સોમવારે મદમહેશ્વર મંદિરના દરવાજા ખોલવાની તારીખ નક્કી કરવા માટે ઉખીમઠના શ્રી ઓમકારેશ્વર મંદિર ખાતે એક બેઠકમાં હાજરી આપી હતી. કેદાર સભા દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને તીર્થપુરોહિતો સાથે સંકલનમાં કામ કરવા બદલ તેમની પ્રશંસા કરવામાં આવી હતી.ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર વિજય પ્રસાદ થાપલિયાલે મંદિર સમિતિના મા બારાહી મંદિર, સંસારી, મસ્ત નારાયણ કોટી, શ્રી ત્રિયુગીનારાયણ મંદિર, ગૌરી માતા મંદિર, ગૌરીકુંડ, મંદિર સમિતિના રેસ્ટ હાઉસ સોન પ્રયાગ અને સંસ્કૃત સોન્યુટ કોલેજનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

શિવ પુરાણમાં ભગવાન શિવના ૧૨ જ્યોતિર્લિંગનો ઉલ્લેખ છે. જ્યાં શિવ સ્વયં પ્રગટ થયા હતા. આમાંથી એક કેદારનાથ ધામ છે. ઉત્તરાખંડમાં હિમાલય પર્વતમાં સ્થિત કેદારનાથ ધામ બાર જ્યોતિર્લિંગમાં સામેલ હોવાની સાથે જ ચાર ધામ અને પંચ કેદારમાંથી એક છે.

# આર્યા એજ્યુકેશન ટ્રસ્ટના મેડીકલ કેમ્પનો ૭૭ દર્દીઓએ લીધો લાભ

**કંડારીયા કેન્સર પ્રિવેન્શન ફાઉન્ડેશન અને બી.ટી. સવાણી કીડની હોસ્પિટલનાં સહયોગ થકી વડીલો તેમજ બાળકોનું ચેકઅપ કરવામાં આવ્યું**

**અબતક,રાજકોટ**

આર્યા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટના નેતૃત્વમાં કંડારિયા કેન્સર પ્રિવેન્શન ફાઉન્ડેશન અને બી. ટી. સાવાણી કિડની હોસ્પિટલના સહયોગથી ત્રણે આશ્રમમાં મેડિકલ કેમ્પનું સફળ આયોજન રાજકોટની આગવી સેવા સંસ્થાઓ - કંડારિયા કેન્સર પ્રિવેન્શન ફાઉન્ડેશન અને બી. ટી. સાવાણી કિડની હોસ્પિટલના સહયોગથી, આર્યા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટના માર્ગદર્શન હેઠળ ત્રણ આશ્રમો - વત્સલ્ય અનાથાલય, માતૃછાયા વૃદ્ધાશ્રમ, તથા મહેશ્વરી વૃદ્ધાશ્રમમાં મેડિકલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું.

આ કેમ્પ અંતર્ગત કુલ ૭૭ વ્યકિતઓના આરોગ્યની તપાસ કરવામાં આવી, જેમા ૧. વત્સલ્ય અનાથાલયમાં - ૩૮ વિધ્યાર્થીઓના હિમોગ્લોબિન ટેસ્ટ તથા સ્ટાફના બ્લડપ્રેશર અને શુગર ટેસ્ટ, ૨. માતૃછાયા વૃદ્ધાશ્રમમાં - ૧૫ વૃદ્ધો માટે Hb, BP અને શુગર ટેસ્ટ, ૩. મહેશ્વરી વૃદ્ધાશ્રમમાં - ૨૪ વ્યકિતઓના Hb, BP અને શુગર ટેસ્ટ કરવામાં આવ્યું હતુ.આ કેમ્પમાં આરોગ્ય સેવા માટે નિષ્ઠાપૂર્વક કાર્યરત ટિમના સભ્યો કૈરવી મારાડિયા, વૈશાલી મજીથિયા, હિરલ હિન્સૂ અને રિયા ગોહિલે



મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.આર્યા ટ્રસ્ટ તરફથી ગૌતમભાઈ અને લીનાબેન પણ કેમ્પ દરમિયાન હાજર રહીને સહકાર આપ્યો હતો.ત્રણે આશ્રમના સંચાલકો - વત્સલ્યધામના પ્રવીનભાઈ, માતૃછાયા ટ્રસ્ટના ધીરજબા, અને મહેશ્વરી વૃદ્ધાશ્રમના મોહિતભાઈ પણ સમગ્ર ટીમને યોગ્ય સહયોગ આપી કેમ્પને સફળ બનાવવામાં વિશેષ યોગદાન આપ્યું હતું.

આ સમગ્ર આયોજનોનું નેતૃત્વ અને માર્ગદર્શન આર્યા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટના પ્રમુખ ડો. ભાવનાબેન કક્કડ દ્વારા આપવામાં આવ્યું હતું. તેમણે સતત આરોગ્ય જાગૃતિ માટે આવા કેમ્પો આવનારા સમયમાં પણ ચાલુ રાખવાનો નિણય વ્યક્ત કર્યો. આર્યા ગ્રુપ દ્વારા વધુને વધુ લોકો સુધી આરોગ્ય સેવા પહોંચાડી ને ટ્રસ્ટના સર્વે સંતુ નિરામયાઃના મંત્રને સાર્થક બનાવવામાં આવ્યો હતો.

# મનપાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ ગંદકી કરતા આસામી પાસેથી ૨૯ હજાર ચાર્જ વસુલ્યો

**ત્રણેય ઝોનમાં કુલ ૧૦૮ આસામીઓ પાસેથી ૬.૪૧૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાયું**

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૧૦૮ આસામીઓ પાસેથી ૬.૪૧૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૨૯૧૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૨ આસામીઓ પાસેથી ૨.૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૭૮૫૦/-નો વહીવટી ચાર્જ, વેસ્ટ ઝોનમાં ૩૩ આસામીઓ પાસેથી ૧.૬૧ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૯૮૦૦/-નો વહીવટી ચાર્જ તેમજ ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૩ આસામીઓ પાસેથી ૨.૫૫ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૧૫૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.આ કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# સીટી બસ દુર્ઘટનાના મૃતકોના પરિવારોને સહાય ચેક અર્પણ કરતું કોર્પોરેશન

**મૃતકોના પરિવારોની મુલાકાત લઈ દિલાસો આપતા મનપાના અધિકારીએ**

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની કંપની રાજકોટ રાજપથ લિ.સંચાલિત શહેરમાં સિટી બસ સેવા પૂરી પાડવામાં આવે છે. ઈન્દિરા સર્કલ પાસે સિટી બસથીથયેલ અકસ્માતના કારણે ૦૪(ચાર) વ્યક્તિઓ મૃત્યુ પામેલ હતા. આ ઘટનાના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મૃતકોના પરિવારજનોને રૂ.૧૫ લાખ તથા ઈજાગ્રસ્તોને રૂ.૨ લાખની સહાય આપવાની જાહેરાત કરવામાં આવેલ હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ દુઃખદ અને ગંભીર ઘટના પ્રત્યે સંવેદના વ્યક્ત કરી, આજ તા.૧૯/૦૪/૨૦૨૫, શનિવારના રોજ મૃતકો રાજુભાઈ મનુભાઈ ગીડા, , સંગીતાબેન ધનરાજભાઈ ચૌધરી, બાલો ઉર્ફે ચિન્મયભાઈ હર્ષદભાઈ ભટ્ટ અને કિરણબેન ચંદ્રેશભાઈ કક્કડના પરિવારજનોને રૂ.૧૫ લાખની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા. રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશીએ મૃતકોના નિવાસ સ્થાને રૂબરૂ મુલાકાત કરી, પરિવારજનોનેસહાયના ચેક અર્પણ કરી દિલાસો વ્યક્ત કરેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા મૃતકોના પરિવારજનોને આશ્વાસન અને દિલાસો આપતા જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા સંબંધી કોઈપણ કામ પડે તો રાજકોટ મહાનગરપાલિકાના દરવાજા આપના માટે ખુલ્લા છે.

# છેવાડાના માનવીને તમામ સુવિધાઓ આપવા ભાજપ પ્રયત્નશીલઃ ધારાસભ્ય કાનગડ

**રેલનગરનાં વિવિધ વિસ્તારોમાં પેવિંગ બ્લોક, ડામરરોડ સહિતના વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત કરાવતા ધારાસભ્ય ઉદય કાનગડ**

**અબતક,રાજકોટ**

રેલનગરના વિવિધ વિસ્તારોમાં રાજકોટ મહાનગરપાલિકા ધ્વારા ધારાસભ્ય,કોર્પોરેટરની ગ્રાન્ટ તેમજ રાજકોટ મહાનગરપાલિકાની ગ્રાન્ટમાંથી ધારાસભ્ય ઉદય કાનગડના હસ્તે વિવિધ વિસ્તારોમાં વિકાસ કાર્યોના ખાતમુર્હુત કરવામાં આવ્યા હતા. જેમાં રેલનગરમાં સ્વામિ વિવેકાનંદ નગર, પોપટપરા,૫૩ ક્વાર્ટર ખાતે પેવિંગ બ્લોક કામનું ખાતમુર્હુત, રેલનગર મામા સાહેબ મંદિર પાસે તથ્ય બંગ્લોઝ પાસે ડામર રોડ કામનું ખાતમુર્હુત, રામેશ્વર મહાદેવ મંદિર પાસે રાજનગર વિસ્તારમાં ડામર રોડ કામનું ખાતમુર્હુત તેમજ રેલનગર સોસાયટી-૨, આનંદ સ્કુલ



પાછળ કંપાઉન્ડ વોલ ખાતમુર્હુત કરવામાં આવેલ હતું. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડ,શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી અશ્વિન મોલીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, વોર્ડના કોર્પોરેટરો, વોર્ડપ્રભારી પુર્વેશ ભટ્ટ, પ્રમુખ રણધીરભાઈ સોનારા, પૂર્વ પ્રમુખ હેમુભાઈ પરમાર, મહામંત્રી કપિલભાઈ નથવાણી,રાજેશભાઈ જોષી, શહેર મંત્રી ઈલાબેન પડીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

આ તકે વિસ્તારની બાળાઓ ધ્વારા ધારાસભ્ય ઉદય કાનગડ સહિતના અગ્રણીઓનું કુમકુમ તિલકથી તેમજ સ્થાનીક આગેવાનો ધ્વારા અગ્રણીઓનુ ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ હતું.આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે કેન્દ્ર અને રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકાર ધ્વારા તમામ ક્ષેત્રે સર્વાંગિ વિકાસ થયો છે ત્યારે ભાજપ અને ગુજરાતની જનતાએ સાથે મળીને ખરા અર્થમાં ગુજરાતને અગ્રેસર બનાવ્યું છે. ભાજપ સરકાર નગરો અને મહાનગરો વધુ સમૃધ્ધ થાય અને છેવાડાના માનવીને તમામ માળખાકીય અને આંતર માળખાકીય સુવિધાઓ મળે તે દિશામાં સતત પ્રયત્નશીલ છે અને સૌનો સાથ સૌનો વિકાસ સૂત્રને આત્મસાત કરી અંત્યોદયથી સર્વોદયની ભાવના સાથે દરેક ગુજરાતીને અગ્રેસર બનાવવા માટે વિકાસ કાર્યોને વેગવંતા બનાવાયા છે. ત્યારે વોર્ડ-૩માં વિવિધ વિકાસકાર્યોથી લોકોની સુખ-સુવિધામાં વધારો થશે.

આ તકે વોર્ડના મહિલા મોરચા પ્રમુખ હિનાબા ગોહીલ તેમજ હિતુભા રાણા, અજય મજેઠીયા, ડી.બી. ખીમસુરીયા, કાંતીભાઈ, અરજણભાઈ, રાજાભાઈ બારડ, દીપકભાઈ, ધનેશભાઈ, મયુરભાઈ, અજયભાઈ વાડોલીયા, ઘનશ્યામભાઈ, વિલાસબા સોઢા, હીરલબેન, વૈશાલીબા, ભનાભાઈ, કિશોરભાઈ સહિતના આગેવાનો અને સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં રામચરિત માનસના પાઠ ભણાવવામાં આવશે

**હિન્દી વિષયનો સત્ર-૩ માટે ઈન્ડિયન નોલેજ સિસ્ટમ અને સત્ર ૪ માટે વેલ્યૂએડેડ કોર્સ માટે આ નવા કોર્સ લાગુ થશે**

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત ઈન્ડિયન નોલેજ સિસ્ટમ હેઠળ મુખ્ય વિષયો ઉપરાંત ઘણા વૈકલ્પિક વિષયો પણ ભણી રહ્યા છે. એવામાં તાજેતરમાં જ હવે યુનિવર્સિટી દ્વારા હિન્દી વિદ્યાશાખામાં નવા ૭ કોર્સ ઉમેર્યા છે. જેમાં સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ હવે કોલેજમાં તુલસીદાસ કૃત રામચરિત માનસ (અયોધ્યાકાંડ), ગુજરાતના સંત મેકરણ દાદા ને અખા ભગતના પાઠ ભણશે.આ અંગે યુનિવર્સિટીએ પરિપત્ર કર્યો છે જેના જણાવ્યું છે કે, સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર તેમજ ત્યારબાદ તેને આનુસંગિક આવેલ તમામ સુધારા/વધારા



મુજબના ચેરપર્સન હિન્દી વિષયની અભ્યાસ સમિતિ દ્વારા રજૂ કરાયેલ હિન્દી વિષયનો સત્ર-૩ માટે ઈન્ડિયન નોલેજ સિસ્ટમ અને સત્ર ૪ માટે વેલ્યૂએડેડ કોર્સ માટે આ નવા કોર્સ લાગુ થશે. નોન-કાઉન્સિલ હેઠળની તમામ વિદ્યાશાખાઓના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે એકેડેમિક કાઉન્સિલ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની બહાલીની અપેક્ષાએ કુલપતિને મંજૂર કરવા ભલામણ કરી છે.રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં હવે કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ લીડરશીપ, સાયબર સિક્યોરિટી, ફિલ્મ નિર્માણ, બિલ્ડિંગ કન્સ્ટ્રકશન ટેક્નોલોજી, સ્ટ્રેસ મેનેજમેન્ટ, રેડિયો જોકી, વેબ ડિઝાઈન, બ્યૂટિશિયન, મોબાઈલ રિપેરિંગ સહિતના કોર્સમાંથી કોઈપણ વિકલ્પ પસંદ કરીને ભણી શકશે.એનઈપી પ્રમાણે વિદ્યાર્થીઓ હવે મનગમતા વિષયની પસંદગી કરી શકશે અને કોલેજમાં ભણી શકશે.

# મનપાના આઈસીડીએસ વિભાગ દ્વારા સગર્ભાઓને પોષણ અંગે માર્ગદર્શન અપાયું

**સેન્ટ્રલ ઝોન નારાયણ નગરસેજાની ખાતે મહાનગરપાલીકા દ્વારા પોષણ પખવાડીયાની ઉજવણી કરાઈ**

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા સેન્ટ્રલ ઝોન નારાયણ નગરસેજાની ખાતે પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવેલ. તેમાં વોર્ડ નંબર-૧૩ના કોર્પોરેટર અને બાગ બગીચા ઝૂ સમિતિના ચેરમેન સોનલબેન સેલારા તેમજ કોર્પોરેટર જયાબેન ડાંગર અને તેમજ પ્રોગ્રામ ઓફિસર દેસાઈ શારદાબેન તેમજ પૂર્ણા કન્સલટન્ટ જયશ્રીબેન ભાયાણી તથા સુપરવાઈઝર ગીતાબેન ખાનપરાની ઉપસ્થિતિમાં તેમજ ફેમિલી પ્લાનિંગ એસોસિએશનના મહેશભાઈ અને રેવન સ્કૂલના પ્રિન્સિપાલ અને આંગણવાડી કાર્યકર તેમજ હેલ્પર બહેનો દ્વારા ઉજવણી કરવામાં આવેલ.

પ્રોગ્રામ ઓફિસર દ્વારા પ્રથમ સગર્ભાના ૧૦૦૦ દિવસનું મહત્વ સમજાવી અને તેને મળવાપાત્ર



લાભો વિશે સમજાવવામાં આવેલ. તીળ બાળકોની ઓળખ કરી તેને પોષણ અને તેની સારવાર વિશે માર્ગદર્શન આપેલ. સખી સખી મોડ્યુલ તાલીમમાં કિશોરીઓને/ સગર્ભા/તેમજ ધાત્રી માતાને પોષણયુક્ત ખોરાક આપી બાળકનું કિશોરીઓનું જીવન સ્વસ્થ કઈ રીતે બને એ બાબત ખૂબ જ સરળ રીતે માર્ગદર્શન આપેલ. પોષણ પખવાડિયા અંતર્ગત આગંવાડી પર ઉજવણી કરવામાં આવેલ હતી પ્રોગ્રામ ઓફિસર દ્વારા સખી સખી મોડ્યુલ તાલીમમાં કિશોરીઓને વિં વિશે માર્ગદર્શન આપેલ અને સગર્ભા/ધાત્રીઓને પણ ટી.એચ.આર. વિશે સમજણ આપવામાં આવેલ. શાળાએ ન જતી કિશોરીઓને પ્રિન્સિપાલ દ્વારા સમજણ આપવામાં આવેલ હતી અને પૂર્ણા કન્સલટન્ટ દ્વારા સ્વની બચાવ અને સ્વની ઓળખ વિશેની પણ જાણકારી આપેલ અને કુપોષણમાંથી કઈ રીતે બહાર સગર્ભા સ્ત્રીઓ તથા ધાત્રી માતાઓ તથા કિશોરીઓ તથા બાળકોને લાવવા તે વિશે સમજણ પણ આપવામાં આવેલ હતી. સુપરવાઈઝર દ્વારા વાનગી હરીફાઈનું આયોજન કરી અને વિંમાંથી બનતી વાનગીઓ વિશે પૂરતું માર્ગદર્શન આપી પોષણ પખવાડીયાની ઉજવણી કરવામાં આવી હતી.

**સિટી બસ અકસ્માતના મામલે**

# યુવાનોએ શરીરે પાટાપિંડી બાંધીને વિરોધકર્યોઃ ત્રિકોણ બાગથી મનપા કચેરી સુધી રેલી યોજાય

**વિવિધ સામાજિક સંગઠનો રસ્તા પર વિરોધ પર ઉતર્યા,:કાર્યકરોની અટકાયત**

**અબતક, રાજકોટ**

ઈન્દિરા સર્કલ ખાતે ૧૬ એપ્રિલ ને બુધવારે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના પગલે વિપક્ષ છેલ્લા બે દિવસથી ઉગ્ર વિરોધ નોંધાવી રહ્યું છે. આ કડીમાં આજે સામાજિક સંગઠનોનાં યુવાનો પણ મેદાને આવ્યા હતા. તેમને શરીરે પાટાપિંડી કરીને ત્રિકોણ બાગથી મનપા કચેરી સુધી રેલી યોજી અનોખો વિરોધ કર્યો હતો. જોકે મ્યુ કમિશ્નર સમક્ષ રજૂઆત કરવા જતાં પોલીસે મનપા કચેરીથી તમામની અટકાયત કરી હતી.

રાજકોટનાં અલગ-અલગ સામાજિક સંગઠનોની સાથે સંકળાયેલા યુવકો ત્રિકોણ બાગ ખાતે એકઠા થયા હતા. અને વિવિધ બેનરો સાથે શરીરે પાટા બાંધી ત્રિકોણ બાગથી મનપા કચેરી સુધીની પગપાળા રેલી યોજી વિરોધ નોંધાવ્યો હતો. અમારે સ્માર્ટ સિટી નહીં સેફ સિટી જોઈએ છે તેવા નારા લગાવ્યા હતા.મૃતકોના પરિવારજનોને વધુ



તસવીરઃ શૈલેષ વાડોલિયા

સહાય આપવાની પણ માંગ કરવામાં આવી હતી.કોર્પોરેશન કચેરીએ પહોંચ્યા બાદ આ યુવાનોએ પાટાપિંડી બાંધેલી હાલતમાં મનપા કમિશ્નરને રજૂઆત કરવા જવા તૈયારી કરી હતી. જોકે આ માટેની મંજૂરી નહીં હોવાથી પોલીસે તમામ યુવાનોની અટકાયત કરી લીધી હતી. જેને લઈને પ્રજાનો અવાજ દબાવવામાં આવતો હોવાનો આરોપ યુવાનોએ લગાવ્યો હતો

આ તકે કાનાભાઈ કુબાવત નામના શરીરે પાટાપિંડી કરી આવેલા યુવકે જણાવ્યું હતું કે હાલમાં ઈન્દિરા સર્કલ પાસે સિટી બસ અડફેટે ૪ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેને લઈને અમે પાટા બાંધીને વિરોધ કરી રહ્યા છીએ. આ પાટા નથી પણ લોકોની પીડા છે. જેને અમે તંત્ર સામે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. મનપા તંત્રએ બેફામ સ્પીડમાં બસ ચલાવતા ડ્રાઈવરો ઉપર લગામ કસવી જોઈએ. તેમજ આ એજન્સીનો કોન્ટ્રાકટ રદ્દ કરવો જોઈએ. એટલું જ નહીં અકસ્માતનો ભોગ બનનારાઓના પરિવારને યોગ્ય વળતર આપવું જોઈએ. સાથે જ ફરી આવી ઘટના નાં બને તેના માટે બધા જરૂરી પગલાં લેવામાં આવે તેવી અમારી માગ છે.

### વિડીયો કોલમાં છાતીનો ભાગ બતાવી

# ગોંડલમાં વૃદ્ધને હનીટ્રેપમાં ફસાવ્યાની પદમીનીબા વાળા સહીત પાંચ વિરુદ્ધ રાવ

## જો મારૂ આઠ લાખનું દેણું નહિ ભરો તો દવા પી જઈશ તેવી ધમકી આપી પૈસા પડાવવા દબાણ કર્યાનો આક્ષેપ

**અબતક, રાજકોટ**

ગોંડલના જેતપુર રોડ પર ગીતાનગર સોસાયટીમાં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ રમેશભાઈ ત્રિકમભાઈ અમરેલીયાએ ગોંડલ બી ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, આશરે પંદર દીવસ પહેલા હું મારા ઘર પાસે બેઠેલ હતો ત્યારે રાતના આશરે દશ વાગ્યે એક બહેન રીક્ષામા બેસી અમારી પાસે આવી એક ચીઠ્ઠી બતાવેલ હતી. જેમા કુંભારવાડા મામાદેવનુ મંદીર તેવુ સરનામુ લખેલ હતું. જે સરનામા બાબતે પૂછતાં મે તેમને સરનામું બતાવેલ હતું. બાદમાં અજાણી મહિલાએ કહેલ કે, મારે ત્યાં જોવડાવવા જવું છે જેથી મે કહેલ કે,ને કંઈ ખબર નથી. બાદમાં આ મહિલા રિક્ષામાં બેસી જતી રહેલ હતી અને અડધી કલાક બાદ પરત આવી મારી સાથે વાતચીત કરવા લાગેલ હતી અને મારા મોબાઈલ નંબર મેળવેલ હતા. બાદમાં બીજા દિવસે સવાર ફોન કરીને કહ્યું હતું કે, મારા પતિનું અવસાન થઈ ગયું છે, મારા ઘરમાં કંઈ નથી, તમે મારૂ કંઈક જોજો તેમ કહેલ હતું. જેથી મે કહેલ કે, હું આવું કંઈ જોતો નથી. બાદમાં મહિલાએ કહ્યું હતું કે, તમે મને રાત્રે બાર વાગ્યે ફોન કરજો, તમારું ખાસ કામ છે.

બાદમાં રાત્રિના બાર વાગ્યે મહિલાને અનેક ફોન કર્યા હતા પરંતુ તેણે ફોન ઉપાડ્યો ન હતો. બીજા દિવસે રાતના ૧૨:૦૦ વાગે મેં તેમને પાછો વિડીયો કોલ કરતા મને વિડિયો કોલમાં મહિલા કહેવા લાગેલ હતી કે મારા ઘરમાં કંઈ નથી, તમે મારું દેણું ભરી દો નહિતર હું દવા પી જઈશ. જેથી મેં તેમને આશ્વાસન આપેલ તો મહિલાએ મને કહ્યું હતું કે તમે કહો તેમ કરવા હું તૈયાર છું. તમે મારું દેવું ભરી દો, હું તમારી સાથે ગમે તે સંબંધ બાંધવા તૈયાર છું. તેમ વાત કરતા વૃદ્ધે મહિલાને કહ્યું કે, દેખાડ.. તો આ મહિલાએ વિડીયો કોલમાં પોતાનું ટીશર્ટ ઊંચું કરી છાતીનો ભાગ બતાવેલ હતો અને ત્યારબાદ ફોન કાપી નાખેલ હતો. બાદ બીજા દિવસે મેં વોટ્સઅપમાં કોલ કરતા મહિલાએ એવું કહ્યું હતું કે, ઘર આવીને પાટ માંડવા સહીતની આડી અવળી વાતો કરી હતી.

જે બાદ ગત તા. ૧૬-૪-૨૦૨૫ ના રોજ રાત્રે આશરે ૮:૩૦ વાગ્યે મારા મોબાઈલ નંબર ઉપર બે અલગ અલગ નંબર પરથી ફોન આવેલ કે, તમે રાજકોટ ઓફિસે આવો તેજલબેન બાબતે મારે તમને પ્રશ્ન પૂછવા છે. જે બાદ ફરીવાર ફોન આવતા મે રાજકોટ ખાતે રહેતા ભત્રીજા પ્રકાશ પાસે જઈને તમામ બાબતની વાત કરી હતી. જે બાદ બપોરે ઘરે હતો ત્યારે અઢી વાગે મારા ઘરનો દરવાજો ખખડતા મે દરવાજો ખોલતા જોયું તો મારા ઘર બહાર બે છોકરા ઉભા હતા. તેણે મને પૂછેલ કે રમેશભાઈ કોણ છે? હું જ છું કહેતા આ છોકરાઓએ આગળ આવો તમારું કામ છે કહી આગળના ચોકમાં લઈ જતાં ત્યાં એક નંબર પ્લેટ વગરની વરના કાર ઉભેલ હતી. જેમાં પદમીનીબા વાળા અને વિડીયો કોલમ વાત કરનારી મહિલા તેમજ એક અજાણ્યો શખ્સ હાજર હતા.

ત્યારબાદ પદમીનીબાને વાત કરવી છે, બેઠકબિ વ્યવસ્થા કરો તેમ અજાણ્યા શખ્સોંએ કહ્યું હતું અને ત્યારબાદ પાંચેય શખ્સોં અમારા ઘરમાં ઘુસી ગયા હતા અને મારી પર ખોટા આક્ષેપ કરતા તમારે આવડી દીકરી સાથે આવું કેમ કરાય? કહી પદમીનીબા જોરજોરથી રાડો પાડવાં લાગેલ હતા. બાદમાં પદમીનીબાએ કહ્યું હતું કે, તને રોડ વચ્ચે નગ્ન કરીને મારીશ, હર્ષ સંઘવીને કહીને તારું મકાન પાડી નાખીશ તેવી ધમકીઓ આપવા લાગેલ હતા. દરમિયાન મારા મિત્ર વનરાજભાઈને ફોન કરતા તેઓ પણ આવી ગયા હતા અને આ લોકો અમારી સાથે વાત કરતા હતા. ત્યારે પદમીનીબાએ રાજકોટ ખાતે તેમની ઓફિસે આવી માફીપત્ર લખી, વિડીયો બનાવી સેટલમેન્ટ કરવા જણાવ્યું હતું. વધુમાં વિડીયો કોલમાં વાત કરનારી મહિલાએ કહ્યું હતું કે, તમે કંઈક નિર્ણય કરો, મારૂ સાત-આઠ લાખનું દેણું ભરો. તેમજ મહિલાએ પોતાના પર્સમાંથી દવાની સીસી કાઢી, હું દવા પી જઈશ કહી ધમકી આપેલ હતી.

ઉપરાંત પદમીનીબા સાથે આવેલ ત્રણેય અજાણ્યા શખ્સોં જેમાં પદમીનીબાંનો પુત્ર, શ્યામ અને હિરેન ધમકાવવા લાગેલ હતા. મે કાયદેસર કરી નાખવાનું કહેતા પાંચેય શખ્સોએ આશરે ત્રણ કલાક સુધી અમારી સાથે માથાકૂટ કરી હતી અને માફિનો વિડીયો બનાવવા અને તેમની રાજકોટના મવડી વિસ્તારમાં આવેલી ઓફિસ ખાતે આવવા દબાણ શરૂ કર્યું હતું. જે બાદ વૃદ્ધ અલગ કારમાં તેમના પુત્ર અને મિત્ર સાથે રાજકોટ જવા રવાના પણ થયાં પરંતુ ત્યારબાદ પરત ગોંડલ આવી ગયા હતા અને બાદમાં બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### પૈસાની કોઈ માંગણી કરી નથી, હવે લડી લેવાની તૈયારી : પદમીનીબા વાળા



મામલામાં પદ્મિનીબા વાળાએ એક વિડીયો મારફત નિવેદન આપ્યું છે કે, અમે સમગ્ર મામલામાં સમાધાન કરાવવા માટે ગયા હતા. પીડિત બહેને અમને આ ભુવા રમેશભાઈ અંગે જણાવ્યું હતું કે તેઓ પોતાનું જોવડાવવા ગયા હતા દરમ્યાન રમેશભાઈ એ આ પ્રકારનું કૃત્ય આચર્યું હતું. જેથી અમે બંને પક્ષે સાંભળવા રમેશભાઈના ઘરે ગયા હતા. જ્યાં તેઓ રોવા લાગ્યા હતા અને માફી પણ માગી હતી. ત્યારે અમે માફી પત્રક લખવાનું કહ્યું હતું પરંતુ તેમણે લખ્યું ન હતું. બાદમાં તેમણે અમારા વિરુદ્ધ ફરિયાદ કરી હતી. જેમાં મારા પુત્રનું પણ નામ લખાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે અમે કોઈ જાતની મારકુટ કરી નથી. ઉપરાંત પૈસાની પણ કોઈ જાતની માંગણી કરી નથી, જો તેમની પાસે કોઈ પણ પુરાવો હોય તો મીડિયા સમક્ષ જાહેર કરે. વધુમાં તેમણે કહ્યું હતું કે આ પ્રકરણમાં બીજા તત્વો કામ કરી રહ્યા છે જેથી હવે અમારી લડી લેવાની પૂરેપૂરી તૈયારી છે.

# ટ્રકના ચોર ખાનામાં છુપાવેલો રૂ.૨.૯૦ લાખનો વિદેશી દારૂ પકડાયો

## પી સી બી એ દરોડો પાડી રાણાવાવ ના શખ્સને ઝડપી લઈ ૮.૯૦ લાખનો મુદ્દામાલ કબજે, ગુલાબ નગરના મહાવીરસિંહ પરમારની શોધખોળ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના જુના માર્કેટિંગ યાર્ડ થી આજીડેમ ચોકડી વચ્ચે આવેલા હાઉસિંગ બોર્ડના ક્વોટર સામેના ભાગે સર્વિસ રોડ પર ટ્રકના ચોરખાનુ બનાવી અને છુપાવેલો રૂપિયા ૨.૯૦ લાખની કિંમતનો ૧૦૯૫ બોટલ વિદેશી દારૂ સાથે પોરબંદરના મુરુ ભુતિયા નામના શખ્સની ધરપકડ કરી અને રાજકોટના સહકાર નગર સોસાયટી વિસ્તારમાં આવેલ ગુલાબનગર નો મહાવીરસિંહ પરમાર નામના બુટલેગરની શોધખોળ હાથ ધરી છે. વધુ વિગત મુજબ રાજકોટ શહેરમાં બુટલેગર વિદેશી દારૂ ધૂસાડવાની ફિરાકમા હોવાની પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાને મળેલી માહિતીના આધારે



રાજકોટ શહેરના તમામ પોલીસ મથક અને તમામ બ્રાન્ચોને શહેરના પ્રવેશતા તમામ એન્ટ્રી પોઈન્ટ પર તેમજ શહેરમાં ચેકિંગ અને પેટ્રોલિંગ હાથ ધરવા આપેલી સૂચનાને પગલે પીસીબીના પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ એમ જે હુંસહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે પોરબંદરના જિલ્લાના રાણાવાવ ગ્રીન સિટી ટુ માં રહેતો મુરુ બાઠા ભુતિયા નામનો શખ્સ અમદાવાદ તરફથી જીજે ૩ બીટી ૧૪ ૧૨ નંબરના ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને આવી રહ્યો તરફથી આવી રહ્યો હોવાની કેએસઆઈ મહિપાલસિંહ એટ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહ હરદેવસિંહ ને મળેલી બાતમીના આધારે એએસઆઇ મયુરભાઈ સંતોષભાઈ મોરી અને એડ કોન્સ્ટેબલ કિરણસિંહ કરણભાઈ મારુ વિરેન્દ્રસિંહ ઝાલા જાડેજા અને હરદેવસિંહ રાણા કુલદીપ સિંહ જાડેજા સહિતના સ્ટાફે ગ્રીનલેન્ડ ચોકડી થી ગોંડલ રોડ ચોકડી તરફ તથા માર્કેટિંગ યાર્ડ ના ફુલ પાસે વોચ ગોઠવી હતી ત્યારે ઉપરોક્ત નંબર ના આવતા ટ્રકને અટકાવી તલાસી લેતા જેમાંથી ટ્રકમાં બનાવેલા ચોર ખાનામાં છુપાવેલો રૂપિયા ૨.૯૦ લાખની કિંમતના ૧૦૯૫ બોટલ વિદેશી દારૂ સાથે ટ્રકના ચાલક રાણાવાવ નો મુરુ ભૂતિયાની ધરપકડ કરી પોલીસે દારૂ અને વાહન મળી ૮.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ઝડપાયેલા મુરુ ભુતીયા ની પ્રાથમિક પૂછપરછ માં આ દારૂનો જથ્થો સહકાર સોસાયટી વિસ્તારમાં આવેલા ગુલાબ નગરમાં રહેતો મહાવીરસિંહ પરમાર નામના શખ્સે મંગાવ્યાનું ખુલતા તેની શોધખોળ હાથ ધરી છે.

# મંગળા રોડ અને રેલનગરમાં સટ્ટો રમતા ત્રણ પંટર પકડાયા

## આઈડી આપનાર જસદણના શખ્સનું નામ ખુલતા શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરના રેલ નગર વિસ્તારમાં ક્રિકેટ મેચ સત્તો રમતા એક શખ્સને અને મંગળા રોડ પર સટ્ટો રમતા બે શખ્સોને શહેર પોલીસે ઝડપી લીધા છે. જ્યારે જસદણના શખ્સની શોધ ખોળ હાથ કરી છે.

હાલમાં આઈ પી એલ ક્રિકેટ મેચની સીઝન ચાલી રહી છે ત્યારે, ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા અને રમાડનારા મેદાનમાં ઉતરી ગયા છે. સામે પોલીસ તંત્ર પણ સક્રિય બની સત્તો રમતા શખ્સો પર વોચ ગોઠવી છે. જેમાં એ ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, મંગળા રોડ પર આવેલી પ્રગતિ હોસ્પિટલ પાસે બે શખ્સો ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહ્યા છે.

એ ડિવિઝન પોલીસની ટીમ તાત્કાલિક માહિતી મળેલી જગ્યાએ પહોંચી બાતમી મળેલા શખ્સો પાસેથી તેઓના મોબાઈલ લઈ ચેક કરતા, બંને શખ્સો હાલમાં ચાલી રહેલા બેંગ્લોર પંજાબ વચ્ચે ચાલી રહેલા ક્રિકેટ મેચ પર સટ્ટો રમી, કાગળમાં સાંકેતિક ભાષામાં લખેલી ચિઠ્ઠી અને મોબાઈલ કબ્જે કરી, વિરાણી ચોક પાસે આવેલા આર કે પેલેસમાં રહેતા પાર્થ જગદીશભાઈ બોરસમિયા અને પ્રદીપ જીવરાજભાઈ લાડોલા નામના શખ્સોને એ ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કે વી બોરીચા અને વિજયભાઈ મકવાણા એ ઝડપી લીધા છે. પોલીસે ઝડપાયેલા શખ્સોની પૂછપરછ કરતા તેઓ જસદણમાં રહેતો અશોક બાવળીયા પાસે કપાત કરાવતા હોવાની કબુલાત આપી હતી. પોલીસે અશોક વિરુદ્ધનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

જ્યારે પ્ર. નગર પોલીસે રેલ નગરમાં આવેલા સાધુવાસવાણી કુંજ રોડ પર આવેલી રાધિકા ડેરી પાસેથી, હાલમાં ચાલતા રોયલ ચેલેન્જર બેંગ્લોર અને પંજાબ કિંગ્સ વચ્ચે ચાલતા ક્રિકેટ મેચ પર મોબાઈલમાં સટ્ટો રમતો, રેલ નગરમાં આવેલી સૂર્ય પાર્ક સોસાયટીમાં'હિંગરાજ કૃપા' નામના મકાનમાં રહેતો અતુલ દિલીપભાઈ પંચાસરા નામના શખ્સને પ્ર. નગર પોલીસ ની ટીમ ઝડપી લીધો છે.

# આનંદનગર કોલોનીમાં બીમારીથી કંટાળી સેલફોસ પાવડર પી લેતા મહિલાનું મોત

## સાધુ વાસવાણી રોડ પર રહેતા નેપાળી રસોયાનો ગળા પર છરી ફેરવી આપઘાતનો પ્રયાસ

**અબતક,રાજકોટ**

શહેરના ભક્તિનગર પોલીસ મથકની હદમાં આવેલ આનંદ નગર કોલોની પાર્ક ગાયત્રી મંદિર પાસે રહેતા શ્રમજીવી પરિવારની મહિલાએ ગઈકાલે બપોરે સેલફોસ પાવડર પી લેતા સિવિલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

આ અંગે પારિવારિક સૂત્રો માંથી મળતી વીગત મુજબ નીલકંઠ સિનેમા પાસે રહેતા અને કડિયા કામ કરતા ભરતભાઈ ભટ્ટી ના પત્ની બબીતાબેન ઉં,વ(૫૨) ના પતિ અને પુત્ર પિયુષભાઈ રાબેતા મુજબ કામે ગયા હતા તે દરમિયાન બપોરના સમયે બબીતા બેને ઘરનો દરવાજો અંદરથી બંધ કરી સેલફોસનો પાવડર પી લીધો હતો, પતિ અને પુત્ર બપોરે જમવા અને ટિફિન લેવા આવ્યા ત્યારે દરવાજો અંદરથી બંધ હોવાથી કંઈક''અજુગત''થયાનું લાગતા દરવાજો ખોલાવતા બબીતાબેન અંદરથી અર્ધ બેભાન હાલતમાં દરવાજો ખોલી ઉમરા પર જ ફસડાઈ પડ્યા હતા, તાત્કાલિક બબીતા બેનને દવાખાને લઈ જવાયા હતા, સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું, અપઘાત ના કારણોમાં પારિવારિક સૂત્રોએ જણાવ્યું હતું કે બબીતાબેન છેલ્લા કેટલાક સમયથી માનસિક અને થાઈરોડ જેવી બીમારીથી પીડાતા હોય અને બીમારી સબબ આ પગલું ભરી લીધું હોવાનું જણાવ્યું હતું દીકરા ,દીકરી રૂપે સંતાન સુખ ધરાવતા બબીતાબેન સાસુ સસરા થી અલગ રહેતા હતા આ અંગે ભક્તિનગર પોલીસે તપાસ હાથ ધરી છે

ઉનાળાની આકરી ગરમી મગજે ચડતી હોય તેમ નજીવી બાબતે મારામારી અને આપઘાતના પ્રયાસોના બનાવો વધી રહ્યા છે, સાધુ વાસવાણી રોડ પર ભાડાના મકાનમાં રહેતા અને ફાસ્ટ ફૂડની દુકાનમાં રસોઈયા તરીકે નોકરી કરતા રામ બહાદુરસિંહ ચંદ્રસિંહ નેપાળી''૪૫''એ પોતાના હાથે જ છરીનો ઘા ઝીંકી દેતા લોહી લુહાણ હાલતમાં સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો, ત્યાં સમયસરની સારવારથી તેને ભયમુક્ત જાહેર કરાયો હતો,

રામ બહાદુર સાધુ વાસવાણી રોડ પર એક પુત્ર અને ચાર પુત્રીઓ, પત્ની સાથેના પરિવાર સાથે રહે છે બે દિવસ પહેલા નેપાલ થી પિતાનું શ્રાદ્ધ કરીને આવ્યો હતો અને વતનથી આવ્યા પછી ગમગીન રહેતો હોય વહેલી સવારે બધા સૂતા હતા ત્યારે તેણે પોતાના હાથે જ ગળા પર છરીનો ઘા જીકી લેતા અવાજ આવતા પરિવાર જાગી ગયો હતો અને સગપણમાં સાળા તિલકભાઈ અને પરિવારજનોએ લોહી નીકળતી હાલતમાં દવાખાને ખસેડ્યો હતો ત્યાં સમયસર ની સારવારથી રામ બહાદુર નો જીવ બચી ગયો હતો

# માતા પુત્રીનું ભરણપોષણ મંજૂર કરતી અદાલત

## સગર્ભાનો ત્યાગ કર્યા બાદ પરણીતાએ પુત્રીને જન્મ આપતા જીવન નિર્વાહ ચલાવવા માટે ભરણપોષણની માંગ કરી હતી

**અબતક ,રાજકોટ**

પડધરી તાલુકાના ન્યારા ગામે માવતરના ઘરે રિસામણે રહેલી પરણીતાએ પોતાનુ અને સગીર સંતાનના જીવન નિર્વાહ ચલાવવા માટે રાજકોટની અદાલતમાં કરેલી ભરણ પોષણની અરજી મંજૂર કરી પતિએ માસિક રૂપિયા ૯૦૦૦ ચૂકવવા ફેમિલી કોર્ટે હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના ૮૦ ફુટ રોડ નજીક કોઠારીયા કોલોનીમાં રહેતા કલ્પેશ જગદીશભાઈ ભટ્ટી નામના યુવાનાના પડધરી તાલુકાના ન્યારા ગામની સરોજબેન નામની યુવતી સાથે તારીખ ૧/ ૨ /૨૦ ના રોજ લગ્ન થયા હતા



એડવોકેટ અમિત ગડારા

બાદ પરણીતાને સાસરીયા દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપતા પરણીતા પોતાના માવતર ના ઘરેથી બાદ બંને પરિવારજનો દ્વારા સમાધાન કરવા છતાં સામેવાળા માં વાણી, વર્તન અને વ્યવહારમાં કોઈ ફેર ન પડતા અંતે પરણીતાને સગર્ભા અવસ્થામાં પોતાના પિયર ચાલી ગઈ હતી.

આ સમય દરમિયાન અરજદાર પરણીતાનો પતિ દ્વારા કોઈ સાર સંભાર ન લેતા અંતે પરણીતાએ પોતાની જીવન નિર્વાહ માટે ભરણપોષણની માંગ કરતી અદાલતમાં અરજી કરી હતી. બાદ પરણીતાને સંતાનમાં પુત્રીનો જન્મ થતા ભરણપોષણના કેસ દરમિયાન માસુમ પુત્રીના જીવન નિર્વાહ માટે માંગ કરી હતી. બાદ બંને પક્ષકારો પુરાવો વિગતવાર લેવામાં આવેલો હતો અને કેસ દલીલ પર આવતા જેમાં પરણીતાના એડવોકેટ અમિત ગડારા દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ અને દસ્તાવેજીત પુરાવા તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને ફેમિલી કોર્ટે અરજીની તારીખથી પરીણીતાને માસિક ૬૦૦૦ તથા સગીર સંતાન અને ૩૦૦૦ મળી કુલ ૯૦૦૦ પતિએ ચૂકવવા હુકમ કર્યો છે જો તરત પોષણની રકમ ૪.૩૨ લાખ એક માસમા અરજદારને ચૂકવી આપવા અને અરજી ખર્ચ અલગથી ચૂકવી આપવાનો હુકમ કર્યો છે. અરજદાર સરોજબેન ભટ્ટી વતી રાજકોટ ફેમિલી કોર્ટના લીગલ એઈડ પેનલ એડવોકેટ અમિત ગડારાએ કેસની કાર્યવાહી ચલાવી હતી.


# યુનિ. પોલીસ સ્ટેશનના મહિલા કોન્સ્ટેબલની જામીન અરજી મંજૂર

## ગુમ થયેલો મોબાઈલ ફોન ફરિયાદીને પરત સોંપવા ત્રણ માસ પહેલા રૂ.૨૦૦૦ની લાંચ લેતા ઝડપાયેલા તા

**અબતક,રાજકોટ**

શહેરના ગુમ થયેલો મોબાઈલ ફોન ફરિયાદીને પરત સોંપવા ત્રણ માસ પહેલા રૂ.૨૦૦૦ની લાંચ લેતા ઝડપાયેલા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના મહિલા કોન્સ્ટેબલની જામીન અરજી સ્પે. કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.આ કેસની હકીકત મુજબ રાજકોટમાં રહેતા યોગેશ રાજેશભાઈ મકવાણાનો મોબાઈલ ફોન રૈયા ગામ બસ સ્ટેન્ડ આસપાસ ખોવાઈ ગયો હતો. દરમિયાન પોલીસ સ્ટેશન દ્વારા ફોનથી મોબાઈલ ફોન મળી ગયો હોવાની અને બિલ સાથે આવી રૂબરૂ લઈ જવાનું જણાવાતા યોગેશ મકવાણાએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં સંબંધિત કર્મચારી મહિલા કોન્સ્ટેબલ અનિતાબેનને મળ્યા હતા.

તેમણે જરૂરી ફોર્મ ભરાવ્યા બાદ ''ફોન પાછો જોઈતો હોય તો મારી સાથે રૂ.૨૦૦૦ નો વહીવટ કરવો પડશે'' તેમ કહેતા યોગેશ



એડવોકેટ ભગીરથસિંહ ડોડીયા

મકવાણાએ રકમની વ્યવસ્થા કરી મોબાઈલ ફોન લઈ જઈશ, ત્યારબાદ યોગેશ મકવાણાએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં યોગેશભાઈ અને તેના મિત્ર ભાવેશભાઈ રાઠોડે રૂ.૧૫૦૦ આપવાનું નક્કી કરતી વાતચીતનું મોબાઈલ ફોનમાં રેકોર્ડિંગ કરી લઈ મહિલા કોન્સ્ટેબલ વિરુદ્ધ એસીબીમાં ઓડિયો રેકોર્ડિંગ સાથે ફરિયાદ નોંધાવી હતી. જેથી એસીબીની ટીમ દ્વારા ગોઠવાયેલી ટ્રેપમાં મહિલા કોન્સ્ટેબલ અનિતાબેન ઈશ્વરભાઈ વાઘેલા ઝડપાઈ જતા તેની ધરપકડ કરી હતી. ચાર્જશીટ દાખલ થતા આરોપી મહિલા કોન્સ્ટેબલ અનિતાબેન વાઘેલાએ સેશન્સ કોર્ટમાં કરેલી રેગ્યુલર જામીન અરજી રદ થતા તેણે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જે અરજી ચાલવા ઉપર આવતા આરોપી વતી બચાવ લેવામાં આવ્યો હતો કે ફરીયાદ મુજબ આરોપીએ કોઈ જાતની રકમની માંગણી કરી ન હતી. રજૂઆતો દલીલો ધ્યાને લઇ હાઈકોર્ટ દ્વારા મહિલા કોન્સ્ટેબલ અનિતાબેન વાઘેલાની જામીન અરજી મંજુર કરતો હુકમ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટમાં વિશાલ આણંદજીવાલા, રાજકોટના એડવોકેટ ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી અને સાગરસિંહ પરમાર રોકાયા હતા.

# રાજકોટના પાદરમાં યમના ધામા, કાર બાઈક અને બે બાઈકોની ટક્કરમાં બે જીવનદીપ બૂજાયા

## ગઢકા નજીક આધેડનો અને બજરંગવાડીમાં મહિલાનું મોત

**અબતક, રાજકોટ**

રાજકોટ પંથકમાં યમના ધામા હોય તેમ સીટી બસ હડફેટે ચાર મૃત્યુની ઘટનાના આંસુ હજુ સુકાયા નથી ત્યાં રાજકોટ શહેરના અલગ અલગ બે અકસ્માતોમાં વધુ બે જીવનદીપ બૂજાયાના બનાવો નોંધાયા છે..

શહેરના આજીડેમ પોલીસ સ્ટેશન ની હદમાં આવેલ ગઢકા ગામ જતા રોડ પર યુનિવર્સિટી નજીક ૧૮/૪ ના રોજ સવારે ૮/ ૩૦ ના સુમારે શૈલેષભાઈ હરજીવનભાઈ પઢારીયા ૪૩ બાઈક સ્પ્લેન્ડર જી જે ૩એચ કે ઈ ૦૦૧૬ લઈને જતા હતા ત્યારે સામેથી આવેલી મોટર નંબર જી જે ૦૩એચ આર ૩૧૦૩ એ જોરદાર ઠક્કર મારતા શૈલેષભાઈ પઢાંરિયા ને હાથના બાવળા જમણા પગ, સાથેના હાડકા ભાગી ગયા હતા અને ગંભીર ઈજાના કારણે ભજીયા હે ભગવાનના ભાઈ ભાવિનભાઈ હરજીવનભાઈ એ મોટર ચાલક ફરિયાદ નોંધાવતા પી.એસ.આઇ પી એચ પઢેરીયા એ તપાસ હાથ ધરી છે જીવ લેણ અકસ્માતના અન્ય બનાવમાં ગાંધીગ્રામપોલીસ મથકની હદમાં આવેલ જામનગર રોડ ઘંટેશ્વર પરેઠા હાઉસ થી આગળ ગંગા જમના એપાર્ટમેન્ટ સામે તારીખ ૧૮/૪ બપોરે ૧૨/ ૩૦વાગે બાઈક નંબર જીજે ૧૦ડી કયું ૬૮૯૭ ને ટ્રક નંબર નજીજે ૩ એ ટી ૨૨૯૦ લેતા મોટરસાયકલ પાછળ બેઠેલ દિશાબેન નું ગંભીર ઈધર ના કારણે સારવાર મળે તે પહેલા જ મૃત્યુ થયું હતું આ અંગે મરનારના બહેન નિરાલીબેન ડોટર ઓફ નિલેશભાઈ ટાંક એ અકસ્માત સર્જી ભાગી ગયેલા ટ્રક ચાલક ફરિયાદ નોંધાવતા પીએસઆઇ એસબીજાડેજાએ તપાસ હાથ ધરી છે.


### તાલુકા પંચાયત કચેરી વઢવાણ

**જર્જરીત તાલુકા પંચાયત કચેરીનું જુનુ બિલ્ડિંગ તોડી પાડવાની હરાજી બાબત**

વઢવાણ તાલુકા પંચાયત કચેરીના કેમ્પસમાં આવેલ જુની જર્જરીત તાલુકા પંચાયત કચેરી તોડી પાડવા તેમજ સંલગ્ન કાટમાળ ઉતારી લઈ જમીન સમતળ કરી આપવાની જાહેર હરાજી તારીખ ૦૨/૦૫/૨૦૨૫ ને શુક્રવાર સવારે ૧૧.૩૦ કલાકે રાખેલ છે. હરાજીના નિયમો તથા શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે તેમજ તેમાં ફેરફારની આખરી સત્તા વઢવાણ તાલુકા પંચાયત કચેરીની રહેશે. હરાજીમાં ભાગ લેનારે રૂ.૨૦૦૦/-ડિપોઝિટ પેટે જમા કરાવવાના રહેશે તેમજ અસલ ફોટા ઓળખકાર્ડ તથા ઝેરોક્ષ સાથે લાવવાના રહેશે.

**સરનામું:-** વઢવાણ તાલુકા પંચાયત કચેરી સરકારી દવાખાનાની પાછળ તા-વઢવાણ જિ. સુરેન્દ્રનગર.

મોબાઈલ નં. અશ્વિનભાઈ નાકીયા(મદ.તા.વિ. અધિ) ૯૯૨૫૮ ૮૫૮૬૦

વઢવાણ તાલુકા પંચાયત કચેરી

તાલુકા વિકાસ અધિકારી
વઢવાણ



### પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ સેન્ટ્રલ ⇌ રાજકોટ વચ્ચે સુપરફાસ્ટ તેજસ વિશેષ ટ્રેન દોડાવવામાં આવશે

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૦૦૫ | મુંબઈ સેન્ટ્રલ – રાજકોટ (ત્રિ-સાપ્તાહિક વિશેષ) | ૨૧.૦૪.૨૦૨૫ થી ૨૮.૦૫.૨૦૨૫ | ૨૩:૨૦ કલાકે (સોમ, બુધ અને શુક્ર) | ૧૧:૪૫ કલાકે (પછીના દિવસે) |
| ૦૯૦૦૬ | રાજકોટ – મુંબઈ સેન્ટ્રલ (ત્રિ-સાપ્તાહિક વિશેષ) | ૨૨.૦૪.૨૦૨૫ થી ૨૯.૦૫.૨૦૨૫ | ૧૮:૩૦ કલાકે (મંગળ, ગુરૂ અને શનિ) | ૦૭:૩૦ કલાકે (પછીના દિવસે) |

વિરામોઃ બોરીવલી, વાપી, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર અને વાંકાનેર સ્ટેશનો બંને દિશાઓમાં.

રચનાઃ પ્રથમ એસી, એસી ૨-ટાયર અને એસી ૩-ટાયર કોચ.

સમય, વિરામો અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૯૦૦૫ અને ૦૯૦૦૬ માટે બુકિંગ ૧૯.૦૪.૨૫થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ આઈડી પ્રૂફ સાથે રાખો

તંત્રી લેખ

# ઈલેક્ટ્રીક વાહનોના વેચાણને પ્રોત્સાહન: પર્યાવરણના રખોપાં માટે રાજ્ય સરકારની આવકારદાયી પહેલ

ભારત આર્થિક મહાસત્તા બનવા તરફ આગળ ધપી રહ્યું છે, અર્થતંત્રને પાંચ ટ્રીલીયન અમેરિકન ડોલરનું કદ આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, તેના માટે ટેકનોલોજી, કૃષિ, ઉદ્યોગ ની સાથે સાથે પેટ્રોલિયમ પેદાશોની મબલખ આયાતથી વિદેશ જતા હૂંડિયામણનો બચાવ જરૂરી છે, વિકાસ માટે વાહન અને ઉર્જા નો ઉપયોગ અનિવાર્ય છે ત્યારે વૈકલ્પિક ઉર્જા સ્રોતના વિકાસ અને ઉપયોગ થકી જ પેટ્રોલ ડીઝલનો વપરાશ ઘટાડી શકાય, પેટ્રોલ ડીઝલના વૈકલ્પિક ઉર્જા તરીકે પુનઃપ્રાપ્ય ઉર્જા નો માર્ગ અપનાવવો જરૂરી બન્યો છે, ત્યારે સૌર ઉર્જા ની સાથે સાથે પવન ઊર્જાના વિકાસ માટે દેશમાં હવે ખૂબ જ પ્રયત્નો અને પરિણામો મેળવી રહ્યા છે, પેટ્રોલ ડીઝલનો સૌથી વધુ વપરાશ વાહન સંચાલનમાં થાય છે, ત્યારે ઈલેક્ટ્રોનિક વાહનોનો ઉપયોગ જેમ બને તેમ વધુ થાય તે સમયની માંગ છે .ત્યારે ગુજરાત સરકારે પર્યાવરણને સ્વચ્છ રાખવાના ઉદેશથી ઈલેક્ટ્રોનિક વાહનો ખરીદનારાઓ માટે ખાસ પ્રોત્સાહન યોજનાઓ બનાવવાનું જે સુતત્ય નિર્ણય લીધો છે તે ગુજરાતના પગલે સમગ્ર દેશના અન્ય રાજ્યો માટે પણ પ્રેરક બનશે તેમાં બે મત નથી,

ગુજરાત સરકારે ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીમાં ઈલેક્ટ્રોનિક વાહનોની ખરીદી પર ટેક્સમાં પાંચ ટકાનો ઘટાડો કર્યો છે રાજ્યમાં ઈલેક્ટ્રીક વાહનોના વેચાણ વધારવાના ઉદેશથી આ નવી પહેલ રાજ્યના બજેટમાં જાહેર કરવામાં આવી હતી, અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેનો ગઈકાલથી અમલ શરૂ થઈ ગયો છે ઈલેક્ટ્રીક વાહન ખરીદનારને વાહન ટેકસ તરીકે ફકત૧% નો ટેક્સ જ ચૂકવવો પડશે જેનાથી ગ્રાહકોને ઈલેક્ટ્રીક વાહનની ખરીદીમાં કિંમતમાં ખૂબ જ ફાયદો થશે આમ અન્ય ઈંધણ થી સંચાલિત વાહનોના બદલે લોકો કરકસર ,બચત અને પર્યાવરણ ના જતનના ઉદેશ્યથી ઈલેક્ટ્રીક વાહનો ખરીદતા થશે.

ગુજરાતનો કૃષિ વિકાસ, ઔદ્યોગિક વિકાસ, આર્થિક વિકાસ દેશના અર્થતંત્ર પર સીધી અસર કરનાર બની રહે છે, ત્યારે ગુજરાતમાં ઈલેક્ટ્રોનિક વાહનોની ખરીદી પર સરકારની પ્રોત્સાહનની નીતિ દેશના અર્થતંત્રમાટે પ્રેરક બનશે ગુજરાતની આ પહેલ સમગ્ર દેશના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે આવકારદાયી બને અને જો દેશના તમામ રાજ્યોમાં ઈલેક્ટ્રોનિક વાહનોની ખરીદીને પ્રોત્સાહન આપવામાં આવે તો પેટ્રોલ ડીઝલ નો વપરાશ અને તેની આયાતથી અર્થતંત્ર પર આવતો બોજ અટકાવી શકાય ઈલેક્ટ્રોનિક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવાની ગુજરાતની આ પહેલ આવનાર સમયને ઓળખીને લેવાયેલું પગલું ગણાશે

# મોઢ વણીક સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન

## ઈચ્છુક યુવક-યુવતીઓ ૩૦મી સુધી ફોર્મ ભરી શકશે



**અબતક, રાજકોટ**

ઓલ ઈન્ડીયા મોઢ વણિક સમાજ - મુંબઈ તથા શ્રી મોઢ સેવા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, ડોમ્બીવલી દ્વારા સંયુક્ત જીવન સાથી પરિચય સમારોહનું ૧ લી જુને મુંબઈ ખાતે આયોજન કરાયું છે. સતત ૨૪ પરિચય મેળા પુર્ણ કરી, ૨૫ માં સમગ્ર વૈષ્ણવ વણિક સમાજ માટે જીવન સાથી પરિચય મેળાનું આયોજન સીલ્વર જુબેલી વર્ષની ઉજવણી. ૩૦ એપ્રિલ પહેલા ફોર્મ ભરી દેવા સંસ્થાએ અનુરોધ કરેલ છે.

૨૦૦૦ થી વધારે બાયોડેટાની બુકલેટ બનવાની ધારણા, જેની ટોકન કિંમત ફકત રૂા. ૫૦૦ રહેશ,

ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજ મુંબઈ તથા શ્રી મોઢ સેવા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, ડોમ્બીવલી દ્વારા સંયુકત ઉપક્રમે મુંબઈ ખાતે ૨૪ સફળ જીવનસાથી પરિચય સમારોહ પુર્ણ કર્યા બાદ ૨૫ મો સીલ્વર જયુબેલી પર ની ઉજવણીના ભાગરૂપે સવિશેષ રૂપે આયોજન કરવામાં આવેલ છે.તા. ૧-૬-૨૫ રવિવારે બપોરે ૨ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી આયોજન સ્થળ જવેરબેન પોપટલાલ એ.સી. સભાગૃહ (ઓડીટોરીયમ) શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા- ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈ)- ૪૦૦૦૭૭, મુંબઈ, આ આયોજનમાં ૪૦૦ કેન્ડીડેટને જ પ્રવેશ આપવાનો હોય વહેલા તે પહેલાના ધોરણે ઓનલાઈન ગુગલ ફોર્મના માધ્યમથી ફોર્મ ભરીને એન્ટ્રી ગુગલ વેબસાઈટ : https://forms.gle/TwTxVE3iCgS9XV628 પર કરી શકશે.

ઉપરોકત આયોજનનું બનાવવા ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજ, મુંબઈના પ્રમુખ યોગેશભાઈ શાહ, ઉપપ્રમુખ અશ્વિનભાઈ પટેલ, તથા તેમની પુરી કારોબારી મોઢ સેવા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ નવીનભાઈ ગાંધી તથા તેની પુરી કારોબારી સેવા આપી રહી છે. વિશેષ માહિતી માટે યોગેશભાઈ શાહ, મો.૯૮૨૦૨ ૬૨૯૭૨ ઉપર કોન્ટેકટ કરે તેમ સંસ્થા પ્રમુખ અશ્વિનભાઈ પટેલની યાદીમાં જણાવાયું છે.

# ભગિની સેવા ફાઉન્ડેશનની બહેનોએ કર્યુ હેરિટેજ વોક



**અબતક, રાજકોટ**

ભગિની સેવા ફાઉન્ડેશન દ્વારા અને રાણી કાદમ્બરીદેવી જાડેજાના નેજા હેઠળ હેરીટેજ વોકનું આયોજન નિયમિત રીતે મહિનામાં એક દિવસ

છેલ્લાં ૧૫ વર્ષ થી કરવામાં આવે છે. રાજકોટ ની શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજો, સંસ્થાઓ માટે હેરીટેજ વોકનું આયોજન લોકોમાં આપણાં સાંસ્કૃતિક વારસાઓ માટે હેરીટેજ વોકનું આયોજન લોકોમાં આપણાં સાંસ્કૃતિક વારસાઓ અને હેરીટેજ પ્રત્યે સંવેદનશીલતાઓ જાગૃત થાય અને વધે તેના માટે

આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. વિશ્વ હેરીટેજ દિવસની ઉજવણી નિમિતે રાજકોટ હેરીટેજ વોકનું આયોજન કરવામાં આવેલ. આ વોક જયુબિલી ગાર્ડનથી શરૂ કરી, લેંગ લાઈબ્રેરી, વોટસન મ્યુઝિયમ, બેન્ડ સ્ટેન્ડ, ધર્મેન્દ્રસિંહજી કાપડ બજાર, જૂની શાકમાર્કેટ, ઠોસા ગલી, દાણાપીઠ, ચબૂતરો, જૂનાગઢ નો ઉતારો, દરજી બજાર, રૈયા નાકા ટાવર, સોની બજાર, કૃષ્ણરાયજીની હવેલી, દરબાર ગઢ આ બધી જ જગ્યાઓની મુલાકાત કરી બેડી નાકા ટાવરે થઈ રાજકોટ દરબારગઢ ખાતે આ વોક પૂર્ણ થયેલ.

આ હેરીટેજ વોકને સફળ કરવા માટે ભગિની સેવા ફાઉન્ડેશનનાં જાનકીબા ઝાલા, દેવયાનીબા રાણા, ધ્રૂવીબા જાડેજા, મહેશ્વરીબા જાડેજા, દર્શીતાબા જાડેજાએ જહેમત ઉઠાવેલ.

# સુરશ્રી કલબ આયોજીત સંગીત કાર્યક્રમમાં ૯૦ના દશકાના ગીતોની રમઝટ બોલી

## ‘દિલ હૈ કી માનતા નહી’માં સમશુદિન વાઘેલા, રીના ગજજર, પિયુષભાઈ જોષી અને જાનવી આડેસરાએ સુમધુર ગીતોની પ્રસ્તુતી કરી



**અબતક, રાજકોટ**

સાંસ્કૃતિક પ્રવૃતિઓ કરતી અગ્રીમ સંસ્થા સુરશ્રી કલ્ચરલ કલબ અને જ્વેલદીપ ગ્રુપ દ્વારા હેમુ ગઢવી મેઈન ઓડિટોરીયમ, ખાતે ૧૯૯૦ ના દશકાના સુપરહીટ ગીતોના કાર્યક્રમ ‘‘ દિલ હૈ કી માનતા નહીં ‘‘ નું આયોજન કરાયું હતુ.

આ કાર્યક્રમ માં વડોદરાના સુવિખ્યાત ગાયક, વોઈસ ઓફ કુમાર શાનુ સમશુદિન વાઘેલા, જામનગર ના સુવિખ્યાત ગાયિકા રીના ગજ્જર તેમજ ગેસ્ટ સિંગર તરીકે રાજકોટ ના વોઈસ ઓફ કિશોરકુમાર પિયુષભાઈ જોશી અને વોઈસ ઓફ લતાજી જાનવી આડેસરાએ પોતાના મખમલી કંઠ થી સુમધુર ગીતો ની પ્રસ્તુતિ કરી ઉપસ્થિત શ્રોતાઓ ને મંત્ર મુગ્ધ કર્યા હતા, તેમને ઓર્કેસ્ટ્રા માં રાજકોટના દર્શિત કાચા - કીબોર્ડ, ભાર્ગવ જાની - તબલા, મહેશ ઢાકેચા - ઢોલક, જુલિયસભાઈ - કોંગો, મિતુલ ગોંસાઈ ઓકટોપેડ, ફિરોઝ શેખ - ડ્રમ, જિમ્મી વ્યાસ - ગિટાર, હિરેનભાઈ ખાખી - સેકન્ડ કીબોર્ડ અને પ્રકાશ વાગડીયા - સાઈડ રિધમ માં સંગત કરી હતી.સમગ્ર કાર્યક્રમ નુ સુચારુ સંચાલન પોરબંદર ના મહંમદ હુસેન ઘડાએ કર્યું હતું અને સંયોજન કમલ રાજપરાએ કર્યું હતું.

આ કાર્યક્રમ માં વ્રજેશકુમારજી મહારાજ, રાજકોટ ભાજપ ના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, રાધિકા જ્વેલર્સ ના અશોકભાઈ ઝીંઝુવાડિયા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ કમલેશભાઈ જોશીપુરા, પૂર્વ મેયર ભાવનાબેન જોશીપુરામાં અશોકભાઈ સતિકુંવર, કમલભાઈ ધામી, અશોકભાઈ ચંદ્રવાડીયા, મનોજભાઈ રાણપરા, અજીતભાઈ વરંદાની નીતિનભાઈ નથવાણી અને અન્ય ગણમાન્ય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમ ને સફળ બનાવવા સંસ્થા ના ફાઉન્ડર ચેરમેન કિરીટભાઈ રાજપરા, ટ્રસ્ટી કમલભાઈ રાજપરા, પ્રોજેક્ટ ચેરમેન અમિતભાઈ રૂપારેલિયા, પ્રોજેક્ટ ડાયરેકટર પરેશભાઈ જનાણી, મેહુલભાઈ ભગત તેમજ પ્રોજેક્ટ કમિટી મેમ્બર્સ જહેમત ઉઠાવી હતી.

# જૈન સમાજના યુવા અગ્રણી ધૈર્ય પારેખનો જન્મદિવસ



જૈન સમાજના આગેવાન તેમજ વિશાળ મિત્ર વર્તુળ ધરાવનાર યુવાવયથી જ ઉત્સાહી અને મિલનસાર સ્વભાવ ધરાવતા ધૈર્ય પારેખ નો આજે જન્મદિન છે. તેઓ વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રસેવા, લોકઉપયોગી, જીવદયા અને સમાજસેવાના કામો કરી રહ્યા છે. હાલ તેઓ મહામંત્રીની જવાબદારી નિભાવી રહ્યાં છે. તેઓ રાજકોટ શહેરમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય તરીકે પ્રશંસનીય કામગીરી કરી ચૂક્યા છે તેમજ શહેર યુવા ભાજપ મંત્રી,શહેર યુવા ભાજપમા રમત ગમત સેલ કન્વીનર, તથા શહેર રોજગાર સહાયતા સેલ ના કન્વીનર, અને સોશ્યિલ મીડિયા સદસ્ય, વોર્ડ નંબર ૧૦ ના યુવા ભાજપ પ્રભારી તથા વોર્ડ નંબર -૨ ના મહામંત્રી તરીકેની જવાબદારી વહન કરી ચૂક્યા છે . તેઓ સહિયર ક્લબ, જૈનમ ગ્રુપ, જૈન સ્પોર્ટ્સ ઓર્ગેનાઈઝેશન તથા કર્ણાવતી ગ્રુપ ઓફ ઈવેન્ટ જેવી સંસ્થા સાથે જોડાયેલા છે. તેમના જન્મદિન નિમિતે પરિવાર તથા વિશાળ મિત્ર વર્તુળ દ્વારા ૯૩૭૬૪૦૧૧૧૦ પર શુભેચ્છા મળી રહી છે.

# પ્રિમોન્સૂન કામગીરી અંતર્ગત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા વોકળા સફાઈ કામગીરી



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા પ્રિમોન્સૂન કામગીરીના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકાના ત્રણેય ઝોનમાં આવેલ વોકળાની સફાઈ કામગીરી કરવામાં આવેલ. જેમાં જે.સી.બી.-૩ તથા ડમ્પર-૬ દ્વારા અંદાજીત ૬૮ ટન ગાર-કચરો વોંકળામાંથી નિકાલ કરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા તા.૧૭/૦૪/૨૦૨૫ના રોજ મધ્ય ઝોનના વોર્ડ ન.૭ માં આવેલ એકલવ્ય હોલ સામે, જનકલ્યાણ હોલ પાછળ વોંકળા, પશ્ચિમ ઝોનના વોર્ડ ન. ૯ માં પામ યુનીવર્સ એપાર્ટમેન્ટ પાસે આવેલ વોંકળા તથા પુર્વ ઝોનના વોર્ડ નં.૧૫ મા આવેલ કુબલિયાપરા વોંકળામાં જે.સી.બી.- ૩ તથા ડમ્પર-૬ દ્વારા અંદાજીત ૬૮ ટન ગાર, કચરો વોંકળા માંથી નિકાલ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનર તથા નાયબ કમિશનરની સુચના અનુસાર રાજકોટ શહેરમાં આવેલ તમામ હયાત વોકળાઓની સફાઈ કામગીરી ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત પર્યાવરણ ઈજનેર અને લગત ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેર માર્ગદર્શન હેઠળ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી.

# કાલે રવિવારે ભાનુ સપ્તમી વ્રતનું અનેરૂ મહત્વ

**અબતક, રાજકોટ**

આ વ્રત રહેવા થી આત્મબળ મા વધારો થાય છે તથા યશ માનપ્રતિષ્ઠાની પ્રાપ્તિ થાય છે. ચૈત્ર વદ સાતમ ને રવિવાર તારીખ ૨૦.૪.૨૫ ના દિવસે ભાનુ સપ્તમી છે રવિવાર અને સાતમનો દિવસ આવતો હોય આ દિવસને ભાનુ સપ્તમી કહેવામાં આવે છે ભાનુ સપ્તમી ના દિવસે સૂર્યપૂજા નુ સૂર્ય ઉપાસના નુ મહત્વ વધારે રહેલું છે આ દિવસે સવારે વહેલા ઊઠી નીત્ય કર્મ કરી અને ત્યારબાદ સૌ પ્રથમ સૂર્ય ને અર્ધ્ય આપવો અને ઉપવાસ અથવા એકટાણું રહેવું ખાસ કરીને ઉપવાસ રહેવો સારું રહેશે ફળ ફ્રૂટ ફુટ નો જ્યુસ ચા દૂધ કોફી દહીં ઉપવાસમાં લઈ શકાય આખા દિવસ દરમિયાન સૂર્યની ઉપાસના કરવી ઉપાસનામાં આદિત્ય હૃદયના પાઠ પણ કરી શકાય તેનો આવડે તો સૂર્ય નો બીજ મંત્ર ના જાપ કરી શકાય છે. ભાનુ સપ્તમીનું વ્રત રહેવાથી આત્મબળમાં વધારો થાય છે બીમારીઓ દૂર થાય છે વિદ્યાર્થીઓને અભ્યાસમાં એકાગ્રતા આવે છે માન સન્માનની પ્રાપ્તિ થાય છે જે લોકોનો ભાગ્યોદય ન થતો હોય તેવો એ આ વ્રત ખાસ રહેવું

**શાસ્ત્રીઃ રાજદીપ જોશી વેદાંત રત્ન**

# પટેલ સમાજ માટે જીવન સાથી પસંદગી સમારોહ

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજયમાં વસતા તમામ પાટીદાર પટેલ જ્ઞાતિનાં લગ્નોત્સુક યુવક - યુવતીઓ માટે લગ્ન સંબંધી વિગતવાર માહિતી જેવી કે નામ, જન્મ તારીખ, અભ્યાસ, ઉંચાઈ, વજન, ફોટોગ્રાફ, માતા-પિતાનો સંપર્ક નંબર, મોસાળપક્ષ વગેરે જરૂરી માહિતી વિનામૂલ્યે મળશે. આ મિલન કાર્યક્રમમાં પુખ્ત ઉંમર, ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રીમેરેજવાળા ઉમેદવાર તમામ ભાગ લઈ શકશે. સગપણ બાકી હોય. રસ ધરાવનારા યુવક - યુવતીએ તાજેતરનો ફોટો - બાયોડેટા સાથે તારીખ કાલથી ૩૦-એપ્રિલ સુધીમાં સમય સવારે ૯ થી ૧૨ સુધીમાં સમસ્ત પાટીદાર પટેલ સમાજ કોપર આર્કેડ, મવડી પ્લોટ મેઈન રોડ ખાતે મો.નં.૯૯૨૪૦ ૨૩૩૪૪ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# આહીર શૈક્ષણિક ભવન સુરતના સ્નેહ સમારોહમાં લોકસાહિત્યકાર માયાભાઈ આહીરનો ‘જલસો’

## જવાહરભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને તા. ૨જી મે એ ભવ્ય લોકડાયરો સામાજીક, રાજકીય આગેવાનો હાજરી આપશે




**અબતક, રાજકોટ**

આહીર શૈક્ષણિક ભવન સુરત દ્વારા આગામી ૨જી મે ના રોજ આયોજિત સ્નેહ સમારોહ જવાહર ભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને થવા જઈ રહ્યો છે તેમજ માયાભાઈના લોકડાયરાનો કાર્યક્રમમાં છે તેમાં સાંસદ પૂનમબેન માડમ, કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, ડો . કનુભાઈ કલસરિયા પૂર્વ ધારાસભ્ય, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ , ધારાસભ્ય ભગાભાઈ બારડ ,ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, ધારાસભ્ય હેમંતભાઈ ખવા, ડો.પ્રવીણભાઈ બળદાણીયા, પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર પૂર્વ ધારાસભ્ય વાસણભાઈ આહીર, સહિત આહીર સમાજના વિવિધ ક્ષેત્રના, શ્રેષ્ઠીઓ આહીર અગ્રણીઓ, આહીર સમાજના વિવિધ વિભાગના અધિકારીઓ , વિવિધ સસ્થાના હોદેદારો અને સુરત સહિત સમગ્ર ગુજરાત આહીર સમાજના આગેવાન ઉપસ્થિત રહેશે. તેમ આહીર શૈક્ષણિક ભવનના પ્રમુખ નાગજીભાઈ મકવાણા જણાવેલ છે.

# યોગનગરી ઋષિકેશથી તપોનગરી કર્ણપ્રયાગ માત્ર ૨ કલાકમાં પહોંચી શકાશે: રેલમંત્રી

## ભારતીય રેલવેના ઋષિકેશ-કર્ણપ્રયાગ પ્રોજેકટ થકી લાખો ભકતોની ચારધામ યાત્રા કરવાનું સવપ્ન સાકાર થશે



**અબતક, રાજકોટ**

યોગનગરી ઋષિકેશ થી તપોનગરી કર્ણપ્રયાગનો સફર હવે માત્ર બે કલાકમાં જ પૂર્ણ થવાનો છે. ભારતીય રેલ્વેએ દેવભૂમિમાં ’શિવ’ અને ’શકિત’ના આશીર્વાદથી દેશની સૌથી લાંબી રેલ્વે ટનલના નિર્માણમાં સફળ બ્રેક થ્રુ હાંસલ કરી લીધું છે.૧૨૫ કિમી થી વધુ લાંબો ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ ઉત્તરાખંડના પ્રાકૃતિક સુંદરતા, તીર્થ સ્થળો અને આધ્યાત્મિક મહત્વને ફરીથી પરિભાષિત કરવા જઈ રહ્યો છે. યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથના દર્શન માટે દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ યાત્રા પર નીકળે છે. પરંતુ ભૌગોલિક સંરચના અને મર્યાદિત કનેક્ટિવિટીને હંમેશા થી મુસાફરો અને સ્થાનિક રહેવાસીઓ માટે પડકારો ઉભા કરે છે. આ પડકારોને દૂર કરવા અને ઉત્તરાખંડના દૂરના વિસ્તારોને રેલ નેટવર્ક સાથે જોડવા માટે, ભારતીય રેલ્વેએ ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ શરૂ કર્યો. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં, કરોડો ભક્તોની ચારધામની મુલાકાત લેવાની ઈચ્છા પૂર્ણ થશે.

ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ હિમાલયના મુશ્કેલ અને ભૌગોલિક રીતે સંવેદનશીલ વિસ્તાર (ભૂકંપીય ક્ષેત્ર ઈંટ) માં બનાવવામાં આવી રહ્યો છે.આ રેલ લાઈનમાં દેશની સૌથી લાંબી રેલ્વે ટનલ ૧૪.૫૭૭ કિમી (૪૭૮૨૫ ફૂટ) નો સમાવેશ થાય છે, જે દેવપ્રયાગ અને જનાસુ વચ્ચે બનાવવામાં આવી રહી છે.૧૬ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને ઉત્તરાખંડ ના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ ૧૪.૫૮ કિલોમીટર લાંબી ટનલ ઝ-૮ ના બ્રેકથ્રુનું ઉદઘાટન કર્યું, જે દેશની સૌથી લાંબી રેલ્વે ટનલ છે.આ સિવાય ૩૮ નિયોજિત ટનલ બ્રેકથ્રુમાંથી ૨૮ પૂર્ણ થઈ ગયા છે. પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો ૨૦૨૬ ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે, અને ૨૦૨૭ ના મધ્ય સુધીમાં તે સંપૂર્ણપણે કાર્યરત થઈ શકે છે.

આ પ્રોજેક્ટ માં આધુનિક ટેકનોલોજી નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જેમ કે ટનલ બોરિંગ મશીન જેણે ટનલ નિર્માણ માં અભૂતપૂર્વ પ્રગતિ હાંસલ કરી છે. ઓગસ્ટ ૨૦૨૪ માં, ટનલ બોરિંગ મશીન ’શિવ’ અને ’શક્તિ’ એ એક મહિનામાં ૧૦૮૦.૧૧ રનિંગ મીટર ટનલ ખોદીને એક નવો રેકોર્ડ બનાવ્યો. આ પ્રોજેક્ટમાં રેલ બ્રિજ નંબર ૮ એ એન્જિનિયરિંગનો બીજો એક ચમત્કાર છે.

ઋષિકેશથી કર્ણપ્રયાગ સુધી રોડ માર્ગે ૬-૭ કલાક લાગે છે જે હવામાન અને ભૂસ્ખલનને કારણે વધુ વધી શકે છે. ચારધામ રેલ પ્રોજેક્ટ હેઠળ બનાવવામાં આવી રહેલી ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ લાઈન આ અંતર લગભગ બે કલાકમાં પૂરું કરશે.આનાથી યાત્રાળુઓ, પ્રવાસીઓ અને સ્થાનિક લોકો માટે મુસાફરી ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક બની જશે.ઉત્તરાખંડમાં ભારે વરસાદ, હિમવર્ષા અને ભૂસ્ખલનને કારણે રસ્તાઓ ઘણીવાર બંધ થઈ જાય છે.ચોમાસા અને શિયાળા ની ઋતુમાં આવું વારંવાર બને છે. આ પ્રોજેક્ટ નો ૮૩ ટકા ભાગ ટનલ માંથી પસાર થાય છે, જે તેને હવામાન પ્રતિરોધક રાખશે અને સીમલેસ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરશે,જેના કારણે યાત્રાળુઓ અને પ્રવાસીઓ આખું વર્ષ ચારધામની મુલાકાત લઈ શકશે. આ પ્રોજેક્ટ ઉત્તરાખંડના પાંચ મુખ્ય જિલ્લાઓ-દહેરાદૂન, ટિહરી ગઢવાલ, પૌડી ગઢવાલ, રુદ્રપ્રયાગ અને ચમોલી ને રેલ નેટવર્ક સાથે જોડશે.યોગ નગરી ઋષિકેશ, મુનિ કી રેતી, દેવપ્રયાગ, શ્રીનગર, રૂદ્રપ્રયાગ, ગૌચર અને કર્ણપ્રયાગ જેવા શહેરો અને નગરોને રેલ દ્વારા જોડવામાં આવશે. આનાથી દૂરના પર્વતીય વિસ્તારોના લોકોને આરોગ્ય સેવાઓ, શિક્ષણ, રોજગાર અને બજારો સરળતાથી મળી શકશે. ચારધામ રેલ પ્રોજેકટનો મુખ્ય ઉદ્દેશ્ય યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથને રેલ નેટવર્ક સાથે જોડવાનો છે.

### યોગથી તપની કનેક્ટિવિટી

ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ ૧૨૫.૨ કિમી લાંબી બ્રોડ ગેજ રેલ લાઇન છે, જે યોગ નગરી ઋષિકેશને કર્ણપ્રયાગ સાથે જોડશે.આ પ્રોજેક્ટ ભારતીય રેલ્વે ના ચાર ધામ રેલ પ્રોજેક્ટનો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય ઉત્તરાખંડના ચાર પવિત્ર તીર્થસ્થળોને રેલ નેટવર્ક દ્વારા જોડવાનો છે. આ રેલ્વે લાઈનનો કુલ ખર્ચ ૧૬ હજાર કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. આ પ્રોજેક્ટની સૌથી ખાસ વાત એ છે કે તેનો ૮૩ ટકા ભાગ ટનલમાંથી પસાર થશે, જેમાં ૧૭ મુખ્ય ટનલ અને ૧૨ એસ્કેપ ટનલનો સમાવેશ થાય છે. તેની કુલ લંબાઈ ૨૧૩ કિલોમીટર છે, જેમાંથી ૨૧૩ કિલોમીટરનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે.

### આર્થિક અને સામાજિક લાભ

ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ ઉત્તરાખંડમાં પ્રવાસનને પ્રોત્સાહન આપશે. ચારધામ યાત્રા ઉપરાંત, ઉત્તરાખંડના અન્ય પર્યટન સ્થળો જેમ કે ઋષિકેશ, હરિદ્વાર અને ઔલી સુધી પહોંચવાનું સરળ બનશે. આનાથી સ્થાનિક વેપાર, હોટેલ ઉદ્યોગ અને પરિવહન સેવાઓને પ્રોત્સાહન મળશે અને ઉત્તરાખંડના દૂરના વિસ્તારોમાં નવા વ્યાપાર કેન્દ્રોના વિકાસને પ્રોત્સાહન મળશે. દેવપ્રયાગ, શ્રીનગર, રુદ્રપ્રયાગ અને ગૌચર જેવા શહેરોમાં આર્થિક પ્રવૃત્તિઓ વધશે, જેનાથી સ્થાનિક લોકો માટે રોજગારની તકો ઊભી થશે.


# અફઘાનિસ્તાનમાં ફરી ૫.૯ની તીવ્રતાનો ભૂકંપ

## ભૂકંપ એટલો ભારે હતો કે તેની અસર ભારતના કાશ્મીર સુધી અનુભવાઈ હતી અને કાશ્મીરમાં પણ આફ્ટરશોક આવતા લોકો ગભરાઈ ગયા

**અબતક, નવી દિલ્હી**

અફઘાનિસ્તાનમાં ફરી એકવાર જોરદાર ભૂકંપ આવ્યો છે. આ વખતે ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૯ નોંધાઈ હતી. જોકે ભૂકંપ એટલો ભારે હતો કે તેની અસર ભારતના કાશ્મીર સુધી અનુભવાઈ હતી અને કાશ્મીરમાં પણ આફ્ટરશોક આવતા લોકો ગભરાઈ ગયા હતા.

આ વખતે અફઘાનિસ્તાન અને તાજિકિસ્તાનના બોર્ડર વિસ્તારમાં ભૂકંપ આવ્યો હતો. માહિતી અનુસાર અફઘાનિસ્તાન અને તાજિકિસ્તાનની બોર્ડર



વિસ્તારમાં આ વખતે ભૂકંપનો જોરદાર ઝટકો આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૮૬ કિલોમીટર ઊંડે હોવાની જાણકારી મળી છે. જેના કારણે કાશ્મીર સુધી ભૂકંપના આફ્ટરશોક આવતા લોકો ઘર છોડીને બહાર મેદાનોમાં દોડી આવ્યા હતા. તાજેતરમાં મ્યાનમાર અને થાઈલેન્ડમાં ૭.૭ની તીવ્રતાના ભૂકંપથી પૃથ્વીના પાયા હચમચી ગયા હતા. આ વિનાશક ભૂકંપમાં ૨ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ઘણા વિસ્તારોમાં ભારે વિનાશ થયો હતો.થાઈલેન્ડની નજીક આવેલા જાપાનમાં હવે જોરદાર ભૂકંપ આવવાની ચેતવણી આપવામાં આવી રહી છે, જેને દુનિયા મેગા કંપ તરીકે જોઈ રહી છે

# વોર્ડ નં.૧૧ માં કણકોટ રોડ ઉપર કોર્પોરેશન દ્વારા એસી કોમ્યુનિટી હોલ બનાવશે

## ટી.પી.સ્કીમ નં. ૨૭ના ફાઈનલ પ્લોટ ૨૧૮ ઉપર ૧૭૭૮ ચો.મી. ટ્રાઈડન હાઈટ્સ સામેના વિસ્તારમાં બનશે કોમ્યુનિટી હોલ

**અબતક રાજકોટ**

શહેરના વોર્ડ નં. ૧૧માં કણકોટ રોડ ઉપર ટ્રાઈડન હાઈટ્સ બિલ્ડીંગની સામે ટીપી નં. ૨૭ના ૨૧૮ નંબરના ફાઈનલ પ્લોટ ઉપર રૂા. ૨૩.૦૭ કરોડના ખર્ચે કોમ્યુનિટી હોલ બનાવવામાં આવશે.આ કામ માટે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

મવડી સ્મશાન તરફના રસ્તા પર વોર્ડ નં. ૧૧ના કણકોટ રોડ ઉપર ટ્રાઈડન હાઈટ્સ બિલ્ડીંગની બાજુમાં આવેલા ટીપી નં. ૨૭ના ફાઈનલ પ્લોટ નંબર ૨૧૮ ઉપર રૂપિયા ૨૩.૦૭ કરોડના ખર્ચે ચાર માળનો એસી સહિતની સુવિધાથી સજ્જ કોમ્યુનિટી હોલ બનાવવામાં આવશે. જેમાં ૧૭૭૮ ચોરસ મીટર વિસ્તારમાં બેઝમેન્ટ અને પાર્કિંગ સહિતનું બાંધકામ કરવામાં આવશે. આ હોલમાં ૨૧૬૦ ચો.મી. એરિયાના ગ્રાઉન્ડ ફ્લોરમાં ૫૨ ૨૧ દુકાનો બનાવવામાં આવશે.આ ઉપરાંત સિક્યુરીટી રૂમ, સ્ટોર રૂમ અને ટોઈલેટની સુવિધા ઉપલબ્દ કરાવવામાં આવશે. કોમ્યુનિટી હોલના ફર્સ્ટ ફ્લોર પર ૧૭૬૫ ચો.મી. એરિયામાં આશરે ૪૦૦



માણસોની કેપેસીટી વાળો હોલ બનાવવામાં આવશે. જેમાં વર વધુનો રૂમ, કિચન તથા ટોઈલેટ બનશે.

વોર્ડ નં. ૧૧માં તૈયાર થનાર કોમ્યુનિટી હોલના સેકન્ડ ફલોર પર ફસ્ટ ફ્લોરની જેમ ૪૦૦ માણસોની કેપીસીટીવાળો હોલ બનાવવામાં આવશે. તેવી જ રીતે થર્ડ ફ્લોર પર આશરે ૪૦૦ માણસોની કેપીસીટી વાળો સેન્ટ્રલ એસી હોલ તૈયાર કરવામાં આવશે. તેવી જ રીતે ફોર્થ ફ્લોર પર ૮ એસી ડિલક્સ રૂમ, એટેચ ટોઈલેટ સાથેના બનાવવામાં આવશે. વોર્ડ નં. ૧૧માં અત્યાર સુધી વોર્ડ ઓફિસ પણ હતી નહીં. વોર્ડ ઓફિસનું ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું અને સાથો સાથ આરોગ્ય કેન્દ્ર વિહોણા વોર્ડને પણ આરોગ્ય કેન્દ્રની ભેટ આપવામાં આવી છે. જેમાં વોર્ડ નં. ૧૧ના પ્રાઈમ લોકેશન ધરાવતા કણકોટ રોડ ઉપર તમામ પ્રકારની સુવિધાઓ માટેના મહાનગરપાલિકાના ટીપી સ્કીમ નં. ૨૭ પૈકી અલગ અલગ ફાઈનલ પ્લોટ ખાલી હોવાથી આ તમામ પ્રોજેક્ટ એક જ રોડ ઉપર બનાવવાનો નિર્ણય લઈ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જે પૂર્ણ થયે સ્ટેન્ડીંગમાં પ્રોજેક્ટને મંજૂરી આપી વર્ક ઓર્ડર આપી ઝડપથી કામ શરૂ કરવામાં આવશે.

# ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા રૂ. ૧૦૮ કરોડની જમીન ખુલ્લી કરાવાય

## મોટા મોવા પોલીસ સ્ટેશનની સામે લક્ષ્મી નો ઢોરો કાલાવડ રોડ ભગવતીપરામાં ૧૨ મકાનો પર બુલડોઝર ફેરવાયું

**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરી છે અને તેના ભાગરૂપે વેસ્ટ ઝોનમાં આવેલ ટી.પી સ્કીમ નંઃ૧૦ મોટા મોવા અંતિમખંડ ૭૩/ઈ તાલુકા પોલીસ સ્ટેશનની સામે કરેલ ગેરકાયદેસર બનાવેલ બાર પાકા મકાનોનું દબાણ દૂર કરવામાં આવ્યું હતી જે નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણીના આદેશ



અનુસાર તથા સિટી એન્જિનિયર. માર્ગદર્શન હેઠળ વેસ્ટ ઝોન વોર્ડ નં.૧૧માં ટી.પી સ્કીમ નંઃ૧૦ મોટા મોવા અંતિમખંડ ૭૩/ઈ તાલુકા પોલીસ સ્ટેશનની સામે ૧૧૦૩૬.૦૦ ચોરસ મીટરમાં ગેરકાયદે ખડકાયેલ દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.જમીનની કિંમત અંદાજે ૧૦૮.૧૫ કરોડની જમીન દબાણ દૂર કરવામાં આવ્યું હતું.

ડિમોલિશનમાં ટાઉન પ્લાનિંગ શાખા વેસ્ટ ઝોનના આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર તથા તમામ આસિસ્ટન્ટ એન્જિનિયર, તથા રોશની શાખા, દબાણ હટાવ શાખા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ફાયર અને ઈમર્જન્સી વિભાગ, બાંધકામ શાખા તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ સ્થળ પર હાજર રહ્યો હતો.

# વેપારીઓ હવે માત્ર સાત દિવસમાં જીએસટી રજિસ્ટ્રેશન મેળવી શકશે

## સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સએ નવી ડેડલાઈન નિર્ધારિત કરી

**અબતક, નવી દિલ્હી**

### જોખમી બિઝનેસના કિસ્સામાં બિઝનેસ સંકુલના રૂબરુ વેરિફેકશનના 30 દિવસમાં રજિસ્ટ્રેશનની અરજી પ્રોસેસ કરાશ

વેપારીઓ હવે સાત દિવસમાં જીએસટી રજિસ્ટ્રેશન કરાવી શકશે અને જોખમી બિઝનેસના કિસ્સામાં બિઝનેસ સંકુલના રૂબરુ વેરિફેકશનના ૩૦ દિવસમાં રજિસ્ટ્રેશનની અરજી પ્રોસેસ કરાશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સએ આ નવી ડેડલાઈન નિર્ધારિત કરી છે. કેટલાંક ફિલ્ડ અધિકારીઓ કાલ્પનિક સવાલો કરીને બિનજરૂરી દસ્તાવેજો માગતાં હોવાનું અવલોકન કરીને સીબીઆઈસીએ દસ્તાવેજોની એક યાદી બનાવી છે. અધિકારીઓ હવે આ યાદીમાં સમાવેશ કરાયેલા ડોક્યુમેન્ટ્સ જ ઓનલાઈન માંગી શકશે. જીએસટી રજિસ્ટ્રેશન મંજૂર કરવાની નવી સૂચના જારી કરતાં બોર્ડે જણાવ્યું હતું કે રજિસ્ટ્રેશન અરજી પ્રોસેસ કરતી વખતે અધિકારીએ અ ા ડોક્યુમેન્ટની ઓરિજનલ ફિઝિકલ કોપી માગીને પ્રશ્નો કરવા જોઈએ નહીં. જીએસટી રજિસ્ટ્રેશન મેળવવામાં મુશ્કેલીઓ પડતી હોવાની ઘણી ફરિયાદો મળી છે. ખાસ કરીને અધિકારીઓ બોર્ડે નિર્ધારિત કરેલા નથી તેવા વધારાના ડોક્યુમેન્ટ્સ માગતા હોય છે. પ્રિન્સિપલ પ્લેસ ઓફ બિઝનેસના દસ્તાવેજોના સંદર્ભમાં, અરજદારે કોઈપણ એક દસ્તાવેજ અપલોડ કરવો પડશે. તેમાં પ્રોપર્ટી ટેક્સની રસીદ અથવા મ્યુનિસિપલ ખાતાની નકલ અથવા માલિકના વીજળી બિલની નકલ અથવા પાણી બિલનો સમાવેશ થાય છે.

જો ભાડાની જગ્યા હશે તો અરજદારે પીપીઓબી સંબંધિત કોઈપણ એક દસ્તાવેજ સાથે માન્ય ભાડું/લીઝ કરાર અપલોડ કરવો પડશે.

# વોટર સેવિંગ પ્રોજેકટમાં જય અને વ્રીતીકાની સરાહનીય કામગીરી

**અબતક,રાજકોટ**

પટેલ કલાસીસ જલારામના ઓનર લખનભાઈએ નીલ અને વ્રીતીકાના વોટર સેવિંગ પ્રોજેકટ અંતર્ગત


પાણીનું જળસંચયન પાણીનો બગાડ કઈ રીતે અટકાવવો ભુગર્ભ જળનું સ્તર કઈ રીતે વધારવું તેના વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી સાથે નીલ અને વ્રીતીકાએ રાજકોટવાસીઓ અને ગુજરાતવાસીઓને અપીલ કરી છે કે ચોમાસાને હજીવાર છે તો રેઈન વોટર હાર્વેસ્ટિંગ તમારા ઘરમાં ના હોય તો કરી લઈએ સરકારની ના કાયદા મુજબ નવા બિલ્ડીંગો અને મકાનોમાં ફરજિયાત રેઈન વોટર હાર્વેસ્ટિંગ તો છે જ પરંતુ જુના બાંધકામોમાં પણ રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ લગાવવાથી બોર રિચાર્જ માં ખુબ જ ફાયદો થાય છે નીલ વ્રીતીકાના વૈજ્ઞાનિક સર્વેક્ષણ મુજબ જો તમારું મકાન ૧૦૦ થી ૧૨૦વારનું હોય અને ઈંચ પણ વરસાદ પડે તો ૪૦૦૦થી ૫૦૦૦ લીટર પાણી બોરમાં ઉતરે તેમની ડિઝાઈનો ફ્રી માં ઈન્સ્ટાગ્રામ ચેનલ પરથી મેળવી શકશો. @watersavingproject

સાથે સાથે બંને બાળકોએ વધુ માં વધુ વૃક્ષો વાવવાની અને પ્રોપર રીતે ઉછેરવાની વિદ્યાર્થીઓને prepar request કરી જેથી ગરમીનું સ્તર ઓછું થાય મેજિક કુંડા અને મેજિક ગ્રીન રીંગ વિશે પણ માહિતી આપી ભણવાની સાથે છેલ્લા ઘણા સમયથી નીલ અને વ્રીતીકા વરસાદી જળસંચય અભિયાન ચલાવે છે નીલ આગળ હજી એવા સેકડો પ્રોજેક્ટો છે જેનાથી પાણીનું એક એક ટીપું બચે

આ સેમીનારમાં જયસર કેવલસર અવનીકસર પાર્થભાઈ લાઠીગરા અર્ચનામેડમ અને ગૌશાળામાં સતત નિરંતર સારું કાર્ય કરતાં રાજુભાઈ અને ધર્મેશભાઈ સોનીને પણ મોમેન્ટો આપી સન્માનીત કર્યા

# સોશિયલ મીડિયાના ટ્રોલિંગની માઠી અસર અભ્યાસ-કારકિર્દી પર થાય છેઃ સર્વે

## મનોવિજ્ઞાન ભવનની વિદ્યાર્થીનીઓ પંડ્યા ફોરમ અને અઘેડા હિતેશ્રીએ અધ્યાપક ડો. ધારા.આર.દોશી તથા ભવન અધ્યક્ષ ડો.યોગેશ.એ.જોગસણના માગેદશેન હેઠળ ૭૮૮ લોકોનો સર્વે કર્યો



**અબતક, રાજકોટ**

કહેવાય છે કે સુખ વહેંચવાથી વધે છે , અને દુઃખ વહેંચવાથી ઘટે છે મતલબ વહેંચવું બંને કિસ્સામાં ફાયદાકારક છે. પણ શું, ક્યારે ,કોની સાથે અને કેટલું વહેંચવું તેનું પ્રમાણ જાળવવું પણ ખૂબ જરૂરી હોય છે.આજના આ આધુનિક ટેક્નોલોજીના યુગમાં જ્યારે લોકો પોતાની લાગણીઓ સોશિયલ મીડિયા દ્વારા રજૂ કરે છે ત્યારે તેના સકારાત્મક ની સાથે ક્યાંક નકારાત્મક પાસાઓને પણ ધ્યાનમાં લેવા પડે છે.જે ટ્રોલિંગના રુપમાં બહાર આવે છે. જેના પરિણામે વ્યકિત ચિંતા,હતાશા અને સામાજિક એકલતા નો ભોગ બને છે. મનોવિજ્ઞાન ભવનની વિદ્યાર્થીનીઓ પંડ્યા ફોરમ અને અઘેડા હિતેશ્રી એ અધ્યાપક ડો. ધારા.આર.દોશી તથા ભવન અધ્યક્ષ ડો.યોગેશ .એ.જોગસણના માગેદશેન હેઠળ ૭૮૮ લોકોનો સર્વે કર્યો છે.ટૂંકમાં, ટ્રોલિંગ એ માત્ર એક હેરાનગતિ નથી, પરંતુ તે વ્યક્તિના માનસિક સ્વાસ્થ્ય પર ઊંડી અને લાંબા ગાળાની નકારાત્મક અસર કરી શકે છે. તેથી, ટ્રોલિંગને ગંભીરતાથી લેવું જોઈએ અને તેનો ભોગ બનેલા લોકોને ટેકો અને મદદ પૂરી પાડવી જોઈએ.

### સર્વેના તારણોઃ

૧. ૬૭% લોકો આવું માને છે કે ટ્રોલિંગની અસર અભ્યાસ તથા કારકિર્દી પર થાય છે.
૨. ૫૩.૧% લોકો સોશિયલ મીડિયા પર પોસ્ટ મુકતા ગભરાય છે.
૩. ૫૦.૫% લોકો ટ્રોલિંગ ના ડરે નવા મિત્રો બનાવતા ગભરાય છે.
૪. ૫૯% લોકો એ સ્વીકાર્યું છે કે ટ્રોલિંગના કારણે વ્યક્તિના આત્મવિશ્વાસને પણ અસર પહોંચે છે.
૫. ૫૫.૫% લોકોને પોતાના શારીરિક દેખાવના કારણે ટ્રોલ થવાનો ડર રહે છે.
૬. ૫૦.૫% લોકોએ એવું માને છે કે રોલ થવાના ડરે બાહ્ય દેખાવમાં પરિવર્તન કરવાના પ્રયત્નો કરવા જોઈએ.
૭. ૫૪.૩% લોકો એવું સ્વીકારે છે કે ટ્રોલિંગ ના કારણે વ્યક્તિ પોતાની લાગણીઓને વ્યક્ત કરતા ડર અનુભવે છે.
૮. ૫૬.૪% લોકો સ્વીકારે છે કે ''લોકો શું કહેશે'' તેવો ડર તમને લાગ્યા કરે છે.
૯. ૬૭% લોકોએ એવું માન્યું છે કે કોઈ દ્વારા કરવામાં આવેલ નિષેધક ટિપ્પણી બાદ બીજી વાર કોઈ પર વિશ્વાસ મૂકી શકાતો નથી.
૧૦. ૬૮.૧% લોકોએ એવો સ્વીકાર્યું છે કે ટ્રોલના ડરે ઘણી વખત વ્યક્તિ પોતાના મનની વાત બીજાને કહી શકતો નથી..

### માનસિક સ્વાસ્થ્ય પર ટ્રોલિંગની અસરો

ટ્રોલિંગ માનસિક સ્વાસ્થ્ય પર ઊંડી અને ઘણીવાર નકારાત્મક અસર કરે છે. આ અસર ખાસ કરીને ગંભીર બની શકે છે જો વ્યક્તિ પહેલાથી જ કોઈ માનસિક તાણ, ચિંતા અથવા આત્મ-શંકાથી પીડાઈ રહી હોય. અહીં કેટલીક મુખ્ય અસરો જોઈએ જે ટ્રોલિંગને લીધે થઈ શકે.

૧. ચિંતા અને હતાશાઃ સતત નકારાત્મક ટિપ્પણીઓ અને અપમાનજનક સંદેશાઓ વ્યક્તિને તણાવ અને દુઃખની લાગણી અનુભવી શકે છે, જે લાંબા ગાળે ચિંતા અને હતાશામાં પરિણમી શકે છે.

૨. ઓછો આત્મસન્માનઃ ટ્રોલિંગ વ્યક્તિના આત્મવિશ્વાસને હચમચાવી શકે છે. સતત ટીકા અને નકારાત્મક મૂલ્યાંકનથી વ્યક્તિ પોતાની જાતને ઓછી મૂલ્યવાન સમજવા લાગે છે.

૩. સામાજિક અલગતા અને એકલતાઃ ટ્રોલિંગનો ભોગ બનેલા વ્યક્તિઓ અન્ય લોકો સાથે વાતચીત કરવાનું ટાળી શકે છે, ખાસ કરીને ઓનલાઈન. તેઓ ડરી શકે છે કે ફરીથી તેમનું અપમાન થશે, જેના કારણે તેઓ સામાજિક રીતે અલગ પડી જાય છે અને એકલતા અનુભવે છે.

૪. આત્મહત્યાના વિચારો અને સ્વ-નુકસાનઃ ગંભીર કિસ્સાઓમાં, ટ્રોલિંગ એટલું તીવ્ર હોઈ શકે છે કે વ્યક્તિને આત્મહત્યાના વિચારો આવી શકે છે અથવા તેઓ પોતાની જાતને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી શકે છે.

# વર્ષ ૨૦૨૪-૨૫માં ડિગ્રી ઈજનેરીની ૯૨ ટકા અને ડિપ્લોમા ઈજનેરીની ૮૯ ટકા સરકારી બેઠકો ભરાઈઃ ઋષિકેશ પટેલ

## ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની ઈજનેરી અભ્યાસક્રમોની બેઠકોમાં રી-સ્ટ્રકચરીંગની પહેલનું ઉત્તમ પરિણામઃ વર્ષ ૨૦૨૩-૨૪માં સરકારી એન્જીનીયરીંગ અને ડિપ્લોમાં કોલેજોની બેઠકોમાં થયેલ રી-સ્ટ્રક્ચરીંગથી વિદ્યાર્થી-વાલીઓના નાણાંની થઈ બચત

અબતક,રાજકોટ

રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની ઈજનેરી અભ્યાસક્રમોની બેઠકોમાં રી-સ્ટ્રકચરીંગની બેઠકોનું ઉત્તમ પરિણામ રાજ્યના વિદ્યાર્થી-વાલીઓના હિતમાં મળ્યું છે.વર્ષ ૨૦૨૩-૨૪માં સરકારી એન્જીનીયરીંગ ડિગ્રી અને ડિપ્લોમાં કોલેજમાં હાથ ધરાયેલ બેઠકોની રી-સ્ટ્રકચરીંગ પ્રક્રિયાના ભાગરૂપે વિદ્યાર્થી-વાલીઓના કરોડો રૂપિયાના નાણાની બચત થઈ છે.સમયની માંગ અનુસાર તારીખ ૨૮ જૂન ૨૦૨૩ના રોજ ટેકનીકલ એજ્યુકેશન વિભાગ દ્વારા રિસ્ટ્રક્ચરિંગનો પરિપત્ર કરીને એઆઈસીટીઈની મંજૂરી મેળવવામાં આવી હતી.જેમાં રાજ્યમાં આવેલ કુલ ૧૬ પૈકી ૧૦ ડિગ્રી ઈજનેરી સંસ્થાઓમાં વિવિધ ૧૪ હયાત અને નવા અભ્યાસક્રમો મળીને કૂલ ૧૫૩૯ બેઠકોમાં રીસ્ટ્રકચરીંગ હાથ ધરવામાં આવ્યું. જેમાંથી વર્ષ ૨૦૨૪ના પ્રવેશ દરમ્યાન કૂલ ૧૪૧૩ બેઠકો ભરાઈ.તેમજ કુલ ૩૧ સરકારી પોલીટેકનિક સંસ્થાઓ પૈકી ૯ સંસ્થાઓમાં વિવિધ ૮ હયાત અને નવા અભ્યાસક્રમો મળીને કૂલ ૭૪૮ બેઠકોમાં રીસ્ટ્રકચરીંગ હાથ ધરવામાં આવ્યું. જેમાંથી વર્ષ ૨૦૨૪ના પ્રવેશ દરમ્યાન કૂલ ૬૬૮ બેઠકો ભરાયેલ છે.સરકારી સંસ્થાઓમાં રીસ્ટ્રકચરીંગ થયેલ બેઠકોમાંની ડિગ્રી ઈજનેરીની ૯૨ % અને ડિપ્લોમા ઈજનેરીની ૮૯% થી વધુ બેઠકો વર્ષ-૨૦૨૪ ના પ્રવેશમાં ભરાઈ છે.વર્ષ ૨૦૨૩-૨૪માં સરકારી એન્જીનીયરીંગ અને ડિપ્લોમાં કોલેજોની બેઠકોમાં થયેલરી-સ્ટ્રકચરીંગથી ૧૬૦૦થી વધુ વિદ્યાર્થીઓને સરકારી સંસ્થામાં પ્રવેશનો લાભ મળતા અંદાજે રૂ. ૩૫ કરોડની બચત થઈ છે.રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં ઈમર્જીંગ બ્રાન્ચ આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ , મશીન લર્નિંગ , કોમ્પ્યુટર એન્જીનીયરીંગ વિદ્યાશાખામાં ૧૦૦ ટકા બેઠકો ભરાયેલ છે. જ્યારે રોબોટિક્સ, મિકેનીકલ જેવી કોર બ્રાન્ચમાં ૯૨ ટકા થી વધું સીટ ભરાઈ.પ્રવર્તમાન સમયમાં ઘણા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં ડિગ્રી પણ કરતા હોય છે. જેમાં પ્રવેશ વર્ષ ૨૦૨૩ની સાપેક્ષે સરકારી પોલીટેકનીક કોલેજની બેઠકોમાં પણ રીસ્ટ્રકચરીંગ કરતા ૮૯% થી વધું બેઠકો ભરાઈ છે. જે અંતર્ગત સરકારી પોલીટેકનીક કોલેજોમાં સિવિલ, મિકેનિકલ,આઈ.ટી. અને ઈમર્જીંગ ઈજનેરીની વિદ્યાશાખામાં ૮૦ % થી વધું જ્યારે ઈલેકટ્રીકલ, કોમ્પ્યુટર એન્જીનીયરીંગ અને ઈ.સી. બ્રાન્ચમાં ૧૦૦% બેઠકો ભરાઈ છે.



### ૨૦૨૨થી વિવિધ નવા ઈમર્જીંગ ટેકનોલોજીનાં અભ્યાસક્રમ શરૂ કરાયા

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી વર્ષોની જરૂરીયાત ધ્યાને લઈ સરકારી ઈજનેરી કોલેજો અને ડિપ્લોમાં ડિગ્રીમાં વર્ષ ૨૦૨૨થી વિવિધ નવા ઈમર્જીંગ ટેકનોલોજીનાં અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યા છે. સાથોસાથ રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે જરૂરીયાત મુજબ રી-સ્ટ્રકચરીંગ કરી વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરવામાં આવે છે.

# બગસરાના ખીજડીયા ગામે શેઢા પ્રશ્ને કૌટુંબિક ભાઈઓ વચ્ચે અથડામણ: આધેડની હત્યા

## બે પરિવારો વચ્ચે કુહાડી-તલવાર વડે ધીંગાણું: સામસામે હુમલામાં બે યુવકો ઈજાગ્રસ્ત: ઘટનાને પગલે પોલીસ કાફલો દોડી ગયો: તપાસનો ધમધમાટ

**અબતક, સમીર વિરાણી, બગસરા**

અમરેલીના બગસરાના તાલુકાના ખીજડિયા ગામે ખેતરના શેઢા બાબતે થયેલા વિવાદમાં ખેડૂતની હત્યા થઈ છે. ખેતરના રસ્તાને લઈને તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરતા ૫૦ વર્ષીય કાળુ વાળાનું મોત થયું હતું. જ્યારે રાજદીપ વાળા ઈજાગ્રસ્ત થતા તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથી ધરી છે.



હત્યાની ચકચારી ઘટનામાં પ્રાપ્ત વિગત અનુસાર અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ખીજડીયા ગામે જમીનના શેઢા બાબતે કૌટુંબિક ભાઈઓ વચ્ચે તકરાર થઈ હતી. કૌટુંબિક ભાઈઓ વચ્ચે શેઢા પ્રશ્ને બોલાચાલી થયાં બાદ મામલો ઉગ્ર બનતા બંને પરિવારો તલવાર અને કુહાડી સાથે આમને સામને આંબી ગયા હતા. બંને પક્ષે સામસામે હુમલો થતાં ૫૦ વર્ષીય આધેડ કાળુભાઈ ભોજભાઈ વાળા પર કુહાડી વડે હુમલો કરાતા તેમનું મોત નીપજતા બનાવ હત્યામાં પલટાઈ જવા પામ્યો હતો.

જયારે સામસામે હુમલાની ઘટનામાં મૃતક કાળુભાઈના પુત્ર રાજદીપ વાળાને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. બીજી બાજુ જયરાજ વાળાને પણ ઈજા પહોંચી હતી. જૂથ અથડામણની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ઈજાગ્રસ્ત યુવક રાજદીપ વાળા અને જયરાજ વાળાને સારવાર અર્થે અમરેલી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જયારે મૃતદેહ મને બગસરા સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે.

# રાજકોટમાં ગીર સોમનાથ પંથકનો બોગસ તબીબ ઝડપાયો

## આરટીઓ કચેરી પાછળ શ્રીરામ સોસાયટીમાં એસઓજીએ દરોડો પાડી ૧૭,૧૫૩નો મુદ્દામાલ કબજે કર્યો

**અબતક રાજકોટ**

શહેરના જુના માર્કેટિંગ યાર્ડ પાછળ શ્રીરામ સોસાયટીમાં મકાનમાં ડિગ્રી વગર કિલનિક ચલાવી રહેલા બોગસ તબીબને એસોજીએ ઝડપી લીધો હતો. પોલીસે બરોડા દરમિયાન અહીંથી એલોપેથિક દવા, ઈન્જેકશન સહિત રૂ.૧૭,૧૫૩ નો મુદ્દામાલ કબજે કરી ડિગ્રી વગર કિલનિક ચલાવી લોકોનો આરોગ્ય સાથે ચેડા કરનાર મૂળ ગીર સોમનાથના તાલાળાના આકોલવાડીના આ શખસ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.વધુ વિગત મુજબ શહેરમાં માનવ ના આરોગ્ય સાથે ચેડા કરી સારવાર કરતા બોગસ તબીબોને શોધી કાઢવા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા એ આપેલી સૂચનાને પગલે એસઓજી.પી.આઈ એસ.એમ.જાડેજાની રાહબરી હેઠળ પીએસઆઈ એસ.બી. ધાસુરા, એએસઆઈ ફિરોજભાઈ શેખ તથા ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન કોન્સ્ટેબલ કિશોરભાઈ ઘુઘલ, અમિતકુમાર ટુંડિયાને મળેલી બાતમીના આધારે શહેરના જુના માર્કેટિંગ યાર્ડ પાસે આરટીઓ ઓફિસની પાછળ શ્રીરામ સોસાયટી શેરી નંબર-૧ માં મકાન નંબર ૧૦ -એ માં દરોડો પાડ્યો હતો.અહીં એક શખસ પોતાની ડોકટર તરીકે ઓળખ આપી કિલનિક ચલાવતો હોય જેથી પોલીસે આ શખસની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ હરેશ સવજીભાઈ મારૂ (ઉ.વ ૫૮) (રહે. હાલ શ્રીરામ સોસાયટી શેરી નંબર-૧, મૂળ આકોલવાડી તા. તાલાળા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ શખ્સ પાસેથી મેડિકલ પ્રેક્ટિસ અંગેની ડિગ્રી માંગતા તેની પાસે આવી કોઈ ડીગ્રી ન હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે અહીંથી હોસ્પિટલના સાધનો એલોપેથીક દવાઓ, ઈન્જેકશન સહિત કુલ રૂપિયા ૧૭,૧૫૩ નો મુદ્દામાલ કબજે કરી આ શખ્સ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. બનાવા અંગે વધુ તપાસ બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.એન.કાલોત્રા ચલાવી રહ્યા છે.

# ધર્મેન્દ્ર રોડ ખાતે નજર ચૂકવી મોબાઈલ ચોરતી મહિલા તસ્કર ટોળકી ઝડપાઈ

## છ મોબાઈલ કબ્જે લઈ એ ડિવિઝન પોલીસમાં દાખલ થયેલ ચાર ગુનાનો ભેદ ઉકેલતી થોરાળા પોલીસ

**અબતક, રાજકોટ**

શહેરના શોપિંગ પોઈન્ટ સમાન ધર્મેન્દ્ર રોડ પર ખરીદી અર્થે આવતા લોકોની નજર ચૂકવી મોબાઈલની ચોરીને અંજામ આપી દેતી મહિલા તસ્કર ટોળકીને ઝડપી લઈ રૂ. ૫૦ હજારની કિંમતના છ મોબાઈલ ફોન થોરાળા પોલીસે કબ્જે કર્યા છે.

થોરાળા પોલીસના પીઆઈ એન જી વાઘેલાના માર્ગદર્શન હેઠળ ગંજીવાડા પોલીસ ચોકીના પીએસઆઈ એ પી રતનની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ મહેશભાઈ સોલંકી, હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ કુંચાલા, કોન્સ્ટેબલ હરપાલસિંહ વાઘેલાને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે, અમુલ સર્કલ પાસે ૮૦ ફૂટ રોડ પર ત્રણ મહિલાઓ શંકાસ્પદ એન્ડ્રોઈડ મોબાઈલ સાથે ઉભેલ છે. જેથી પોલીસની ટીમ તાત્કાલિક બાતમીવાળા સ્થળે દોડી ગઈ હતી અને મહિલાઓને પકડી મહિલા પોલીસ મારફત અંગ જડતી કરાવતા ત્રણેય મહિલાઓ પાસે રહેલ પર્સમાંથી કુલ છ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળી આવેલ હતા. જે મોબાઈલ ફોનના આધાર પુરાવા માગતા મહિલાઓએ ગલ્લા તલ્લા કરતા પોલીસે યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરતા ત્રણેય મહિલાઓએ એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ધર્મેન્દ્ર રોડ ખાતેથી લોકોની નજર ચૂકવી છ મોબાઈલ ફોન ચોરી કરેલ હોવાનું જણાવ્યું હતું જેથી પોલીસે ઈ-ગુજકોપ તથા પોકેટ મોબાઈલમાં સર્ચ કરતા એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે મોબાઈલ ચોરીના કુલ ચાર ગુના દાખલ થયાનું જાણવા મળતા ચારેય ગુના થોરાળા પોલીસે ડિટેક્ટ કર્યા હતા.

થોરાળા પોલીસની ટીમે રેખાબેન જાદવભાઈ મકવાણા (ઉ.વ.૫૦ રહે. વોરા કોટડા રોડ, ગોંડલ), કાજલબેન રજનીભાઈ મકવાણા (ઉ.વ.૩૦ રહે. વોરાકોટરા રોડ, ગોંડલ) અને નંદનીબેન ભરતભાઈ ચાવડા (ઉ.વ.૨૦ રહે વોરાકોટડા રોડ,ગોંડલ)ની ધરપકડ કરી રૂ. ૫૦ હજારની કિંમતના ૬ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કબજે કર્યા હતા.

# પોલીસ પર હુમલો કરનાર શામજી મકવાણા સવા વર્ષે ઝડપાયો

## થોરાળા પોલીસના તત્કાલિન પીઆઈ બી એમ ઝણકાત પર કર્યો'તો હુમલો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં ગુનો કરી ફરાર આરોપીઓને ઝડપી લેવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર જા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૧ સજનસિંહ પરમાર, એસીપી રાધિકા ભારાઈની સૂચનાને પગલે થોરાળા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા પોલીસ પર હુમલો કરી સવા વર્ષથી ફરાર આરોપી શામજી મકવાણાને દબોચી લીધો હતો.



પોલીસ પર હુમલો, મારામારી અને શરીર સંબંધી ગુનાઓ આચરી ૧૫ મહિનાથી પોલીસને ચકમો આપી ફરાર શામજી મકવાણા (રહે.ગોકુલપુરા શેરી નંબર-છ, નવા થોરાળા મેઈન રોડ)વાળો શખ્સ ગોકુલપુરામાં આવ્યો હોવાની બાતમીના આધારે થોરાળા પીઆઈ એન. જી. વાઘેલા.પી.એસ.આઈ. એમ એસ મહેશ્વરી, પી.એસ.આઈ. એ પી રતનની ટીમના રાજેશભાઈ મેર, દેવશીભાઈ ખાંભલા , મહેશભાઈ સોલંકી ,ભાવેશભાઈ વસવેલીયા, જયદીપસિંહ જાડેજા, ચેતનભાઈ મકવાણા, રાકેશભાઈ બાલાસરા ,નિલેશભાઈ જાગાણી ,નિલેશભાઈ જમોડ, મહિલા હેડ કોન્સ્ટેબલ કોકીલાબેન દાફડા, નેહાબેન વાઘેલા, જાગૃતીબેન ઓળકિયા અને નેહાબેન ચાવડાની ટીમ દ્વારા શામજી મકાભાઈ મકવાણાને ૧૫ મહિના ફરાર રહ્યા બાદ દબોચી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

(પહેલા પાનાનું ચાલું)

### ભારત-ચીન...

વેપાર સંતુલિત થઈ શકે.

વધતા જતા યુએસ-ચીન વેપાર તણાવ વચ્ચે, બેઈજિંગે ભારતનો સંપર્ક કર્યો છે અને કહ્યું છે કે ચીન વધુ પ્રીમિયમ ભારતીય માલનું સ્વાગત કરવા તૈયાર છે અને ભારતીય વ્યવસાયોને ભારતની વેપાર ખાધને પહોંચી વળવા માટે ચીની બજાર માંગણીઓનો લાભ લેવા માટે મદદ કરવા તૈયાર છે, જે આ અઠવાડિયાના અહેવાલો અનુસાર, ૯૯.૨ બિલિયન સુધી પહોંચી ગઈ છે.

તાજેતરના વર્ષોમાં, ભારત અને ચીને સરહદી વિસ્તારોમાં શાંતિ જાળવવા માટે સતત પ્રયાસો કર્યા છે. ચીન-ભારત સરહદ બાબતો પર સલાહ અને સંકલન માટે કાર્યકારી પદ્ધતિ અને કોર્પ્સ કમાન્ડર સ્તરની બેઠકો જેવી સંવાદ પ્રક્રિયાઓ દ્વારા બંને દેશોએ ગાઢ સંપર્ક જાળવી રાખ્યો છે. ગયા વર્ષના અંતમાં યોજાયેલી વિશેષ પ્રતિનિધિઓની ૨૩મી બેઠકમાં, બંને પક્ષોએ સરહદી પરિસ્થિતિના સામાન્ય વ્યવસ્થાપન અને નિયંત્રણને મજબૂત બનાવવા અને સરહદી વિસ્તારોમાં સંયુક્ત રીતે શાંતિ જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ભવિષ્યમાં પણ રાજદ્વારી અને લશ્કરી સ્તરે વાતચીત ચાલુ રાખવા પર સહમતિ સધાઈ છે.

ચીનના રાજદૂત ઝુ ફેઈહોંગે સ્વીકાર્યું છે કે ભારત અને ચીન વચ્ચે વિશ્વાસની ખામી એક મોટી સમસ્યા છે. તેમના મતે, છેલ્લા કેટલાક વર્ષોમાં બંને દેશો વચ્ચે ઓછા આદાનપ્રદાનના કારણે માહિતી અને સમજણનો અભાવ જોવા મળ્યો છે. હાલમાં મોટાભાગની સ્થાપિત આદાનપ્રદાન અને સંવાદ પદ્ધતિઓ સ્થગિત છે, અને લોકોનું એકબીજાના દેશમાં આવવા-જવાનું પણ ઓછું છે. ચીનના દૂતાવાસે ગયા વર્ષે ૨૮૦,૦૦૦ અને આ વર્ષે અત્યાર સુધીમાં ૮૫,૦૦૦ થી વધુ વિઝા જારી કર્યા હોવા છતાં, ચીની નાગરિકો માટે ભારતીય વિઝા મેળવવા હજુ પણ મુશ્કેલ છે. વધુમાં, બંને દેશોએ હજુ સુધી પત્રકારોની આપ-લે પણ શરૂ કરી નથી. રાજદૂતનું માનવું છે કે મીડિયા બંને દેશો વચ્ચે સમજણ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે અને તથ્યો આધારિત રિપોર્ટિંગ દ્વારા વિશ્વાસનું વાતાવરણ ઊભું કરી શકે છે.

ચીનના રાજદૂતે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા એકતરફી વેપાર ટેરિફનો પણ ઉલ્લેખ કર્યો અને તેને નિયમો આધારિત વૈશ્વિક વેપાર પ્રણાલી માટે ખતરો ગણાવ્યો. તેમનું માનવું છે કે આવા પગલાંથી વૈશ્વિક આર્થિક વ્યવસ્થાની સ્થિરતા જોખમાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ચીન કોઈ વેપાર યુદ્ધ નથી ઈચ્છતું, પરંતુ જો તેમના પર લાદવામાં આવે તો તેઓ તેનો સામનો કરવા માટે તૈયાર છે. ચીન અને ભારત વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા વિકાસશીલ દેશો છે અને બંને વચ્ચે સહકારની ઘણી સંભાવનાઓ રહેલી છે. બંને દેશો પરસ્પર વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને સરહદી મુદ્દાઓને શાંતિપૂર્ણ રીતે ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે પ્રાદેશિક અને વૈશ્વિક સ્થિરતા માટે મહત્વપૂર્ણ છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### ફિઝીશીયનોની કોન્ફરન્સ...

છે. જેનાથી જે તે દર્દી હરતા ફરતાં સામાન્ય જીંદગી જીવતા પોતાનું સુગર કન્ટ્રોલ કરી શકે છે. અમુક પ્રકારના ઈન્સ્યુલીન આવ્યા છે. જેમાં દર્દીએ અઠવાડીયે એક જ ઈન્જેકશન લેવુ પડે છે. નવા પ્રકારના ઈન્સ્યુલીનના ઈન્જેકશન આવ્યા છે. જેમાં વ્યક્તિ ક્યારેક વધારે પડતુ જમી લીધુ હોય કે સુગર વધુ જમાઈ ગયું હોય તેવા કેસમાં આ ઈન્જેકશન લે કે તરત બે મિનિટમાં ઈન્સ્યુલીન ઈન્જેકશન કામ કરતુ થઈ જાય છે અને વ્યક્તિને રાહત થાય છે. આમ ઈન્સ્યુલીનના ઈન્જેકશન ક્ષેત્રે થયેલ અદ્યતન શોધ વિશે ખાસ લેક્ચર રાખવામાં આવ્યુ છે. આ ઉપરાંત મેદસ્વીતાએ પણ સમાજ માટે ચિંતાનો વિષય છે અને થોડા સમય પહેલાં જ ભારતમાં મેદસ્વીતાની સારવાર માટે ઈન્જેકશન ઉપલબ્ધ બન્યા છે. જેમાં દર અઠવાડીએ વ્યક્તિએ એક ઈન્જેકશન લેવાનું હોય છે. આ ઈન્જેકશન કોણ લઈ શકે, તેનાથી ફાયદો કેટલો થાય, ઈન્જેકશન ચાલુ કર્યા બાદ કઈ બાબતોનું ધ્યાન રાખવુ, કેટલા ઈન્જેકશનનો કોર્ષ કરવો સહિત અનેક બાબતો પર ખાસ વર્કશોપ રાખવામાં આવ્યો છે.

કોન્ફરન્સનું મુખ્ય લેક્ચર જાણીતા ડોક્ટર સતીષ ખાંડેલકર દ્વારા આપવામાં આવશે. જેમાં તબીબ કઈ રીતે સતત પોતાના જ્ઞાનમાં વધારો કરતા રહેવુ, મગજના વિવિધ રોગ, ન્યુરોલોજીમાં અદ્યતન નિદાન-સારવાર વગેરે બાબતો પર વિસ્તૃત માહિતી આપવામાં આવશે.

કોન્ફરન્સના આયોજન માટે એ.પી.આર.કોન-૨૦૨૫ના પ્રેસીડન્ટ ડો. મયંક ઠક્કર, સેક્રેટરી ડો.મિલાપ ઠકરાર, સાયન્ટીફીક સેક્રેટરી, ડો. ગુંજન જોષી, ઉપ પ્રમુખ ડો. પારસ શાહ, આઈ.પી.પી. ડો. જયેશ ડોબરીયા, પ્રેસીડન્ટ ઈલેક્ટ ડો. તેજસ કરમટા, જોઈન્ટ સેક્રેટરી ડો. અર્ચિત રાઠોડ, ટ્રેઝરર ડો. સુનિલ ઉકાણી, ડો. વિશાલ પોપટાણી, ડો. વિરલ બલદાણીયા, સાયન્ટીફીક કમીટીના ડો. ડેનીશ સાવલીયા, ડો. નિરજ મહેતા, ડો. મનિષ બાવળીયા, ડો. મેધાવી ભપલ, એડવાઈઝરી કમીટીના ડો. ગિરીશ પટેલ, ડો. પ્રતાપ જેઠવાણી, ડો. કિરીટ દેવાણી, ડો.પ્રફુલ ગજ્જર, એક્ઝીક્યુટીવ કમીટીના ડો. અભીષેક રાવલ, ડો. અંકુર સીણોજીયા, ડો. ધ્રુવ કોટેચા, ડો. કૌમીલ કોઠારી, ડો. ક્રિષ્ના મોરી, ડો. કૃતાર્થ કાંજીયા, ડો. મુકેશ રંગાણી, ડો. નિલેશ દેત્રોજા સહિતના તબીબોની ટીમ કાર્યરત છે. કોન્ફરન્સના કો.ઓર્ડીનેટર તરીકે ડો.સંજય ભટ્ટ, ડો.પંકજ પટેલ, ડો.તુષાર પટેલ સેવા આપે છે. કોન્ફરન્સના મિડિયો કો.ઓર્ડિનેટર તરીકે વૈભવ ગ્રુપના વિજય મહેતા સેવા આપે છે.

(૧૨માં પાનાનું ચાલુ)

### ડો. વલ્લભભાઈ કથીરીયા...

કેન્દ્રિય ભૂમિકા છે. આ પહેલ વેદોથી પ્રયોગશાળાઓ સુધી અને ગૌશાળાઓથી વૈશ્વિક બજાર સુધીના દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે સમર્પિત છે. આ કાર્યક્રમ માત્ર એક મેળો નહીં, પણ ગૌ સંસ્કૃતિના નવજાગરણનો આરંભ છે.

આ બેઠકમાં એલએનસીટી યુનિવર્સિટીના સચિવ ડો. અનુપમ ચોકસે અને કુલપતિ નરેન્દ્ર થાપકે બેઠકમાં પધારેલા જીસીસીઆઈ અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયાનું સન્માન કર્યું.

પ્રાદેશિક બેઠકમાં મુખ્યત્વે શ્રી જવાહરલાલ ગુપ્તા, શૈલેષ પાળીવાલ (ઈન્દોર), સુમનલતા તામ્રકાર, અજય નરેલિયા (શાજાપુર), ગંભીરસિંહ રાજપૂત (નર્મદાપુરમ), રાજેશ ચૌહાણ (ઝાબુઆ), રામ રઘુવંશી (અશોકનગર), રાજવીરસિંહ (મોરેના), મનોજપ્રતાપસિંહ (સતના), ઈશ્વર અંબોદિયા (ઉજ્જૈન), ભગવાનસિંહ સિંગોરિયા (રાયસેન), શિશિર વિશ્વકર્મા (છિન્દવાડા), ભાગીરથ તિવારી (નરસિંહપુર), એ.એલ. દ્વિવેદી (ભોપાલ), હુકમસિંહ પાટીદાર (નીલબડ), દીપાલી ઉપાધ્યાય, અજય સોની (ભોપાલ) સહિત સમગ્ર પ્રદેશમાંથી ગૌસેવા સંસ્થાઓના પ્રતિનિધિઓએ સહભાગિતા નોંધાવી હતી.

બેઠકનું સંચાલન શૈલેન્દ્ર તેનગરીયા દ્વારા કરવામાં આવ્યું હતું અને પવન દુબેએ આભાર વિધિ નિભવી હતીમ

જીસીસીઆઈ દેશભરના ગૌસેવકો, ખેડૂત સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાઓ, મહિલા જૂથો, યુવા સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓને આહ્વાન કરે છે કે તેઓ ૩૦ મે થી ૨ જૂન ૨૦૨૫ દરમ્યાન જયપુરના વિદ્યાધર નગર સ્ટેડિયમ ખાતે યોજાનારા ગૌ મહાકુંભમાં ભાગ લઈ પોતાનો સ્ટોલ મો. ૯૩૫૧૦૪૧૯૧૩ પર સ્ટોલ બુક માટે સંપર્ક કરવા જણાવેલ છે.

### પારસમુની મ.સા....

મહાવીરભાઈ જૈન વિરલભાઈ બારોટ પ્રશાંતભાઈ ચોકસી વિદેશ ભાઈ અમિતભાઈ પુનારા મારવાડી ચિરાગભાઈ સમસ્ત મહાજનના કાર્યકર મુકેશભાઈ મહેતા જૈન મહેતા આદી સેવાભાવી ઉપસ્થિત રહી આ કાર્યને બીરદાવી ખુબ ખુબ અનુમોદના કરી હતી.

કેતનભાઈ સંઘવી સાથે નીતિનભાઈ મહેતા તથા સમગ્ર ટીમ પોતાના સમયનું અનુદાન આપી પુણ્યનું ભાથું બાંધી રહ્યાં છે.આ છાસ કેન્દ્રનો લોકો સારાં પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે. ''છાશ'' પીને ''હાશ'' નો અનુભવ કરી આશીર્વાદ આપી રહ્યા છે.

### માર્કેટિંગ યાર્ડ....

ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા ખાસ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે શાશ્વત ફાઉન્ડેશન નાં પ્રમુખ નિલેશપુરી ગોસ્વામી નાં રાહબર હેઠળ પરેશભાઈ સખિયા, હિમાંશુભાઈ કયાડા, ધર્મેશભાઈ પાટલીયા, ઉદયભાઈ માંડલિયા, ગિરીશભાઈ ગોહેલ, પરેશભાઈ ટોપીયા, ધર્મેન્દ્રભાઈ પિલોજપરા, મહેશભાઈ ટોપીયા, પરેશભાઈ ઢોલરીયા અને નલિભાઈ સાંગડીયા જહેમત ઉઠાવી રહ્યા છે.

# પોરબંદર-મુઝફ્ફરપુર એકસપ્રેસ ટ્રેન ડાયવર્ટ કરેલા રૂટથી ચાલશે

## ગોરખપુર સ્ટેશન પર નોન-ઈન્ટરલોકીંગ કાર્યના કારણે ફેરફાર

**અબતક,રાજકોટ**

પૂર્વોત્તર રેલવેના કુસમ્હી-ગોરખપુર-ગોરખપુર કેન્ટ સ્ટેશનો વચ્ચેની ત્રીજી લાઈનમાં નોન-ઈન્ટરલોકીંગ કાર્યને કારણે, રાજકોટ ડિવિઝન થી પસાર થતી પોરબંદર-મુઝફ્ફરપુર એકસપ્રેસ ટ્રેન ડાયવર્ટ કરાયેલા રૂટથી ચાલશે. વિગતવાર માહિતી નીચે મુજબ છે:- ૨૪.૦૪.૨૦૨૫, ૨૫.૦૪.૨૦૨૫, ૦૧.૦૫.૨૦૨૫ અને ૦૨.૦૫.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસને તેના નિર્ધારિત રૂટ ગોરખપુર કેન્ટ-પનિયાહવા-નરકટિયાગંજ જં.-મુઝફ્ફરપુર ને બદલે ડાયવર્ટેડ રૂટ વાયા ગોરખપુર કેન્ટ-ભટની જં.-છપરા ગ્રામિણ-મુજફ્ફરપુર જં. થઈને ચાલશે.

૨૭.૦૪.૨૦૨૫ અને ૨૮.૦૪.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૨૭૦ મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ તેના નિર્ધારિત રૂટ મુઝફ્ફરપુર જં.-નરકટિયાગંજ જં.-પનિયાહવા-ગોરખપુર કેન્ટ ને બદલે ડાયવર્ટેડ રૂટ વાયા મુજફ્ફરપુરપ જં.-છપરા ગ્રામિણ-ભટની જં.-ગોરખપુર કેન્ટ થઈને ચાલશે.

# જસદણ: નવીનતમ પેટા વિભાગીય કચેરીના નિર્માણ થકી વિદ્યુત વિતરણ સરળ બનશે: મંત્રી કુંવરજીભાઈ બાવળીયા

## મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે પી.જી.વી.સી.એલ.ની નવનિર્મિત મોઢુકા પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ

**અબતક, કાળુ રાઠોડ, જસદણ**

રાજયના જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે વિંછીયા તાલુકાના મોઢુકા ખાતે પી.જી.વી.સી.એલ.ની નવનિર્મિત પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.મંત્રીએ આ પ્રસંગે કહ્યું હતું કે, આ નવીનતમ પેટા વિભાગીય કચેરીના નિર્માણ થકી વિદ્યુત વિતરણની કામગીરી સરળ બનશે, તેમજ ત્વરિતપણે લોક-આવશ્યકતાઓ સંતોષાશે. અગાઉ મોઢુકા અને તેની આસપાસના ૨૬ ગામો વિંછીયા સબ ડિવિઝનમાં સમાવિષ્ટ હતા. વિંછીયા સબ ડિવિઝન ગ્રાહકોની દ્રષ્ટિએ ઓવર લોડેડ હોવાથી હવે મોઢુકા ખાતે નવી સબ ડિવિઝનના નિર્માણથી ગ્રાહકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળશે, નવા ખેતીવાડી વીજ કનેકશન માંગનાર અરજદારોને તુરંત જ વીજ કનેકશન આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ ગ્રાહકોએ પીજીવીસીએલની કોઈપણ કામગીરી માટે વીંછિયા ગામ સુધી જવું નહીં પડે. આ લોકાર્પણ પ્રસંગે મોઢુકા તથા વિંછીયા વિસ્તારના આગેવાનો, સરપંચો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ઈલેક્ટ્રીક વાહનો...

ફક્ત ૩,૯૦૦ વાહનો જ નોંધાયા હતા, જે વેચાણમાં તીવ્ર ઘટાડો દર્શાવે છે. આથી, સરકાર આ ટેક્સ ઘટાડા દ્વારા ઈલેક્ટ્રિક વાહનોના વેચાણને ફરીથી વેગ આપવા માંગે છે. અગાઉ સરકારે સબસિડી પણ આપી હતી, પરંતુ તે ગયા વર્ષે બંધ કરી દેવામાં આવી હતી.

ઈલેક્ટ્રિક વાહન ડીલરોનું માનવું છે કે સરકારના આ ટેક્સ ઘટાડાના નિર્ણયથી વેચાણમાં ચોક્કસપણે સુધારો થશે. તેમનું કહેવું છે કે અગાઉ પણ અન્ય રાજ્યોએ વાહન ટેક્સમાં ઘટાડો કર્યો હતો અને તેના પરિણામે ત્યાં વેચાણ વધ્યું હતું. હાલમાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં ગુજરાત ભારતમાં ૧૨માથી ૧૫મા ક્રમે આવે છે, પરંતુ ડીલરોને આશા છે કે આ નવા પ્રોત્સાહનથી ગુજરાત ટોચના ૧૦ રાજ્યોમાં સામેલ થઈ જશે. આ ઉપરાંત, રાજ્ય સરકારે પર્યટન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે મેક્સી કેબ પરના ટેક્સમાં પણ ઘટાડો કર્યો છે. પહેલાં મેક્સી કેબ પર ૮ ટકા અને ૧૨ ટકા ટેક્સ લાગતો હતો, જે હવે ઘટાડીને માત્ર ૬ ટકા કરવામાં આવ્યો છે. અધિકારીઓનું કહેવું છે કે આનાથી મેક્સી કેબ સસ્તી થશે અને રાજ્યમાં આવતા પ્રવાસીઓને ફાયદો થશે. આ પગલું ગ્રીન મોબિલિટીને પ્રોત્સાહન આપવાની સાથે સાથે પર્યટનને પણ વેગ આપશે.

# દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**મોરબી :** સ્વ.બળવંતસિંહ ભાવુભા ઝાલા (નિવૃત્ત પીએસઆઈ) (પંચાસરવાળા) તેઓ વિજયસિંહ તથા અજયસિંહ ઝાલા (ડી.વી.સાઉન્ડ)ના પિતા તેમજ પ્રદ્યુમનસિંહ ઝાલા (રાજકોટ બી.એસ.એન.એલ.)ના મોટાભાઈનું તા.૧૭-૦૪ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૧/૦૪ને સોમવારના રોજ ૪ થી ૬ કલાક દરમિયાન એ.કે. કોમ્યુનિટી હોલ ન્યુ ગુજરાત હાઉસિંગ બોર્ડ શનાળા રોડ મોરબી ખાતે રાખવામાં આવ્યું છે. સદ્‌ગતની ઉત્તરક્રિયા તા.૨૮/૪ને સોમવારના રોજ રાખેલ છે.



**રાજકોટઃ** મુળ ગામ આંબલીયાળા હાલ રાજકોટ ઈન્દુબા દાદભા જાડેજા (ઉ.વ.૭૬) તે સ્વ. દાદભા દાનુભા જાડેજાના પત્ની, નિર્મલસિંહ જાડેજા (આર.એમ.સી.), સ્વ. પ્રદયુમનસિંહ જાડેજા, પ્રતાપસિંહ જાડેજાના માતા, અનોપસિંહ દાનુભા જાડેજાના નાનાભાઈના પત્ની, કીરીટસિંહ જાડેજાના કાકીમાંનું તા. ૧૮ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૧ ને સોમવારે કોટેશ્વર મહાદેવ મંદિર, કોઠારીયા કોલોની ગરબી ચોક પાસે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ સુધી રાખેલ છે.



**રાજકોટઃ** સ્વ. શાંતિલાલ હીરાલાલ હિંડોચાના પુત્ર નિલેશ શાંતિલાલ હિંડોચા (ઉ.વ. ૪૯) તે સ્વ. રસિકભાઈ હિંડોચાના નાના ભાઈના પુત્ર તેમજ કનુભાઈ હિંડોચા(પૂર્વ કર્મચારી આરએમસી)ના ભત્રીજા તથા રિલેશ, મિત્રસેનના ભાઈ તથા મહેકના પિતાશ્રી અને હસુભાઈ માણેક(દ્વારકા)ના જમાઈનું તા. ૧૯ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તેમજ પિયર પક્ષની સાદડી તા. ૨૧ ને સોમવારના રોજ સાંજના ૫ થી ૬ વાગ્યા સુધી તેમના નિવાસસ્થાન-શ્યમજીકૃષ્ણ વર્મા ટાઉનશિપ, સનરાઈઝ સ્કૂલ પાસે, રેલનગર, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

ખાનગી કંપનીને નિયમ ભંગ કરી ઓછા રૂપિયા જમીન પધરાવી દેવાના મામલામાં

# કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્માને પાંચ વર્ષની સજા

## કચ્છમાં વેલસ્પન કંપની લિમિટેડ પ્રો પાઈપ કંપનીને જમીન ફાળવણીમાં ગેરરીતિના કેશમાં અમદાવાદ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

**અબતક, રાજકોટ**

ન્યાય માં દેર હોય અંધેર ન હોય કચ્છના પૂર્વ કલેકટર પ્રદીપ શર્માને કંપનીને જમીન ફાળવવામાં કરાયેલી ગેરરીતી સબબે અમદાવાદનીવિશેષ અદાલતે મહત્વના ચુકાદા આપ્યા છે. જમીન સંબંધિત કેસમાં પ્રદીપ શર્માને કોર્ટે દોષિત જાહેર કર્યા છે. પ્રદીપ શર્મા સરકારી અધિકારી તરીકે સત્તાના દુરુપયોગ મામલે દોષિત જાહેર થયા છે પરંતુ અન્ય બે કેસમાં પ્રદીપ શર્માને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.સસ્પેન્ડેડ આઈએએસ પ્રદીપ શર્મા કેસમાં વિશેષ અદાલતે મહત્વના ચુકાદા આપ્યા છે. જમીન સંબંધિત કેસમાં પ્રદીપ શર્માને કોર્ટે દોષિત જાહેર કર્યા છે. પ્રદીપ શર્મા સરકારી અધિકારી તરીકે સત્તાના દુરુપયોગ મામલે દોષિત જાહેર થયા છે પરંતુ અન્ય બે કેસમાં પ્રદીપ શર્માને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.

પ્રદીપ શર્મા સામે ત્રણ કેસ ચાલી રહ્યા હતા. જેમાં બે કેસમાં તેમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે અને એક કેસમાં આજે તેમને દોષિત જાહેર કરવામાં આવ્યા છે. એન્ટી કરપ્શન બ્યુરોમાં નોંધાયેલા કેસમાં પ્રદીપ શર્માને દોષિત જાહેર કરવામાં આવ્યા છે. કોર્ટે આ મામલામાં તેને ૫વર્ષની સજા ફટકારી છે. સાથે જ કુલ રૂપિયા ૭૫ હજારનો દંડ કર્યો છે. જેમાં એસીબી ની કલમ ૧૩ (૨) મુજબ ૫ વર્ષની સજા અને રૂ.૫૦ હાજરનો દંડ ઉપરાંત, એસીબીની કલમ ૧૧હેઠળ ૩ વર્ષની સજા અને રૂ. ૨૫હજારનો દંડ સ્પેશ્યલ કોર્ટે કહ્યું કે, જો આરોપી દંડ નહીં ભરે તો અનુક્રમે વધુ ત્રણ અને એક મહિનાની સજા થશે.

કચ્છના પૂર્વ કલેકટર અને સસ્પેન્ડેડ આઈએએસ પ્રદીપ શર્મા સામે ભુજ સીઆઈડી ક્રાઈમ બોર્ડર ઝોન પોલીસ મથકે ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ભુજ શહેરના મામલતદાર કલ્પનાબેન ગોદિયાએ પૂર્વ કલેકટર તાત્કાલિક નિવાસી નાયબ કલેકટર અને ભુજ સંજય છોટાલાલ શાહ નામના વ્યકિત સામે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે આજરોજ જમીન કૌભાંડમાં કોર્ટે પ્રદીપ શર્માને દોષિત જાહેર કર્યા છે. આ મામલે કોર્ટમાં સુનાવણી દરમિયાન પૂર્વ આઈએએસ અધિકારી પ્રદીપ શર્માને એક કેસમાં દોષિત ઠેરવ્યા બાદ તેમના વકીલે કોર્ટમાં સજા ઓછી કરવાની રજૂઆત કરી હતી. તો બીજી તરફ સરકારી વકીલે તેનો વિરોધ કર્યો હતો. આ મામલે સરકારી વકીલે કહ્યું હતું કે, આઈએએસ અધિકારી તરીકે ગુનો કર્યો છે. તે કોર્ટે માન્યો છે. તેમણે કહ્યું કે, આવા અધિકારીને ઓછી સજા થશે તો સમાજમાં ખોટા મેસેજ જશે. ત્યાર પછી સરકારી વકીલે કોર્ટમાં વધુ સજાની માંગ કરી હતી. સરકારી વકીલે વધુ કહ્યું હતું કે, કલેક્ટરની પોસ્ટ ધરાવતા અધિકારીને કડક સજા થવી જોઈએ અને ઉંમરના આધારે સજા ઓછી થાય તે માગ યોગ્ય નથી. તેમણે વધુ કહ્યું હતું કે, અપરાધીને સજા સાથે લેવા દેવા હોય છે, ઉંમર સાથે નહીં, આ મામલો કોઈ વ્યક્તિગત નથી પરંતુ દેશ વિરુદ્ધનું કૃત્ય છે. ઉલ્લેખનીય છે કે, પૂર્વ કચ્છ કલેકટર પ્રદીપ શર્મા વર્ષ ૨૦૦૩થી ૨૦૦૬ દરમિયાન કચ્છના કલેક્ટર તરીકે ફરજ બજાવતા હતા. પોતાની ફરજ દરમિયાન પ્રદીપ શર્માએ વેલસ્પન ઈન્ડિયા લિમિટેડ શો પાઈપ્સ કંપનીને ગેરકાયદેસર રીતે નીચા ભાવે જમીન ફાળવણી કરી હોવાની ફરિયાદ દાખલ થઈ હતી. ત્યારબાદ બંને કેસમાં સી આઈ ડી ક્રાઈમે પ્રદીપ શર્માની ધરપકડ કરી અને તેમને પાલારા જેલમાં મોકલ્યા હતા.

# સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાની સફળ બાયપાસ સર્જરી

### તબિયતમાં સુધાર હોવા છતાં હજુ હોસ્પિટલમાં રહેવું પડશે

**અબતક, રાજકોટ**

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા ઉપર અમદાવાદમાં એપિક હોસ્પિટલમાં ડો.અનીલ જૈને બાયપાસ સર્જરી કરી છે અને તે સફળ થઈ છે. ગુણવંતભાઈ ડેલાવાળાને તાજેતરમાં હૃદ્યરોગનો હુમલો આવ્યો હતો અને સિનર્જી હોસ્પિટલમાં ખસેડાયા બાદ વધુ સારવાર માટે અમદાવાદ એપિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.



અમદાવાદમાં શુક્રવારે ડો.અનીલ જૈને તેમના ઉપર બાયપાસ સર્જરી કરી હતી અને તે સફળ થઈ હતી. ગુણવંતભાઈને બે નળીમાં બ્લોકેજ હતું. હવે તેમની તબિયત સુધારા ઉપર છે.

હોસ્પિટલના સુત્રો અનુસાર, ગુણવંતભાઈ ઉપર બાયપાસ સર્જરી થઈ હોવાથી તેમને એકાદ અઠવાડિયુ રહેવું પડશે અને પછી રજા અપાશે.

ગુણવંતભાઈએ તેમના માટે પ્રાર્થના કરનાર તમામનો આભાર માનવામાં આવેલ છે.

# વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી માટે કમિટીની રચના કર્યા બાદ આંદોલનનો અંત!

### કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતીને લઈને ગાંધીનગર ખાતે ૩૨ દિવસથી આંદોલન ચાલી રહ્યું હતું

**અબતક, રાજકોટ**

કાયમી ભરતીની માગ સાથે ગાંધીનગરમાં છેલ્લા ૩૨ દિવસથી ચાલી રહેલા વ્યાયામ શિક્ષકોના આંદોલનનો અંત આવ્યો છે. છેલ્લા મહિના દિવસથી ચાલી રહેલા આંદોલન બાદ આજે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક યોજાય હતી જેમાં વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી માટે કમિટીની રચના કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાને કમિટીને કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતી અંગે આદેશ કર્યા હતા.



પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે છેલ્લા એક મહિનાથી કાયમી ભરતીની માગને લઈને વ્યાયામ શિક્ષકો આંદોલન કરી રહ્યા હતા. ત્યારે આખરે ૩૨ દિવસ બાદ વ્યાયામ શિક્ષકોનુ આંદોલન મુખ્ય પ્રધાનના કાયમી ભરતીના વચન આપ્યા બાદ સમેટાયુ હતું. આજે ગુરુવારે આંદોલન કરી રહેલા વ્યાયામ શિક્ષકો અને રાજયના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્ય પ્રધાને કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતી અંગે કમિટીને આદેશ કર્યા હતા. જ્યાં સુધી સરકાર દ્વારા ભરતીની સત્તાવાર જાહેરાત કરવામાં નહી આવે ત્યાં સુધી આંદોલન સ્થગિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આજની બેઠકમાં મુખ્ય પ્રધાને અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યા છે. કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતીને લઈને ગાંધીનગર ખાતે ૩૨ દિવસથી આંદોલન ચાલી રહ્યું હતું. આ દરમિયાન વ્યાયામ શિક્ષકોએ પોલીસ સાથે સંઘર્ષમાં પણ ઊતરવું પડ્યું હતું. ત્યારે હવે એક મહિના બાદ સરકારે તેમની સાથે બેઠકનું આયોજન કર્યું હતું. આ બેઠકમાં વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી માટે કમિટીની રચના કરવા માટેનો પણ આદેશ આપવામાં આવ્યો હતો.

# ઉનાળાની કાળઝાળ ગરમીમાં વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર નીલેશભાઈ જલુ દ્વારા છાસ વિતરણ

**અબતક, રાજકોટ**

તાજી પોષ્ટિક અને અમૃતરૂપી છાસનું વિતરણ વોર્ડ નં.૧૪માં આવેલ બોમ્બે આર્યન, કેવડાવાડી મેઈન રોડ તેમજ જલારામ ચોક વાણીયાવાળી મેઈન રોડ ખાતે આજરોજ એમ બે સ્થળોએ છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું અને સતત ૮ (આઠ) દિવસ સુધી આ ભગીરથ કાર્ય વોર્ડ નં.૧૪ના વિવિધ વિસ્તારોના મુખ્ય ચોકમાં કરવામાં આવશે. આજરોજ ૩૦૦ કિલો ઘોરવું અને છાસ આશરે ૩૦૦૦ લોકોએ અમૃતરૂપી છાસ પીધી.



આ કાર્યક્રમમાં ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ/ રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા/ રાજકોટ શહેર ભાજપ પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ/ પૂર્વ ડે.મેયર વલ્લભભાઈ દુધાત્રા/ દંડક નેતા મનીષભાઈ રાડિયા/ પૂર્વ મેયર પ્રદીપભાઈ ડવ/ માલધારી સમાજ આગેવાન કરણાભાઈ માલધારી/ સમસ્ત દરજી સમાજ પ્રમુખ તનસુખભાઈ ગોહેલ/ રજપૂત સમાજ અગ્રણી માવજીભાઈ ડોડીયા/લોધા સમાજ વિનોદભાઈ જરિયા તેમજ કાર્યકર્તા ભાઈઓ અને બહેનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા.

# ગોચરમાં રાહુ, બુધ, શુક્ર, શનિગ્રહની યુતિ, અકસ્માતો થવાની સંભાવના વધે

### વેપાર - ધંધા બીમારી સહિતની બાબતોમાં સાવચેત રાખવાની જરૂરી

**અબતક, રાજકોટ**

શાસ્ત્રી રાજદીપ જોશી
વેદાંત રત્ન

હાલમાં ગોચરમાં રાહુ બુધ શુક્ર શનિ ગ્રહની યુતિ મીન રાશિમાં ચાલી રહેલ છે તે ઉપરાંત મંગળ ગ્રહ કર્ક રાશિમા નીચ રાશિમાં છે આથી ભારત દેશ તથા દુનિયામાં અકસ્માતના બનાવો વધારે વધે તે ઉપરાંત જોઈએ તો લોકોમાં નિર્ણય શક્તિમાં ઘટાડો થાય ખાસ કરીને જે લોકો ઈમ્પોર્ટ એક્સપોર્ટનું કામ કરે છે માર્કેટિંગનું કામ કરે છે જમીન મકાન ક્ષેત્રે કામ કરે છે એવા લોકોએ ખાસ કરીને આ સમયે સાવચેત થઈ અને વેપાર કરવો જોઈએ બીજું જોઈએ તો જે લોકોને મોટી બીમારી છે વારસાગત બીમારી હોય તેઓએ પણ આ સમયે પોતાનું આરોગ્ય સાચવવું જોઈએ આ દરેક રાશીના લોકોને લાગુ પડે છે ખાસ કરીને આ સમય દરમિયાન જીવનના દરેક અગત્યના નિર્ણયો સાવચેતી પૂર્વક લેવા જોઈએ એ ઉપરાંત જોઈએ તો ૧૮ મે રાહુ ગ્રહ કુંભ રાશિમાં પ્રવેશ કરશે અને ત્યારબાદ અને શની રાહુ ગ્રહની શ્રાપિત યુતિ પૂર્ણ થશે અને ત્યારબાદ ક્રમશ રાહત મળશે.

# શંખેશ્વર તીર્થ જહાજ મંદિરના ધ્વજારોહણોત્સવ પંચાન્હિકા ભક્તિ મહોત્સવ ઉજવાશે

**અબતક, રાજકોટ**

શંખેશ્વર જૈનોના પ્રસિધ્ધ તીર્થ શંખેશ્વર ખાતે જહાજ મંદિર એવા નવગ્રહ યુકત વિશ્વના એકમેવ અષાઢીય પાર્શ્વનાથ જિનાલયના ૧૦મી ધ્વજારોહણના પાવન અવસરે નવગ્રહ પૂજનાદિ પંચાન્હિકા જિનેન્દ્ર ભકિત મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.




શંખેશ્વર પાર્શ્વચંદ્રસૂરિ દાદાવાડી જહાંજ મંદિર ટ્રસ્ટ મંડળ એન્કરવાલા ધામના નેજા હેઠળ પ્રવર્તક પાર્શ્વયશચંદ્રજી મ.સા., ધર્મરત્ન ચંદ્રજી મ.સા., પુન્યરત્નચંદ્રજી મ.સા, નયશેખર વિજયજી મ.સા., સાહિત્યરત્ન સુનંદીતાશ્રીજી મ.સા., આદિ અનેક સાધુ-સાધ્વીજીઓની નિશ્રામાં તા. ૨૨-૪ થી ૨૬-૪ દરમિયાન આયોજીત આ ભવ્ય પંચાન્હિકા મહોત્સવમાં પ્રથમ દિવસે ગુરુછત્રીસા પુજન, તા. ૨૩ ના અઢાર અભિષેક, તા. ૨૪ને નવગ્રહ પુજન, તા.૨૫ના સત્તરભેદી પુજા, સાથે જ ધ્વજારોહણનો પ્રસંગ ઉજવાશે. તા. ૨૬ ના બટુક ભૈરવ પૂજન ઉપરાંત સમગ્ર મહોત્સવ દરમ્યાન પ્રતિદિન પ્રભુ ભકિત ભાવના, ગુરુભકિત પરમાત્માને નીત નયનરમ્ય આંગી, પ્રભાવના, જીવદયા પ્રવૃતિ, દાતાઓના બહુમાન, વિગેરે કાર્યક્રમો સાથે જ પાર્શ્વરત્ન જલધારા સેલ્ફી સ્ટાર આદિનું અનાવરણ થશે. વિધિવિધાન એવમ સંગીતકાર તરીકે નિકેશભાઈ, શુભમ કટારીયા, શ્રી પાર્શ્વ મહિલા મંડળ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે માનવતાના મસિહા શ્રીમદ્દ વિજય પૂ. રત્નશેખર સુરિશ્વરજી મ.સા.ના ૫૦માં ગોલ્ડન જયુબીલી સંયમ વર્ષ નીમીતે પૂ. નયશેખર વિ મ.સા.ના ઉપદેશથી સમર સ્પેશ્યલ ચતુર્વિધ સંઘ ભકિતનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર મહોત્સવમાં હાજરી આપવા કચ્છ ગુજરાત મહારાષ્ટ્ર મુંબઈથી મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેનાર હોવાનું રમેશભાઈ વોરાએ જણાવ્યું હતું.

# ભાજપ આગેવાનોએ ડો.આંબેડકરજીના જીવન અંગે પ્રબુધ્ધ નાગરિકો સાથે ગોષ્ઠિ કરી

### ભાજપ સરકારે અનુ. જાતિના લોકોને આર્થિક પગભર બનાવ્યા: વકતા પલ્લવીબેન ઠાકર, લાલજીભાઈ સોલંકી

**અબતક, રાજકોટ**

ગુજરાતપ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ , સૌરાષ્ટ્ર ઝોન મહામંત્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ અનુ.જાતી મોરચા પ્રમુખ ગૌતમભાઈ ગેડીયા, જીલ્લા સંગઠન પ્રભારી ધવલભાઈ દવેની સુચના અનુસાર તેમજ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાના માર્ગદર્શન મુજબ ગુજરાત પ્રદેશ ભાજપ તરફથી વકતા તરીકે પલ્લવીબેન ઠાકર, લાલજીભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં ભારતના બંધારણના ઘડવૈયા, ભારતરત્ન ડો બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે જીલ્લા ભાજપ દ્વારા રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે ડો.બાબા સાહેબ આંબેડકરજીના જીવન-કવન પરપ્રબુદ્ધ નાગરીક સંમેલન યોજાયુહતુ. આ સંમેલનમાં રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા,રવિભાઈ માંકડિયા,જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણી, પ્રદેશ કારોબારી સભ્ય દિનેશભાઈ અમૃતિયા, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા સહિત જીલ્લા ભાજપના હોદેદારો, જીલ્લા મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, જીલ્લાના મંડલના પ્રમુખ-મહામંત્રી, જીલ્લા પંચાયતના સભ્ય ઓ, તાલુકા પંચાયત અને નગરપાલીકાના પ્રમુખ - ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન ઓ, અનુ.જાતી મોરચાના જીલ્લા હોદ્દેદાર, મંડલના પ્રમુખ-મહામંત્રી ઓ સહીતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે પ્રદેશ વકતા પલ્લવીબેન ઠાકર અને લાલજીભાઈ સોલંકીની યાદીમાં જણાવ્યું હતું કે, ભાજપના શાસનમાં છેવાડાના માનવીને સહાય પુરતી મળી રહે તેવા પ્રયત્નો સરકાર કરતી રહે છે.ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની સરકારે અનુ.જાતીના લોકોને વિવિધ યોજનાના લાભાંવિત કરીને આર્થિક પગભર બનાવ્યા છે. પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, પ્રદેશ મોરચા પ્રમુખ ગૌતમભાઈ ગેડીયા દ્વારા અનુ.જાતીના લોકોને વધુમાં વધુ યોજનાકીય લાભ મળેએ માટે ભારતીય જનતા પાર્ટી પણ આ બાબતે પ્રયત્નો કરીને ગામડે ગામડે છેવાડાના માનવી સુધી જઈને જન-જનને સરકારની યોજનાઓની સમજણ આપે છે.



આ સમગ્ર સંમેલનનું સંચાલન જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા તથા સ્વાગત તેમજ આભાર વિધિ જીલ્લા મહામંત્રી રવિભાઈ માંકડિયાએ કર્યું હતું.

# સરકારી ઈજનેરી કોલેજમાં કાલે પ્રવેશ પ્રક્રિયા અંગે એસીપીસી કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ (એ.સી.પી.સી) દ્વારા ધોરણ ૧૨(વિજ્ઞાન પ્રવાહ) પછી ઈજનેરી, ફાર્મસી તથા આર્કિટેક્ચર અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગે ની કાર્યવાહી ઓનલાઈન ચાલી રહેલ છે. પ્રવેશ પ્રક્રિયા ને લઈ વિદ્યાર્થીઓ-વાલીઓ ને યોગ્ય માર્ગદર્શન મળી રહે તથા તેના પ્રવેશ ને લગતા વિવિધ પ્રશ્નો નું સમાધાન મળી રહે એ માટે પ્રવેશ સમિતિ દ્વારા કાઉન્સેલિંગ સેમિનાર કાલે સરકારી ઈજનેરી કોલેજ (જી.ઈ.સી.), રાજકોટ (કણકોટ) ખાતે આયોજન થયેલું છે. આ સેમિનાર સંસ્થા ના સરોજિની નાયડુ ઓડિટોરિયમ ખાતે સવારે ૧૧ વાગ્યા થી શરૂ થશે. આ સેમિનાર દરમ્યાન પ્રવેશ સમિતિ ના પ્રતિનિધિઓ દ્વારા રજીસ્ટ્રેશન, ચોઈસ ફીલિંગ સહિત સમગ્ર ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંગે સંપૂર્ણ માહિતી પુરી પાડવામાં આવનાર હોય, પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ ને તેનો વધુ માં વધુ લાભ લેવા જણાવવામાં આવે છે. સેમિનાર હોલમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. વિદ્યાર્થી સાથે ફક્ત એક વાલીને પ્રવેશ આપવામાં આવશે. સરકારી ઈજનેરી કોલેજ, રાજકોટ ખાતે પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ ને મદદરૂપ થવાના હેતુસર હેલ્પ સેન્ટર સતત કોલેજ સમય દરમ્યાન કાર્યરત છે. જેની દરેક વિદ્યાર્થીઓ અને વાલીઓ એ નોંધ લેવા જણાવેલ છે.

## જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ૬૭૩મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**

રજનીકાંત લક્ષ્મીશંકર ત્રિવેદીનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૬૭૩મું ચક્ષુદાન થયેલ છે. આ એપ્રિલ ૨૦૨૫માં આઠમું ચક્ષુદાન થયેલ છે.

સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન ની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવાયું છે.

## રાધેશ્યામ ગૌશાળામાં કાલે ઉજવાશે સંત લાલાબાપાની ૮૪મી પુણ્યતિથિ

**અબતક, રાજકોટ**

રાધેશ્યામ ગૌશાળા, મોચી સમાજ દ્વારા સંત લાલાબાવાની ૮૪મી પુણ્યતિથિની ઉજવણી કરવામાં આવનાર છે. આ અંતર્ગત અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાધેશ્યામ ગૌશાળા, પાણીના ટાંકાની પાસે રૈયાધાર, રામાપીર ચોકડી, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે ઉજવણી થશે.

આવતી કાલે સાંજે ૫ કલાકે શૈલેષભાળ હેમતભાઈ ચૌહાણ, રામાપીર ચોકડી ૮૦ ફુટ રોડ, ૧૩ માળીયા કવાર્ટરની સામે, ૫મના ઘરઘંટી વાળી શેરીમાં સામૈયા કરવામાં આવશે. ત્યાર બાદ સાંજે ૭ કલાકે લાલાબાપાની આરતી ઉતરવામાં આવશે. આ સાથે ભોજન પ્રસાદનું પણ યોજાશે. જેનું આયોજન લાલજીભાઈ દામજીભાઈ ચાવડા અને શૈલેશભાઈ હેમંતભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. રાત્રે ૧૦ કલાકે અનેક નામ,-અનામી કલાકારો દ્વારા સંતવાણીનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવશે. આ ધાર્મિક મહોત્સવનો તથા ભોજન મહાપ્રસાદનો લાભ લેવા ભકતજનોને રાધેશ્યામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરાયો છે. તથા વધુ માહીતી માટે મો. નં. ૯૨૨૮૩ ૫૩૭૮૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# સાધુ વાસવાણી રોડ પર નેપાળી રસોઈયાએ જાતે છરીના ઘા જીકયા

### વતન નેપાલ માંથી પિતાનું શ્રાદ્ધ કરીને આવ્યા બાદ ગુમસૂમ રહેતા યુવકનો આપઘાત પ્રયાસ

**અબતક, રાજકોટ**

ઉનાળાની આકરી ગરમી મગજે ચડતી હોય તેમ નજીવી બાબતે મારામારી અને આપઘાતના પ્રયાસોના બનાવો વધી રહ્યા છે, સાધુ વાસવાણી રોડ પર ભાડાના મકાનમાં રહેતા અને ફાસ્ટ ફૂડની દુકાનમાં રસોઈયા તરીકે નોકરી કરતા રામ બહાદુરસિંહ ચંદ્રસિંહ નેપાળી‘‘૪૫‘‘એ પોતાના હાથે જ છરીનો ઘા ઝીંકી દેતા લોહી લુહાણ હાલતમાં સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો, ત્યાં સમયસરની સારવારથી તેને ભયમુકત જાહેર કરાયો હતો,રામ બહાદુર સાધુ વાસવાણી રોડ પર એક પુત્ર અને ચાર પુત્રીઓ, પત્ની સાથેના પરિવાર સાથે રહે છે બે દિવસ પહેલા નેપાલ થી પિતાનું શ્રાદ્ધ કરીને આવ્યો હતો અને વતનથી આવ્યા પછી ગમગીન રહેતો હોય વહેલી સવારે બધા સૂતા હતા ત્યારે તેણે પોતાના હાથે જ ગળા પર છરીનો ઘા જીકી લેતા અવાજ આવતા પરિવાર જાગી ગયો હતો અને સગપણમાં સાળા તિલકભાઈ અને પરિવારજનોએ લોહી નીકળતી હાલતમાં દવાખાને ખસેડ્યો હતો ત્યાં સમયસર ની સારવારથી રામ બહાદુર નો જીવ બચી ગયો હતો.

## મનપામાં ૩૧મી મે સુધી મિલકત પાણી વેરો ભરતી શકાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ નો મિલ્કત વેરા તથા પાણી વેરો ભરપાઈ કરવા માટે તમામ ઝોન ઓફીસ સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફીસ ખાતે મિલ્કત વેરા તથા પાણી વેરો તા. ૨૧-૪ થી ૩૧-૫ સુધી વેરાની વસુલાત સાંજે ૫ કલાકે સુધી સ્વીકારવામાં આવશે. જેની તમામ શહેરીજનોને નોંધ લેવા મનપાએ અનુરોધ કર્યો છે.

# હેલિકોપ્ટરોની સમસ્યાથી સૈન્યની કામગીરી પર અસર: નવા 1000 હેલિકોપ્ટરની જરૂર!

## હાલ હવાઈદળ પાસે ૭૫, નેવી પાસે ૨૪ અને કોસ્ટ ગાર્ડ પાસે ૧૯ અદ્યતન હેલિકોપ્ટર ઉપલબ્ધ!

**અબતક, રાજકોટ**

આપણને એવું લાગતું હોય છે કે હેલિકોપ્ટર અને ચોપર વચ્ચે કોઈ તફાવત નથી પરંતુ એવું નથી બંને વચ્ચે ઘણા તફાવત હોય છે. હેલિકોપ્ટર એક થી વધુ એન્જિન ધરાવે છે. જ્યારે ચોપરમાં સિંગલ એન્જિન હોવાને કારણે તેમાં ક્રેશ થવાની સંભાવના હોય છે. ત્યારે ભારતીય હવાઈદળ પાસે હેલિકોપ્ટર ઓછા હોવાથી તેઓને ચોપરનો ઉપયોગ કરવો પડે છે. અને તેથી જ ક્રશ થવાનું પ્રમાણ પણ વધુ જોવા મળી રહ્યું છે.

ત્યારે ભારતીય સશસ્ત્ર દળો હાલમાં બે મોટી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. એક તરફ તેમના જૂના હેલિકોપ્ટર છે, જે ખરાબ હાલતમાં છે અને વારંવાર ક્રેશ થાય છે. બીજી તરફ, તેમના આધુનિક 'ધ્રુવ' હેલિકોપ્ટરના મોટા કાફલાને ઘણા સમયથી ઉડાડવાનું બંધ કરી દેવામાં આવ્યું છે, જેના કારણે સૈન્યની કામગીરી પર ખરાબ અસર પડી રહી છે.

સૈન્ય પાસે લગભગ ૩૫૦ જૂના ચિત્તા અને ચેતક હેલિકોપ્ટર છે, જે ઊંચા ક્રેશ રેટ અને ઓછી કાર્યક્ષમતાથી પીડાઈ રહ્યા છે. આ ઉપરાંત, લગભગ ૩૩૦ ટ્વીન-એન્જિન 'ધ્રુવ' એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર (ALHs) ને પણ ગ્રાઉન્ડ કરવામાં આવ્યા છે. સૈન્ય સરહદો પર સૈનિકોને સામાન પહોંચાડવા અને અન્ય મહત્વપૂર્ણ કામગીરી માટે આ ALH પર ખૂબ આધાર રાખે છે. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, છેલ્લા ત્રણ મહિનાથી આ કામગીરીમાં મોટી ખલેલ પહોંચી છે. ભારતીય સેના પાસે ૧૮૦ થી



વધુ ALH છે, જેમાં ૬૦ 'રુદ્ર' નામના હથિયારવાળા હેલિકોપ્ટરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, IAF પાસે ૭૫, નેવી પાસે ૨૪ અને કોસ્ટ ગાર્ડ પાસે ૧૯ ALH છે. એકલા આર્મીમાં આ હેલિકોપ્ટરોએ ૨૦૨૩-૨૪ માં લગભગ ૪૦,૦૦૦ કલાક ઉડાન ભરી હતી.

આ સમસ્યાના ઉકેલ માટે સશસ્ત્ર દળોને આગામી ૧૦-૧૫ વર્ષોમાં વિવિધ પ્રકારના ૧,૦૦૦ થી વધુ નવા હેલિકોપ્ટરની જરૂર પડશે. આમાં ૩.૫-ટન વર્ગમાં ૪૮૪ લાઈટ યુટિલિટી હેલિકોપ્ટર (LUH) અને ૧૦-૧૫-ટન વર્ગમાં ૪૧૯ ભારતીય મલ્ટી-રોલ હેલિકોપ્ટર (IMRH) નો સમાવેશ થાય છે. જો કે, આ નવા હેલિકોપ્ટર બનાવવાની યોજનાઓમાં ઘણો વિલંબ થઈ રહ્યો છે. આ ઉપરાંત, ૧૫૬ 'પ્રચંડ' હળવા લડાયક હેલિકોપ્ટર પણ ખરીદવાના છે, જેનો ૬૨,૭૦૦ કરોડ નો સોદો HAL સાથે થયો છે અને જેની ડિલિવરી ૨૦૨૮-૨૦૩૩ દરમિયાન થવાની છે.

જો કે, એક કામચલાઉ ઉકેલ તરીકે સૈન્યએ ઉત્તર અને પશ્ચિમ સરહદો પર સામાન પહોંચાડવા માટે કેટલાક ખાનગી હેલિકોપ્ટર ભાડે રાખ્યા છે. હેલિકોપ્ટરની અછતને કારણે ગયા નવેમ્બરમાં આર્મી દ્વારા આ પગલું લેવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં, આ ખાનગી હેલિકોપ્ટરોએ કારગિલ, ગુરેઝ અને હિમાચલ સેક્ટર સહિતના વિસ્તારોમાં લગભગ ૯૦૦ ટન સામાન પહોંચાડવા માટે ૧,૫૦૦ કલાકથી વધુ ઉડાન ભરી છે. પરંતુ ALH હેલિકોપ્ટરોનું જલ્દીથી ફરીથી ઉડાન ભરવું ખૂબ જરૂરી છે, કારણ કે હજુ સુધી તેમના ગ્રાઉન્ડિંગનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. અનુભવી પાઈલટોનું કહેવું છે કે આ વખતે સલામતીની તપાસ સંપૂર્ણ અને પારદર્શક હોવી જોઈએ.

# આઈપીએલ ૨૦૨૫: લો સ્કોરિંગ મેચમાં પંજાબે બેંગ્લોરને હરાવ્યું

## ૯૬ રનનો ટાર્ગેટ પંજાબે ૧૨.૧ ઓવરમાં હાંસલ કર્યો: પંજાબના બોલરોની ધારદાર બોલિંગ, ટિમ ડેવિડની ફિફ્ટી એળે

**અબતક, બેંગ્લોર**

આઈપીએલ-૨૦૨૫માં ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાયેલી મેચમાં પંજાબનો વિજય થયો છે. આ સાથે પંજાબની ટીમ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગઈ છે. વરસાદના કારણે ૧૪-૧૪ ઓવરની કરાયેલી મેચમાં બેંગલુરુએ ૯ વિકેટે ૯૫ રન નોંધાવ્યા હતા, જેના જવાબમાં પંજાબની ટીમે ૧૨.૧ ઓવરમાં ૫ વિકેટે ૯૮ રન બનાવી પાંચ વિકેટે ભવ્ય વિજય મેળવી છે. પંજાબના બોલરોએ કહેર વરસાવતા બેંગલુરુની ટીમ સસ્તામાં ઓલઆઉટ થવાની શક્યતા હતી. વિરાટ કોહોલી અને કૃણાલ પંડ્યા જેવા બેટરોએ પણ શરમજનક બેટીંગ કરી હતી. જોકે સાતમાં ક્રમે આવેલા ટિમ ડેવિડે દમદાર બેટીંગ કરતા ટીમને શરમજનક સ્થિતિમાંથી બચાવી છે.

### અર્શદીપ સિંહ પંજાબ માટે સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો

અર્શદીપ સિંહે ૨૦૧૯ માં પહેલી વાર પંજાબ કિંગ્સ માટે ડેબ્યૂ કર્યું હતું. તેણે પંજાબ માટે રમતા માત્ર ૬ વર્ષમાં ઈતિહાસ રચી દીધો છે. તે આ ટીમ માટે સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો. આરસીબી સામે ફિલ સોલ્ટને આઉટ કરતાની સાથે જ અર્શદીપ રેકોર્ડ યાદીમાં ટોચ પર પહોંચી ગયો. તેણ. આરસીબી સામે ૨ વિકેટ લીધી, ફિલ સોલ્ટ સિવાય તેણે કોહલીને પણ પેવેલિયન મોકલ્યો.

પંજાબ કિંગ્સે ૨૦૨૫ પહેલા અર્શદીપ સિંહને રિલીઝ કર્યો હતો. પરંતુ ૨૦૨૫ માં, પંજાબે ફરીથી તેને ૧૮ કરોડ રૂપિયામાં પોતાની ટીમમાં સામેલ કર્યો. અર્શદીપ સિંહે પીયૂષ ચાવલાને પાછળ છોડી દીધો છે, જે વર્ષોથી પંજાબ માટે સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં ટોચ પર હતા.

મેચમાં માત્ર બેંગલુરુની જ નહીં પંજાબના બેટરોની પણ નિરાશાજનક બેટિંગ જોવા મળી હતી. ટીમ તરફથી ઓપનિંગમાં આવેલા પ્રિયાંશ આર્ય માત્ર ૧૬ રને જ્યારે પ્રભસિમરન સિંઘ ૧૩ રને આઉટ થયો હતો. ત્યારબાદ કેપ્ટન શ્રેયસ ઐય્યર ૭ રન, જોશ ઈંગ્લિસ ૧૪ રન, નેહલ વાઢેર અણનમ ૩૩ રન, સશાંક સિંગ ૧ રન, માઈક્રો સ્ટોનીકે અણનમ ૭ રન નોંધાવ્યા છે.

પંજાબના બોલર જોશ હેઝલવુડે દમદાર બોલિંગ કરીને ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે ભુવનેશ્વર કુમારે બે વિકેટ ઝડપી હતી.પહેલા પંજાબના બોલરોએ એક પછી એક વિકેટો ઝડપી બેંગલુરુના ખેલાડીઓને પેવેલીયન ભેગા કરી દીધા છે. પ્રથમ બોલિંગ કરનાર અર્શદીપ સિંઘે આવતાની સાથે જ પીલ શોલ્ટને ચાર રને અને વિરાટ કોહલીને એક રને આઉટ કરી દીધો છે. અર્શદીપ સિંઘે ત્રણ ઓવરમાં ૨૩ રન આપીને બે વિકેટ ખેરવી છે. આ ઉપરાંત મેક્રો જેનસને, યુઝુવેન્દ્ર ચહલ અને હરપ્રીત બ્રારે પણ બે-બે વિકેટ ઝડપી છે. જ્યારે ઝેવિયર બાર્ટલેટ એક વિકેટ ઝડપી છે.

# ડિપ્લોમામાંથી ડિગ્રી ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે આજે કોમન ટેસ્ટ

**અબતક, રાજકોટ**

ડિપ્લોમા ટુ ડિગ્રી ઈજનરી અને ડિપ્લોમા ટુ ડિગ્રી ફાર્મસીમાં પ્રવેશ માટે આજે રોજ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવામા આવી હતી. આ વર્ષે પરીક્ષા માટે સમગ્ર રાજ્ય અને રાજ્ય બહારથી મળીને કુલ ૨૦ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. પરીક્ષા માટે ૨૦થી વધુ રાજ્યોના ૭૫૦ જેટલા વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના ૩૩ જિલ્લાના કુલ ૫૬ પરીક્ષા કેન્દ્રો પર આ પરીક્ષા લેવા માટેનું આયોજન કરવામાં આવ્યું હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય સરકારે ગત વર્ષથી ડિપ્લોમાં ટુ ડિગ્રી પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ અમલમાં મુકવામાં આવી છે. જેથી આ વર્ષે પણ કોમન ટેસ્ટ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ વખતે જૂના વિદ્યાર્થીઓને પણ પરીક્ષા આપવાની અને રેગ્યુલર પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવાની તક આપવામા આવી છે. જેના પગલે પરીક્ષામાં ઉપસ્થિ રહેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨ હજાર જેટલો વધારો થયો હોવાનું જાણવા મળે છે. ગત વર્ષે ૧૮ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. જ્યારે આ વર્ષે ૨૦૩૬૪ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા છે. શનિવારના રોજ લેવાનારી આ પરીક્ષા માટે રાજ્યના ૩૩ જિલ્લાના ૫૬ પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે.પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ જીટીયુ દ્વારા માન્ય કેલ્ક્યુલેટર જ લઈ જઈ શકાશે. દરેક સેન્ટર પર કલાસ ૧-૨ ના અધિકારીઓ રહેશે. શનિવારે પરીક્ષા પુરી થયા બાદ સાંજે પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી દેવાશે અને સોમવારના રોજ વિદ્યાર્થીઓની ઓએમઆરશીટ પણ ઓનલાઈન મુકી દેવાશે. આમ, પરીક્ષા પુર્ણ થયા બાદ પરિણામ વહેલુ જાહેર કરી શકાય તે માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ગત વર્ષે પ્રથમવાર આ પરીક્ષા લેવામાં આવી હતી, જેમાં કોર્સ બહારના પ્રશ્નોને લઈને મોટી છબરડો થતા ૮ ગુણનું ગ્રેસિંગ આપવાની ફરજ પડી હતી.

# જેઈઈ મેઈન્સની પરીક્ષામાં ગુજરાતના બે વિદ્યાર્થીઓને ૧૦૦ પર્સન્ટાઈલ

## ગુજરાતમાં શિવેન વિકાસ તોસનીવાલ અને આદિત પ્રકાશ ભાગડેએ ૧૦૦ પર્સન્ટાઈલ રેન્ક મેળવીને ટોપ કર્યું

**અબતક, રાજકોટ**

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ શુક્રવારે મોડી રાત્રે એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટે લેવામાં આવેલી જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન મેઈન ૨૦૨૫ના બીજા તબક્કાનું પરિણામ જાહેર કર્યું. જેઈઈ મુખ્ય સત્ર એક અને બીજા સત્રની પરીક્ષામાં કુલ ૨૪ ઉમેદવારોએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે. જેમાં રાજસ્થાનના ઓમ પ્રકાશ બેહેરા, સક્ષમ જિંદાલ, અર્ણવ સિંહ, રજિત ગુપ્તા, મોહમ્મદ અનસ, આયુષ સિંઘલ અને લક્ષ્ય શર્માએ ટોપ પર છે. જ્યારે ગુજરાતના શિવેન વિકાસ તોષનીવાલ અને અદિત પ્રકાશ ભગડે ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે. ગુજરાતમાં શિવેન વિકાસ તોસનીવાલ અને આદિત પ્રકાશ ભાગડેએ ૧૦૦ પર્સન્ટાઈલ રેન્ક મેળવીને ટોપ કર્યું હતું.

આ વર્ષે જેઈઈ મેઈન ૨૦૨૫ બે રાઉન્ડમાં લેવામાં આવી હતી. જો કોઈ ઉમેદવાર બંને સત્રોમાં હાજર રહ્યો હોય, તો અંતિમ મેરિટ યાદી તૈયાર કરતી વખતે જેઈઈ મેઈનમાં ઉમેદવારના શ્રેષ્ઠ સ્કોરને ધ્યાનમાં લેવામાં આવશે. આ વર્ષે પરીક્ષામાં કુલ ૯,૯૨,૩૫૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૬,૮૧,૮૭૧ મહિલા ઉમેદવારો અને ૩,૧૦,૪૭૯ પુરુષ વિદ્યાર્થીઓ હતા.

પહેલા સત્રમાં ૧૪ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા હતા. ૨૪ ઉમેદવારોમાંથી, ૭ રાજસ્થાનના, ૩-૩ મહારાષ્ટ્ર, તેલંગાણા અને યુપીના, ૨-૨ પશ્ચિમ બંગાળ, ગુજરાત અને દિલ્હીના છે. એક-એક કર્ણાટક અને આંધ્રપ્રદેશનો છે. ૧૦૦ પર્સન્ટાઈલ મેળવનારાઓમાં ૨૧ ઉમેદવારો સામાન્ય શ્રેણીના છે. ત્યાં જ, ઈડબ્લ્યુએસ, ઓબીસી (નોન-ક્રીમી લેયર), એસસી શ્રેણીમાંથી એક-એક ઉમેદવારે ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે.

### ખોરાક એ જ દવા!!!

# વધારે પડતી ફેટ ૪૦ વર્ષથી મોટી ઉંમરના લોકોમાં "ફેટી લીવર" સર્જે છે!!

## ફક્ત દારૂ જ નહીં, આધુનિક જીવનશૈલી, વધુ કેલેરી વાળો ખોરાક તેમજ ડાયાબિટીસ જેવી બીમારી પણ ફેટી લીવર માટે જવાબદાર!

**અબતક,રાજકોટ**

બોલિવૂડની જાણીતી ફિલ્મ 'સત્તે પે સત્તા'માં અમિતાભ બચ્ચનનું એક પ્રખ્યાત ડાયલોગ છે, ''દારુ પીને સે લીવર ખરાબ હો જાતા હૈ.'' જો કે, વર્ષ ૨૦૨૫માં ગુજરાત જેવા રાજ્યમાં લીવરને નુકસાન થવાનું મુખ્ય કારણ દારૂ નથી, પરંતુ આપણો ખોરાક બની ગયો છે. આજકાલ લોકો જે રીતે જંક ફૂડ અને વધુ પડતી કેલરીવાળો ખોરાક ખાઈ રહ્યા છે, તેના કારણે તેમના લીવરમાં ચરબી જમા થઈ રહી છે, જેને ફેટી લીવર રોગ કહેવાય છે. આ એક એવી સમસ્યા છે જે ધીમે ધીમે વધી રહી છે અને આપણા સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો ઊભો કરી શકે છે.

ફેટી લીવર થવાના મુખ્ય કારણોમાં આપણી આધુનિક જીવનશૈલી અને ખોરાકની આદતોનો સમાવેશ થાય છે. જંક ફૂડ અને પ્રોસેસ્ડ ખોરાકનો વધુ પડતો વપરાશ, જેમાં ઉચ્ચ માત્રામાં ટ્રાન્સ ચરબી હોય છે, તે લીવરમાં ચરબી જમા થવાનું એક મોટું કારણ છે. આ ઉપરાંત, બેઠાડુ જીવનશૈલી, જેમાં શારીરિક પ્રવૃત્તિનો અભાવ હોય છે, તે પણ ફેટી લીવરનું જોખમ વધારે છે. વધુ પડતી કેલરીવાળો ખોરાક લેવાથી શરીરમાં વધારાની ચરબી બને છે, જે લીવરમાં જમા થવા લાગે છે. સ્થૂળતા અને ડાયાબિટીસ જેવી બીમારીઓ પણ ફેટી લીવર થવાની શક્યતાઓને વધારે છે. આ બધા પરિબળો એકસાથે મળીને લીવરના સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરે છે અને ફેટી લીવરની સમસ્યા ઊભી કરે છે.

ત્યારે તાજેતરમાં એપોલો હોસ્પિટલ્સ દ્વારા પ્રકાશિત થયેલા 'હેલ્થ ઓફ ધ નેશન ૨૦૨૫' ના રિપોર્ટમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. આ રિપોર્ટમાં સમગ્ર ભારતના ૨.૫ લાખ લોકોના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જેમણે નિવારક આરોગ્ય તપાસ માટે નોંધણી કરાવી હતી. આમાંથી ૬૫% લોકો, જેમને અગાઉ લીવરની કોઈ બીમારી નહોતી, તેમના લીવરમાં ચરબી જોવા મળી હતી. સૌથી ચિંતાજનક વાત એ છે કે આમાંથી ૫૨% લોકોમાં લીવરના એન્ઝાઈમનું સ્તર સામાન્ય હતું, જેને નોન-આલ્કોહોલિક ફેટી લીવર રોગ કહેવામાં આવે છે. વર્ષ ૨૦૨૩માં એમ્સ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ આંકડો માત્ર ૩૮% હતો, જે દર્શાવે છે કે આ સમસ્યા કેટલી ઝડપથી વધી રહી છે.

ગુજરાતના આંકડા પણ ભારતના આંકડા જેવા જ છે. જે અંગે ડોક્ટરોના જણાવ્યા અનુસાર, ૪૦ થી ૬૦ વર્ષની ઉંમરના સામાન્ય લોકોમાં લગભગ ૪૦% લોકો ફેટી લીવરથી પીડિત છે. લીવર ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે ત્યારે આ એક મોટી સમસ્યા બની જાય છે, કારણ કે ફેટી લીવરવાળા ઘણા સંબંધીઓ લીવર દાન કરવા માટે યોગ્ય હોતા નથી, જેના કારણે તેમને નકારવા પડે છે. આ પરિસ્થિતિ દર્શાવે છે કે ફેટી લીવરની સમસ્યા કેટલી વ્યાપક બની ગઈ છે અને તે અંગદાન જેવા મહત્વપૂર્ણ કાર્યને પણ અસર કરી રહી છે.

આઈકેડીઆરસીના ડિરેક્ટરે આ વર્ષના વિશ્વ યકૃત દિવસની થીમ 'ખોરાક એ દવા છે' વિશે વાત કરતાં જણાવ્યું હતું કે ફેટી લીવર રોગમાં સતત વધારો થવાના કારણે આ થીમ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમના જણાવ્યા અનુસાર, લીવર દાન કરવા માટે સંભવિત વ્યક્તિઓમાં લગભગ ૫૦% લોકોને ફેટી લીવર જોવા મળે છે. જો લીવરમાં ચરબીનું પ્રમાણ તેના કુલ વજનના ૧૦% થી વધુ હોય તો તેઓ ટ્રાન્સપ્લાન્ટ માટે આગળ વધતા નથી, કારણ કે આવા કિસ્સાઓમાં મુશ્કેલીઓ થવાની શક્યતા વધી જાય છે. ડોક્ટર મોદીએ એ પણ ઉમેર્યું કે જે લોકોને પહેલાથી જ હાઈપરટેન્શન, સ્થૂળતા અને ડાયાબિટીસ જેવી બીમારીઓ હોય તેમનામાં ફેટી લીવરની સમસ્યા વધુ ગંભીર બની શકે છે.

# અનાજની તંગી અને પર્યાવરણને લઈ બ્રિક્સ દેશોએ જમીન નવસર્જન કરવાનું બીડુ ઝડપ્યું !!!

## ૧૧ સભ્ય દેશોએ જમીનની ફળદ્રુપતા ઘટવા સહિતના મુદ્દાઓને પહોંચી હાથ મિલાવ્યો : ભારતે નાના ખેડૂતોને સીધા ગ્રાહકો સાથે જોડી શકાય તેવી વ્યવસ્થા પર ભાર મૂક્યો

**અબતક, રાજકોટ**

ધરતી આપણી માં છે. રહેઠાણ, ખોરાક સહિત પૃથ્વી પર જીવન સંભવિત બનાવવા માટે ધરતી આધાર સ્તંભ છે. ત્યારે આપણી પ્રવૃતિઓને કારણે આપણે અનેક રીતે ધરતીને પ્રદૂષિત કરી રહ્યા છીએ. ખેતીલાયક જમીનમાં મુખ્યત્વે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગથી પ્રદૂષણ વધ્યું છે. જે જમીનમાં ઝેરી તત્ત્વો ઉમેરી તેની ફળદ્રુપતા ઘટાડે છે અને પાણીના સ્રોતોને પણ દૂષિત કરે છે. આ ઉપરાંત, ઔદ્યોગિક કચરા અને ગંદા પાણીનો યોગ્ય નિકાલ ન કરવાથી પણ ખેતીની જમીનમાં હાનિકારક રસાયણો અને ભારે ધાતુઓ ભળે છે, જે જમીનને બિનઉપજાઉ બનાવે છે અને પાકની ગુણવત્તાને અસર કરે છે. કચરાના યોગ્ય વ્યવસ્થાપનના અભાવે પ્લાસ્ટિક અને અન્ય બિન-વિઘટનીય કચરો જમીનમાં લાંબા સમય સુધી રહે છે અને તેને નુકસાન પહોંચાડે છે, આ બધી પ્રવૃત્તિઓએ ખેતીલાયક જમીનને પ્રદૂષિત કરી તેને બિનઉપયોગી બનાવે છે. ત્યારે આ મુદ્દાની ગંભીરતાને સમજીને બ્રિક્સ દેશોની બેઠક યોજાઈ હતી.

બ્રિક્સ દેશો (જેમાં ભારત પણ સામેલ છે) એ જમીનની બગડતી હાલત, રણ બનતી જમીન અને જમીનની ફળદ્રુપતા ઘટવાના મુદ્દાઓને પહોંચી વળવા માટે એક નવી યોજના શરૂ કરી છે, જેનું નામ છે ''બ્રિક્સ લેન્ડ રિસ્ટોરેશન પાર્ટનરશિપ''. આ યોજનાનો હેતુ જૂથના ૧૧ સભ્ય દેશોમાં જમીનને ફરીથી સારી બનાવવાનો છે.

બ્રાઝિલમાં બ્રિક્સના કૃષિ મંત્રીઓની બેઠક થઈ, જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો. આ વખતે વધુ છ નવા દેશો પણ બ્રિક્સમાં જોડાયા હોવાથી આ પહેલી મોટી બેઠક હતી. ભારત તરફથી કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ભાગ લીધો હતો. ચૌહાણે પોતાના ભાષણમાં કહ્યું કે દુનિયાભરની કૃષિ યોજનાઓમાં નાના ખેડૂતોનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે.

બ્રિક્સ દેશો દુનિયાની લગભગ અડધી વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે અને વૈશ્વિક અર્થતંત્રમાં પણ મોટો ફાળો આપે છે. બ્રિક્સ દેશો વિશ્વના દેશોની ૪૭% વસ્તી ધરાવે છે. અને જીડીપીમાં ૩૬% હિસ્સો ધરાવે છે. નવા જોડાયેલા છ દેશો સાથે હવે બ્રિક્સમાં કુલ ૧૧ સભ્યો છે. બેઠકમાં કૃષિ વેપાર માટે બજાર બનાવવા, ભાવ વધઘટને કાબૂમાં રાખવા અને નાના ખેડૂતોને તેમના પાકના સારા ભાવ મળે તે માટે ચર્ચા કરવામાં આવી.ભારતે અનાજનો સંગ્રહ કરવાની સિસ્ટમ, લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) અને એવી વ્યવસ્થા ઊભી કરવા પર ભાર મૂક્યો જે નાના ખેડૂતોને સીધા ગ્રાહકો સાથે જોડે. સરળ શબ્દોમાં કહીએ તો, બ્રિક્સ દેશોએ સાથે મળીને જમીનને બચાવવા અને ખેડૂતોને મદદ કરવા માટે એક મોટું પગલું ભર્યું છે

# રાજયભરમાં બે દિવસ બાદ ગરમીનો પારો ફરી ઉંચકાશે!

## હવામાન ખાતાએ પશ્ચિમીથી ઉત્તર-પશ્ચિમી દિશામાં પવનની ગતિ રહેવાથી આગામી બે દિવસ માટે અડધા ઉપરાંતના રાજ્યમાં યલો એલર્ટ જાહેર કર્યું

**અબતક, રાજકોટ**

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને અપર એર સરક્યુલેશનના કારણે બદલાયેલા પવનની દિશાને પગલે છેલ્લે બે દિવસથી ગરમીના પ્રમાણમાં થયેલા આંશિક ઘટાડા પછી ફરીથી તાપમાનનો પારો ઉચકાયો છે. એટલું જ નહીં હવામાન ખાતાએ પશ્ચિમીથી ઉત્તર-પશ્ચિમી દિશામાં પવનની ગતિ રહેવાથી આગામી બે દિવસ માટે અડધા ઉપરાંતના રાજ્યમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત આગામી સપ્તાહમાં કાંઠા વિસ્તારોમાં ગરમીની સાથે ભેજનુ પ્રમાણ વધવાની આગાહી પણ કરી છે.બે દિવસ પવન ફૂંકાવાના કારણે અમદાવાદ મહાનગરમાં ગરમીમાં થોડીક રાહત જણાતી હતી, પરંતુ આજે સવારથી જ આકરી ગરમીનો અહેસાસ લોકોએ કર્યો હતો. સાંજ સુધીમાં હવામાનમાં ભેજનુ પ્રમાણ ૧૧ ટકા જ રહેતાં સૂકા પવનો સાથે આકરી ગરમીનો નાગરિકોને અહેસાસ થયો હતો. શહેરમાં ૪૧.૬ ડિગ્રી ગરમી નોંધાઈ હતી, જે ગઈકાલની સરખામણીએ અડધો ડિગ્રી વધી હતી. અમદાવાદમાં પણ તાપમાનનો પારો ૪૩ ડિગ્રી કે તેનાથી થોડોક વધી શકે છે. આ જ રીતે રાજ્યમાં સૌથી વધુ ગરમી રાજકોટમાં ૪૨.૮ ડિગ્રી નોંધાઈ છે. કચ્છ અને સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં સવારથી જ લૂ ફૂંકાવાના કારણે જનજીવન પર ગંભીર અસર પડી છે. ભૂજમાં આજે ૪૧ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અમરેલીમાં તાપમાન ૪૨ ડિગ્રીને પાર થઈ ગયું હતું.હવામાન ખાતાની આગાહી પ્રમાણે, આગામી ૪૮ કલાક માટે કચ્છ-સૌરાષ્ટ્રના ભાગોમાં ખાસ કરીને કચ્છ અને રાજકોટમાં ગરમીનો પારો ઉચકાઈ શકે છે. હવામાન ખાતાએ હીટવેવની સાથે ધૂળભરી આંધી ફૂંકાવાની શક્યતા પણ વ્યક્ત કરી છે. હવામાન ખાતાના કહેવા પ્રમાણે ૧૯ અને ૨૦ એપ્રિલ દરમિયાન રાજ્યના અમદાવાદ, ગાંધીનગર ઉપરાંત બનાસકાંઠા, મહેસાણા, અરવલ્લી, પાટણ, સાબરકાંઠા, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર એમ ૧૪ જિલ્લાઓમાં ગરમીની સ્થિતિને લઈ યલો એલર્ટ જાહેર કર્યું છે. આ જિલ્લાઓમાં ઘણા ભાગોમાં બપોરે અને સાંજે ૨૦થી ૩૦ કિમીની ઝડપે ધૂળભરેલી આંધી ફૂંકાઈ શકે છે. આ જ રીતે આગામી સપ્તાહે ૨૨થી ૨૪ એપ્રિલ દરમિયાન સૌરાષ્ટ્ર કચ્છ સહિતના દરિયાકાંઠાના ભાગોમાં ગરમીની સાથે ભેજનુ પ્રમાણ વધી શકે છે .

### વાહનચાલકોએ એક-સવા કલાકથી વધુ સમય વાહન ચલાવવા ન જોઈએ


હાલના ઉનાળાની કાળઝાળ ગરમીમાં વાહન અને વાહનચાલક ખૂબ પ્રભાવિત થાય છે. આ વાહનચાલકોએ ઉનાળાની ઋતુમાં પૂરતો આરામ અને હાઈડ્રેટેડ રહેવું જરૂરી છે સાથોસાથ પોતાના વાહનોમાં ટાયરની લાઈફ-સાઈકલ, એર ફિલ્ટર, એન્જિન જાળવણી, રેડિયેટર સફાઈ વગેરે બાબતોની કાળજી રાખવા ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી ઓથોરિટી ગાંધીનગર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જેમાં કહેવાયું છે કે, વાહનચાલકોએ એકથી સવા કલાક અથવા તેનાથી વધુ સમય સુધી વાહન ચલાવવાનું થાય તેવા સમયે મુસાફરી બંધ રાખી ૧૦ મિનિટનો વિરામ કરવો જોઈએ. નાગરિકોએ ગરમીમાં બાળકોને એકલા કારમાં ન છોડવા જોઈએ. કારમાં વધુ ગરમીના કારણે બાળકોને હિટ સ્ટ્રોક આવે તો તે પ્રાણઘાતક સાબિત થઈ શકે છે. આ માર્ગદર્શિકામાં જણાવ્યાનુસાર, રાજ્યના નાગરિકોએ વાહન માટે નિયત કરેલી હવાનું દબાણ બધા ટાયરમાં તપાસવું જોઈએ. નાગરિકોએ ગરમીની ઋતુમાં વાહનના ટાયર ઉપર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

# સૌરાષ્ટ્રના ઘેડ વિસ્તારમાં જળબંબાકારની સમસ્યાનો કાયમી ઉકેલ: મંત્રી કુંવરજીભાઈ બાવળીયા

## રૂ ૧,૫૩૪ કરોડના પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ તબક્કામાં રૂ.૧૩૯ કરોડના ટેન્ડર મંજૂર: મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની બે વારની ઘેડની મુલાકાત બાદ યુદ્ધના ધોરણે કામગીરી શરૂ

**અબતક રાજકોટ**


સૌરાષ્ટ્રમાં સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી ઉકેલ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની બે વાર ઘેડની પ્રત્યક્ષ મુલાકાત કરીને જરૂરી સૂચનો કર્યા બાદ આ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી નિકાલ માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧,૫૩૪.૧૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. જેમાં પ્રથમ તબક્કાના વિવિધ કામો માટે રૂ. ૧૩૯.૪૨ કરોડના ટેન્ડર મંજૂર કરાયા છે જેની કામગીરી આગામી સમયમાં શરૂ કરવામાં



આવશે તેમ, જળ સંપત્તિ મંત્રી તેમજ પોરબંદરના પ્રભારી શ્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું.

મંત્રી કુંવરજીભાઈએ આ અંગે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી વહેતી ભાદર, ઓઝત, મધુવંતી, મીણસાર, વર્તુ, સની અને સોરઠી વગેરે નદીના મુખ ત્રિકોણ પ્રદેશથી સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તાર બનેલો છે. આ નદીઓના મુખ પાસે બધી નદીઓ સપાટ, છીછરી અને કાંઠા વગરની હોવાથી પૂરના પાણી કાંઠા બહાર ફેલાઈ સમગ્ર ઘેડ વિસ્તારમાં ફરી વળે છે. ખાસ કરીને ચોમાસાની શરૂઆતથી લગભગ ચાર-પાંચ મહિના સુધી આખો વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ રહે છે તેથી આ વિસ્તારના ખેડૂતોને ચોમાસા દરમિયાન ખેતી કરવામાં મુશ્કેલી અનુભવાય છે.

મંત્રીએ કહ્યું હતું કે, આ જટીલ પરિસ્થિતિઓના કાયમી નિવારણ માટે રાજ્ય સરકાર દ્વારા કન્સલટન્ટની નિમણૂક કરી, સમગ્ર વિસ્તારના સુક્ષ્મદર્શક સર્વેક્ષણો અને અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં ઘેડ વિસ્તારના ગામોમાં ખાસ ગ્રામસભાના આયોજનો અને વિવિધ અધિકારીઓ દ્વારા અસરગ્રસ્ત ગામોની સ્થળ મુલાકાત દ્વારા આ સમસ્યાના કાયમી ઉકેલ માટે ઘેડ વિસ્તારના અનુભવી સ્થાનિકોના સૂચનો-મંતવ્યો લેવામાં આવ્યા હતા. આ અભ્યાસમાં ટૂંકા, મધ્યમ અને લાંબા ગાળાના ઉકેલ સૂચવામાં આવ્યા છે. અભ્યાસના તારણોની તલસ્પર્શી ચકાસણી બાદ જળસંપત્તિ વિભાગ દ્વારા સોરઠી અને બરડા ઘેડ વિસ્તારમાં ત્રણ તબક્કાઓમાં કુલ ૧૧ પ્રકારની કામગીરીઓ હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે તેમ, મંત્રી શ્રી કુંવરજીએ ઉમેર્યું હતું.



જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશ પટેલે કામગીરીની વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, પ્રથમ તબક્કામાં વિવિધ નદીઓ, કેનાલો અને વોંકળાઓની વહનક્ષમતા અસરકારક રીતે વધારવા માટે વિવિધ અવરોધોને દુર કરવા તથા નદીઓ, કેનાલો, વોંકળાઓની સાફ-સફાઈ અને ડિસીલ્ટિંગના કામો, મીઠા પાણીની જરૂરીયાતને ધ્યાને લઈ હયાત તળાવોને ઉંડા કરવા જેવી કામગીરીનો સમાવેશ થાય છે. પ્રથમ તબક્કાની આ કામગીરી હાથ ધરવા માટે રાજ્ય સરકાર દ્વારા અંદાજીત રકમ રૂ. ૧૩૯.૪૨ કરોડના કામોના ટેન્ડર મંજૂર કરાયા છે જેની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરી દેવામાં આવશે.

આ ત્રણ તબક્કાના કામો પૂર્ણ થવાથી ઘેડ વિસ્તારમાં ભરાતા વિવિધ નદીઓના પૂરના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે જેનો સૌથી વધુ ફાયદો આ વિસ્તારના ખેડૂતોને થશે તેમ, મંત્રી શ્રી પટેલે ઉમેર્યું હતું.

# સૌરાષ્ટ્ર યુનિ. સાથે સ્લોવાકીયાના એમઓયુની સફળ યશગાથા રાષ્ટ્રપતિ સુધી પહોંચી

## સૌરાષ્ટ્ર યુનિ.એ વર્ષ-૨૦૨૧થી કરેલ સક્રિય એમઓયુ વિદેશ તેમજ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ સામે પ્રજ્વલિત

**અબતક, રાજકોટ**









સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ વિદેશમાં અને રાષ્ટ્રપતિ સામે પ્રજ્વલિત બન્યું. આ સક્રિય એમઓયુની પ્રશંસા કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશી દ્વારા કરવામાં આવી હતી. કન્સલન્ટાઈન્ટ ધ ફિલોસોફર યુનિવર્સિટી ઈન નેત્રા, સ્લોવાકીયાનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ સાથે વર્ષ ૨૦૨૧થી સક્રિય એમઓયુ છે, જે અંતર્ગત ઓનલાઈન લેક્ચર્સ, ઓનલાઈન કોન્ફરન્સ, સ્ટુડન્ટ્સ પોટ્રી રિડીંગ સેશન અને અમારા ફેકલ્ટીઓનું એમની જર્નલ અતિ આર્ટ્સ એટ્નમાં પબ્લિકેશન જેવી વિવિધ પ્રવૃત્તિઓ સક્રિયપણે કાર્યરત છે. આ એમઓયુ, આ બંને યુનિવર્સિટીઓના આ બંને ભવનો એટલે કે ડિપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લીશ એન્ડ અમેરિકન સ્ટુડીઝ, સ્લોવાકીયા અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લીશ એન્ડ કમ્પ્રેટીવ લીટરી સ્ટુડીઝ રાજકોટ દ્વારા કરવામાં આવેલ.

આ અંતર્ગત ફેકલ્ટીની રૂબરૂ મુલાકાત પણ થઈ છે. જેમાં સ્લોવાકિયાથી પ્રો.મારીયા હરીક્વાએ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનની મુલાકાત લીધી હતી અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ સાથે પોઈટ્રી વર્કશોપ પણ કર્યો હતો. ત્યારબાદ જૂન, ૨૦૨૩ દરમિયાન ઈરામ્યુઝ પ્લસ ફેલોશીપ દ્વારા અમારા ભવનના બે ફેકલ્ટીઝ, પ્રોફે. કમલ મહેતા અને પ્રોફે. સંજય મુખર્જી દ્વારા તેમના કેમ્પસની મુલાકાત લેવામાં આવી તેમજ તેમના વિદ્યાર્થીઓને ભણાવવામાં પણ આવ્યા હતા.

આ એમઓયુ અંતર્ગત હાલમાં જ માર્ચ-એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન એક્સપર્ટ લેક્ચર સિરીઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રો.મારીયા હરીક્વા, ડો.ઈવાના હોસ્ટવા, ડો.એરિક જ્યોર્જીએ સ્લોવાકિયા દ્વારા વ્યાખ્યાનો આપવામાં આવ્યા હતા. જેમાં પ્રો. કમલ મહેતા, પ્રો.રવિસિંહ ઝાલા, પ્રો.સંજય મુખર્જી દ્વારા એપ્રિલમાં વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ભારતના રાષ્ટ્રપતિ મહોદયા, દ્રૌપદી મુર્મૂ દ્વારા સ્લોવાકિયાની મુલાકાત લેવામાં આવી હતી, ૧૦ એપ્રિલ, ૨૦૨૫ના દિવસે સ્લોવાકીયા દ્વારા રાષ્ટ્રપતિ મહોદયાને હોનોરી ડોક્ટોરેટની પદવીથી સન્માનિત કરવામાં આવ્યા. તે દરમિયાન સ્લોવાકીયા દ્વારા બંને યુનિવર્સિટીઓના એમઓયુ અંગે રાષ્ટ્રપતિને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ રીતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ વિદેશમાં અને રાષ્ટ્રપતિ સામે પ્રજ્વલિત બન્યું. આ સક્રિય એમઓયુની પ્રશંસા કુલપતિ પ્રોફે.ઉત્પલભાઈ જોશી દ્વારા પણ કરવામાં આવી છે.



# સમાજના ટેકેદારો દાતાના નામો ભૂંસીને પોતાનું નામ ચડાવવા માંડે તે નિંદાને પાત્ર બને છે: ધીરગુરુદેવ

## ધીરગુરુદેવની પ્રેરણાથી શિશુ મંદિર શાળાના નામકરણની તકતીની અનાવરણ વિધી કરાય

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ - શિશુ મંદિર(મારૂતિનગર) માં વર્ષો પૂર્વે શારદાબેન રમણીકલાલ શાહ (ઓમાનવાલા) અને છબીલદાસ ગુલાબચંદ શાહ સરસ્વતિ માધ્યમિક વિદ્યામંદિર નામકરણમાં અનુદાન મળેલ, તાજેતરમાં કરોડોના ખર્ચે સરસ્વતિ શિશુ મંદિર શાળાનું નવનિર્માણ કરવામાં આવેલ છે. જેમાં જૈન દાનવીર શશીકાંત જી. બદાણી, દયાબેન જી. શેઠ, બીનાબેન અજયભાઈ શેઠ દ્વારા માતબર અનુદાન અર્પણ કરવામાં આવેલ.

કોરોના પછી ઓમાનવાલા શાળા મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત માતૃ મંદિર ઈંગ્લીશ મીડીયમ સ્કુલ સંકુલમાં બપોરની શિફ્ટમાં ચો છે. જેમાં કોઈ શૈક્ષણિક ફી લેવામાં આવતી નથી.

આજે શનિવારે સવારે ૮ કલાકે ધીરગુરુદેવની પ્રેરણાથી મુળ નામથી શાળાના નામકરણની તકતીની અનાવરણ વિધી પ્રસંગે સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજના ચેરમેન અપૂર્વ મણિઆર, ડો. બળવંત જાની, પલ્લવીબેન દોશી વગેરે ટ્રસ્ટી મંડળના હસ્તે મહાત્મા ગાંધી ચેરિ. ટ્રસ્ટના સુશ્રી હેલીબેન ત્રિવેદી, તેમજ હરિકૃષ્ણ પંડયાના કરકમલોમાં ૨૧ લાખનો ચેક અર્પણ કરાયો હતો. ત્યારે હર્ષ હર્ષના જયનાદે પટાંગણ ગુંજી ઉઠયું હતું.

પિયુષ મહેતાના હસ્તે હેલીબેન ત્રિવેદી વગેરેને નવકાર મહામંત્રની ફ્રેમ અર્પણ કરવામાં આવેલ.

આવા ઉમદા અને સમાજને પ્રેરણાદાયી પ્રસંગે પૂ. ગુરુદેવે સમારોહમાં ઉપસ્થિત શિક્ષણ પ્રેમીઓ તથા સમાજ સેવક ટ્રસ્ટીઓને જણાવેલ કે જીવનમાં સત્તાનો ક્યારેય દુરુપયોગ ન થાય તેની છેલ્લા શ્વાસ સુધી કાળજી રાખશો. દુનિયામાં દાતાઓ છે. તો ટ્રસ્ટીઓની કિંમત છે. માટે નાનામાં નાના દાતાને અન્યાય ન થઈ જાય તેવી વફાદારી રાખીને કાર્ય કરશો. કહેવાતા સમાજના ઠેકેદારો અને ટ્રસ્ટીઓ જ મનમાની કરવા લાગશે તો સમાજ વ્યવસ્થા ખોખલી થઈ જશે. કોઈકના દાન અને નામ ઉપર પોતાના નામો ચડાવનાર કે લખનાર દાનવીર બની શકે નહિ! સમાજ સત્તા લીઝ પર આપે છે. ઓનરશીપ નહિ ! તે કહી ભૂલવું નહિ.

શિશુમંદિરના ટ્રસ્ટીઓએ ઉમદા ઉદાહરણ પુરુ પાડીને ઓમાનવાલા પરિવારના નામની કાયમી સ્મૃતિ જાળવવા જે ધન રાશિ અર્પણ કરેલ છે તે અનુમોદનીય જ નહિ અનુકરણીય બની રહે તેવી ભાવના દર્શાવી હતી. ઉપસ્થિત પદાધિકારી, સ્ટાફ વગેરેમાં આવા કાર્યને શ્રેષ્ઠ ગણાવી અહોભાવ વ્યકત કરવામાં આવેલ. અને ગુરુદેવની દીર્ઘદ્રષ્ટિને સહુએ બિરદાવી હતી.

# જીપીએસસીની કાલે પરીક્ષા, કમિશનરનું જાહેરનામું પ્રસિદ્ધ

## કાયદોવ્યવસ્થાની પરિસ્થિતિ ની સંગીનતા માટે પરીક્ષા કેન્દ્રો આસપાસ ઝેરોક્ષ ની દુકાનો બંધ રાખવા આદેશ

**અબતક રાજકોટ**

રાજકોટમાં આવતીકાલે તારીખ ૨૦/૪ના રોજ બપોરે ૧૨ થી ૩ સુધી જીપીએસ સી ની ગુજરાત વહીવટી સેવા વર્ગ એક અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ એક બે નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ સંવર્ગની પરીક્ષાને લઈને પોલીસ કમિશનરે પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડી કાયદો વ્યવસ્થાની સંગીતસંગીન પરિસ્થિતિ વચ્ચે પરીક્ષકો સારી રીતે પેપર ભરી શકે તે માટેની વ્યવસ્થા કરી છે.

પોલીસ કમિશનર દ્વારા જાહેરનામૃ પ્રસિદ્ધકરી પરીક્ષા કેન્દ્રો માં પરીક્ષા લેવાના છે ત્યાં લોકોના ટોળા એકત્રિત થવા પર અને વાહનો સાથે સંકુલોમાં પ્રવેશબંધી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન બંધ રાખવાને પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન ન લઈ જવા સહિતના પ્રતિબંધાત્મક આદેશો સાથેનું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે

# શાળાની મૂલ્યાંકન પ્રક્રિયા અસરકારક અને સરળ બનાવવા શિક્ષણ વિભાગ સજ્જ

## વિદ્યાર્થીઓના મૂલ્યાંકનને લઈને શિક્ષણ વિભાગ દ્વારા બનાવવામાં આવેલી કમિટીની બેઠક મળી: સમિતિ શાળામાં લેવાતી એકમ કસોટી તથા પ્રથમ અને દ્વિતીય સત્રાંત પરીક્ષાના મૂલ્યાંકન માટે મે-૨૦૨૫ સુધીમાં પોતાની ભલામણો સરકારને સુપરત કરશે, ત્યારબાદ સરકાર દ્વારા તે અંગે નિર્ણય લઈ નવા શૈક્ષણિક વર્ષથી તેનો અમલ કરશે


**અબતક, રાજકોટ**

રાજ્યની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકનને લઈને શિક્ષણ વિભાગ દ્વારા બનાવવામાં આવેલી કમિટીની બેઠક મળી હતી. જેમાં મૂલ્યાંકન પ્રક્રિયા અસરકારક અને સરળ બને તે માટે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક માટે અલગ અલગ સમિતિ બનાવી આવનારા સમયમાં મૂલ્યાંકનના આયોજન સાથે કમિટી સમક્ષ ઉપસ્થિત રહેશે. આ સમિતિ શાળામાં લેવાતી એકમ કસોટી તથા પ્રથમ અને દ્વિતીય સત્રાંત પરીક્ષાના મૂલ્યાંકન માટે મે-૨૦૨૫ સુધીમાં પોતાની ભલામણો સરકારને સુપરત કરશે, ત્યારબાદ સરકાર દ્વારા તે અંગે નિર્ણય લઈ નવા શૈક્ષણિક વર્ષથી તેનો અમલ કરશે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના સતત મૂલ્યાંકન માટે એકમ કસોટી અમલમાં મૂકી હતી. જેમાં ધો.૩થી ૮માં અને ધો.૯થી ૧૨માં એકમ કસોટી લેવામાં આવતી હતી. એકમ કસોટી દર સપ્તાહે શનિવારના રોજ લેવાતી હતી. જોકે, એકમ કસોટીને લઈને છેલ્લા કેટલાક સમયથી વિરોધનો વંટોળ ઊભો થયો હતો. જેના પગલે સરકાર દ્વારા એકમ કસોટીને લઈને વિચારણા શરૂ કરી હતી. દરમિયાન, તાજેતરમાં રાજ્યના શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં એક બેઠક યોજાઈ હતી. ત્યારબાદ જીસીઈઆરટી દ્વારા પરિપત્ર કરી નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અન્વયે બાળકોના ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકન માટે ૧૨ સભ્યોની સમિતિની રચના કરાઈ હતી. કમિટી શાળામાં અભ્યાસ કરતા બાળકોના મૂલ્યાંકનને લઈને ચર્ચા વિચારણા કર્યા બાદ પોતાનો અહેવાલ સરકારને સુપરત કરશે. આ માટે સરકાર દ્વારા કમિટીને મે-૨૦૨૫ સુધીનો સમય આપવામાં આવ્યો છે. દરમિયાન, જીસીઈઆરટી ખાતે ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકન માટે કમિટીની બેઠક મળી હતી. જેમાં વિવિધ શૈક્ષણિક સંગઠનોના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં આવનાર સમયમાં બાલવાટિકાથી ધોરણ-૧૨ સુધીની મૂલ્યાંકન પદ્ધતિ માટેની ખૂબ જ અગત્યની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થી ઉપર માનસિક બોજ ન બને અને મૂલ્યાંકનમાં ભારતીય જ્ઞાન પ્રણાલીને ધ્યાનમાં લઈ મૂલ્યાંકન પ્રક્રિયા કરવા માટે વિવિધ બાબતોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# આજની સદીનું શુકન કયું છે ?

**અબતક,રાજકોટ**

મને પૂછવામાં આવે છે કે આજની એકવીસમી સદીનું શુકન કયું ? કથાનું કથન કરતાં-સાંભળતા, ભગવાનની મંગલમય લીલાનું દર્શન કરતાં વ્યક્તિના ચરિત્રનું નિર્માણ થાય છે. આજે રાષ્ટ્ર અને વિશ્વની બહુ મોટી સમસ્યા છે; અનેક સમસ્યાઓ છે, એમાં બુદ્ધિમાન લોકો માને છે કે એક મોટો પ્રશ્ન છે ચરિત્રનિર્માણનો. હું નવ દિવસ તમારી સામે બોલીને ચાલ્યો જઈશ, કથન થઈ જશે. તમે સાંભળ્યું, બહુ આનંદ આવ્યો, અવશ્ય; પરંતુ ચરિત્રનિર્માણ થવું જોઈએ. રાષ્ટ્રીય ચરિત્રનું નિર્માણ થવું જોઈએ. એટલા માટે આ પુરાની કથાઓ, સનાતન કથાઓ,'રામાયણ'ને એ બધા સદ્‌ગ્રંથ જરૂરી છે. આજના આ વૈજ્ઞાનિક યુગમાં, આજે વિજ્ઞાને જ્યારે આટલી મોટી છલાંગ મારી છે ત્યારે શું પ્રાસંગિક છે આ કથાઓ ? આજે ઘણાં બુદ્ધિમાન લોકો આવા પ્રશ્નો પૂછે છે.



આજે યુવાની આધ્યાત્મિકતા તરફ આકર્ષિત થઈ રહી છે, એ ભગવદ્‌કૃપા છે; ભારત માટે એ મંગલ શુકન છે. આ કથા તમે ઘરમાં સાંભળો તો મોરારિબાપુને બંધ કરી શકો; એ.સી. રૂમ હોય; વચ્ચે-વચ્ચે ચા પી શકો, પાણી પી શકો; સુઈને સાંભળી શકો; પગ લાંબા કરી શકો. છતાં પણ તમે ભરૌલના ખેતરમાં આવીને કથા શું કામ સાંભળો છો ? અને આ યુવાનોને કોઈ કામ નથી ? હું કહું તો પણ તમે નહીં જાઓ ! એનો મતલબ દેશની યુવાનીને ચરિત્રનિર્માણમાં રુચિ જાગી છે. બર્નર તપેલું છે. કોઈ એક દીવાસળી મૂકી દે તો આગ લાગવામાં વાર નહીં લાગે. એક શે'ર સંભળાવું ?

મારા સદ્‌ગુરુએ, મારા સાંઈએ મારી તરફ માત્ર જોયું; મારા તપેલા અંતઃકરણમાં જ્ઞાનાગ્નિ પ્રગટ થઈ; એક જિજ્ઞાસા પ્રગટ થઈ; ચરિત્રનિર્માણની એક વૃત્તિ પ્રગટ થઈ. હું ઉપદેશ નથી આપી રહ્યો.

હું તમારી સાથે જ છું. જેટલું આપણે લોકો કરી શકીએ એટલું કરીએ. તમે પ્રસાદ લો. ભોજન કરો,એ પણ ભજન છે. ચિંતા કરશો નહીં. જગદંબાનો પ્રસાદ છે. નહીંતર ઘરમાં ટી.વી. છે, આધુનિક વિજ્ઞાને જે સુવિધા કરી આપી છે એ મુજબ ઈન્ટરનેટ પરથી પણ તમે સાંભળી શકો છો. છતાં પણ ગરમીમાં શું કામ બેઠા છો ? એનો મતલબ છે કે માણસની અંદર કોઈ આગ બળી રહી છે. એનું અજવાળું કરો.

**સંકલન : જયદેવ માંકડ**

## '૧૦૮ ઈમરજન્સી સેવા': રાજ્યના નાગરિકોના જીવ બચાવવા અડીખમ

# રાજ્યમાં અત્યાર સુધીમાં ૧.૭૫ કરોડથી વધુ કોલ ૧૦૮માં નોંધાયા

## ૫૭.૬૨ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત તેમજ ૨૧.૩૬ લાખથી વધુ માર્ગ અકસ્માતમાં ઈમરજન્સી સેવા પૂરી પડાઈ

**અબતક રાજકોટ**

ગુજરાતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતી '૧૦૮ ઈમરજન્સી સેવા'ની સમગ્ર ટીમ રાજ્યના નાગરિકોનો જીવ બચાવવામાં હરહંમેશ અડીખમ રહી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં રાજ્યમાં સૌ પ્રથમવાર શરૂ કરાયેલી અનન્ય આરોગ્યલક્ષી '૧૦૮ ઈમરજન્સી સેવા' આજે અન્ય રાજ્યો માટે પથદર્શક અને આદર્શ મોડલ પૂરવાર થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યના દરેક શહેરો, જિલ્લા, તાલુકા અને છેવાડાના ગામ સુધી આજે '૧૦૮ ઈમરજન્સી સેવા' ૨૪x૭ વિનામૂલ્યે સેવા આપી રહી છે, જે રાજ્યના કરોડો નાગરિકો માટે આશિર્વાદરૂપ બની છે.

રાજ્યમાં આરોગ્ય સેવા ક્ષેત્રે '૧૦૮ ઈમરજન્સી સેવા' શરૂ થઈ ત્યારથી માર્ચ-૨૦૨૫ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧.૭૫ કરોડથી વધુ ઈમરજન્સી કોલ એટેન્ડ કરીને દર્દીઓને સફળતાપૂર્વક તાત્કાલિક સેવાઓ પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત ૧૦૮ દ્વારા ૫૭.૬૨ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમરજન્સી તેમજ ૨૧.૩૬ લાખથી વધુ માર્ગ અકસ્માતના કિસ્સામાં ઈમરજન્સી સેવાઓ આપવામાં આવી છે. જીવન-મરણનો સવાલ હોય તેવી આપાતકાલીન સ્થિતિમાં અત્યાર સુધીમાં કુલ ૧૬.૬૯ લાખથી વધુ લોકોના જીવ બચાવવામાં આવ્યો છે. આ ઉપરાંત એમ્બ્યુલન્સમાં ૯૩,૪૫૦ જેટલી સગર્ભા મહિલાઓને તેમજ જે તે સ્થળ ઉપર ૫૬,૭૧૫ એમ કુલ ૧.૫૦ લાખથી વધુ સગર્ભા મહિલાઓની સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.





રાજ્યમાં '૧૦૮ ઈમરજન્સી સેવા' ઉપરાંત અન્ય વિવિધ ઈમરજન્સી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૧૨થી કાર્યરત ૪૩૪ જેટલી ખિલખિલાટ વાનનો વર્ષ ૨૦૨૪ સુધીમાં ૧.૨૩ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે. તેવી જ રીતે વર્ષ ૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઈન અંતર્ગત ૧૫.૮૪ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૫૯ વાન દ્વારા ૩.૧૭ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યમાં વર્ષ ૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન દ્વારા વર્ષ ૨૦૨૪ સુધીમાં કુલ ૫૧.૨૬ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૮માં શરૂ કરાયેલી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા ૭૫૩ જેટલા નાગરિકોનો આપાતકાલીન સેવાઓ આપવામાં આવી છે. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવા કાર્યરત છે.

રાજ્યના ૭ જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૯થી કાર્યરત ૧૧૨ ઈમરજન્સી સેવા અંતર્ગત ૧.૪૮ કરોડથી વધુ ઈમરજન્સી કોલ જેમાં પોલીસ, ફાયર, મેડીકલ અને ડિઝાસ્ટર ઈમરજન્સી સંબંધિત કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૦માં ૧૦ ગામ દીઠ ફરતું પશુ દવાખાનું અને વર્ષ ૨૦૨૩માં કેન્દ્ર સરકાર પુરસ્કૃત ફરતું પશુ દવાખાનાની કુલ ૫૮૬ વાન સેવારત છે, જેમાં ૭૯ લાખથી વધુ પશુઓની સારવાર કરવામાં આવી છે,

ભાજપના ભ્રષ્ટાચારને ઉજાગર કરવા

# કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરમાં ચાર રથ ફરશે: પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂ

## પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂએ પત્રકાર પરિષદમાં ભાજપ પર આકરા પ્રહારો કર્યા



તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદને સંબોધતા પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ એ જણાવ્યું હતું કે ગુજરાતને હમ્મા વાળું ગુજરાત તરીકે ઓળખાય તે હદ સુધી ભાજપ સત્તાનો દુરુપયોગ કરી લોકોના જાનની પરવા કર્યા વગર ભાજપ બેફામ બન્યો છે. તાજેતરમાં સીટી બસના એક ડ્રાઈવરે ચાર લોકોની જિંદગી છીનવી લીધી છે અનેક ને ઘાયલ કર્યા છે પોલીસ મહાનગરપાલિકાનું તંત્ર IAS, IPS ને ભાજપના ભ્રષ્ટાચારના ભાગીદાર થવું પડે છે. જે ડ્રાઈવરે ચારની જિંદગી છીનવી લીધી છે તે ડ્રાઈવરના લાઈસન્સ ની અવધી પણ સમાપ્ત થઈ ગઈ હતી એટલે કે લાયસન્સ વગરના ડ્રાઈવરે ચાર લોકોની જિંદગી છીનવી લીધી છે. સીટી બસના સંચાલકોની હજુ સુધી ધરપકડ કરી નથી પરંતુ ચાર લોકોને જિંદગી છીનવી લીધી અને લોકો ના ટોળા દ્વારા રોષ બતાવેલ તેવા લોકોની પોલીસે ગુનો નોંધી તાત્કાલિક ધરપકડ કરી છે. પરંતુ સીટી બસના સંચાલકો સામે પોલીસ હજી ગુનો નોંધવામાં ફીફા ખાંડે છે. ભાજપના પૂર્વ મહામંત્રી અને સીટી બસના ડ્રાઈવરો પૂરો પાડતા કોન્ટ્રાક્ટર વિક્રમ ડાંગર ને બચાવવા માટે પૂરી સરકાર અને રાજકોટમાં આખું ભાજપ ઊભું રહી ગયું છે. પોલીસ એક્શનમાં છે નહીં. આરટીઓ દ્વારા તપાસ કરતા બસની બ્રેક ડાઉન હતી નહીં ભાજપની સરકાર આપણને બચાવશે કે નહીં તેની કોઈ ગેરેન્ટી નથી કારણ કે ટીઆરપી ગેમ ઝોન, વડોદરા નો હરણીકાંડ, સુરતનો તક્ષશિલા કાંડ, મોરબીનો ઝુલતો પુલ અને રાજકોટની સીટી બસની જે દુર્ઘટનાઓ ભાજપ સરકારની લાપરવાહી અને ભ્રષ્ટાચારી મળતીયાઓને લીધે બની છે. આ પ્રકારની બનતી ઘટનાઓમાં અધિકારીઓ નામ પૂરતા થોડા સમય જેલમાં રાખી ભાજપના આકાઓને બચાવવામાં આવે છે. ચાર રથ લોકો સમક્ષ આજે રાજકોટ શહેરમાં રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરભરમાં ફરશે ભાજપને ૩૦ વર્ષના સરકારને અમે ઉખાડીને ફેંકી શકીએ એમ નથી લોકોનો પૂરતો સાથ સહકાર જોઈશે ભાજપના ભ્રષ્ટાચારમાં લોહીના ગુણ થઈ ગયા છે. હવે હદ થાય છે લોકો જાગે સમજો અને નિર્ણય કરો અને લોકજાગૃતિ અર્થે જે રથ ફરશે તે દરેક વિધાનસભા ૬૮, ૬૯, ૭૦ અને ૭૧ તમામ વિસ્તારોમાં શેરી ગલીઓમાં અને મુખ્ય રસ્તા ઉપર ભાજપના ભ્રષ્ટાચાર ને લગતી પત્રિકા વિતરણ કરશે. આજે કોઈના ઘરે આજે અકસ્માત થયો નથી એવા પરિવારો પણ યાદ રાખે કે આગામી દિવસોમાં આપણો વારો ન આવે અને લોકો જાગૃત થઈ ભાજપને ઓળખે. દરેક રથ ફરશે તેમાં વોર્ડના પ્રમુખો, પ્રભારીઓ સાથે સંકલન કરી લોકોને જાગૃત કરશે. રાજકોટ શહેર એક હાદસાનું શહેર બની ગયું છે અને ગુજરાતમાં બનતી ઘટના એની સાક્ષી છે અને ગુજરાત પણ એક હાદસાનુ રાજ્ય છે. સરકારી તંત્ર ભ્રષ્ટાચારી ભાજપના ઘુંટણીયે પડી ગયું છે અને ભાજપને ભ્રષ્ટાચારના પૈસા પહોંચાડે છે કોર્પોરેશન, પોલીસ બંને ભાજપના આકાઓને માટે કામ કરી રહી છે. ભાજપના આકાઓને બચાવવા માટે પોલીસ અને વહીવટી તંત્રને પાંગળુ બની ગયું છે

આજની પત્રકાર પરિષદમાં પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ, રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ અતુલ રાજાણી, સિનિયર કોંગ્રેસ આગેવાનો ગાયત્રીબા વાઘેલા, જશવંતસિંહ ભટ્ટી, દીપ્તિબેન સોલંકી, હિતેશભાઈ વોરા, યુનુસભાઈ જુણેજા, ડી પી મકવાણા, સંજયભાઈ અજુડીયા, અશોકસિંહ વાઘેલા, દિલીપભાઈ આસવાણી, પુનમબેન રાજપૂત, ગોપાલભાઈ અનડકટ, ગૌરવ પુજારા, રાજદીપસિંહ જાડેજા, તુષાર નંદાણી, અજીત વાંક, નયનાબા જાડેજા, પ્રતિમાબેન વ્યાસ, ચંદ્રિકાબેન વરાણીયા, જયાબેન ટાંક, હંસાબેન સાપરિયા, હાજીભાઈ ઓડિયા, યજ્ઞેશભાઈ દવે, કિંજલબેન જોશી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગૌ ટેક ગૌ મહાકુંભ માત્ર મેળો નહી પરંતુ ગૌ સંસ્કૃતિનું નવજાગરણ: ડો. વલ્લભભાઈ કથીરીયા

## ગૌ ટેક - ગૌ મહાકુંભ અંગે મધ્યપ્રદેશમાં જીસીસીઆઈની બેઠક સફળતાપૂર્વક સંપન્ન



**અબતક, રાજકોટ**

ગ્લોબલ કન્ફેડરેશન ઑફ કાઉ-બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ અને દેવરાહા બાપા ગૌ સેવા પરિવારના સંયુક્ત ઉપક્રમે આગામી ૩૦ મે થી ૨ જૂન ૨૦૨૫ સુધી ‘‘ગૌ ટેક ૨૦૨૫ - ગૌ મહાકુંભ‘‘ નું આયોજન રાજસ્થાનની રાજધાની જયપુરમાં થવા જઈ રહ્યું છે.

આ મહાકુંભ દેશભરના ગૌભક્તો, ગૌ ઉદ્યોગકારો, વૈજ્ઞાનિકો અને નીતિ નિર્માતાઓને એકમંચ પર લાવવાનો પ્રેરક પ્રયાસ છે, જે ભારતને આત્મનિર્ભર બનાવવાના દિશામાં ગૌ આધારિત અર્થતંત્રને મજબૂત બનાવશે.

પૂર્વ કેન્દ્રીયમંત્રી અને જીસીસીઆઈ ના અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયાના માર્ગદર્શન હેઠળ મધ્ય પ્રદેશ રાજ્યની ભોપાલમાં વિશેષ બેઠક યોજાઈ, જેમાં મધ્ય પ્રદેશના પ્રદેશ અધ્યક્ષ દિલીપ ધનરાજ ગુપ્તાના નેતૃત્વ હેઠળ રાજયના તમામ જિલ્લાઓમાંથી જીસીસીઆઈના જિલ્લા અધ્યક્ષો અને અન્ય હોદ્દેદારોએ ભાગ લીધો.

સાંસ્કૃતિક કાર્યક્રમો, ગૌ કવિતા સંમેલન, ગૌ-ગાન સંધ્યા અને પરંપરાગત લોકકળાઓ પણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે.

જીસીસીઆઈના અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયાનું માનવું છે કે ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ગૌ આધારિત અર્થવ્યવસ્થાની

(અનુ. આઠમા પાને)

# ધી વેરાવળ મર્કન્ટાઈલ કો. ઓપ. બેંકના ચેરમેન અને જૈન અગ્રણી નવીનભાઈ શાહનો જન્મ દિવસ



ધી વેરાવળ મર્કન્ટાઈલ કો.બેન્કના ચેરમેન અને વેરાવળ સોમનાથના જૈન અગ્રણી અને વેરાવળ મહાજન પાંજરાપોળના ટ્રસ્ટી એવા નવીનભાઈ શાહનો આજે જન્મ દિવસ છે. નિરાધાર ગાયો અને અન્ય અબોલ પશુઓના આધાર એવા નવીનભાઈ શાહ ખુબજ શાંત, સરળ અને સાદગી ભરેલ, સેવાભાવી પ્રકૃતિ, મિલનસાર સ્વભાવ, જીવદયા પ્રેમી અને શ્રેષ્ઠ દાનવીર તરીકેની પ્રતિભા ધરાવે છે.

તાજેતરમાં જ તેઓએ વેરાવળમાં રખડતી અને માંદી ૧૦૦ ગાયો અને નંદીની સાર સંભાળ અને ઉછેર કરવાની જવાબદારી સફળતા પૂર્વક સંભાળી છે, તે એક મોટુ સરાહનીય કાર્ય છે.

નવીનભાઈએ જ્યારથી પાંજરાપોળનો ટ્રસ્ટી તરીકે કાર્યભાર સાંભળેલ ત્યારથી પાંજરાપોળ ની કાયાપલટ કરી નાખેલ છે તે એક ઉમદા કાર્ય કરેલ છે તેઓ વેરાવળ સોમનાથ ની ઘણી બધી ધાર્મિક, અને શૈક્ષણિક સંસ્થાઓ માં ટ્રસ્ટી તરીકે માનદ સેવા આપે છે. નવીનભાઈ ના વડપણ નીચે ધી વેરાવળ મર્કન્ટાઈલ બેન્ક ની ઘણી નવી શાખાઓ ખોલેલ છે અને બેન્ક ને ખુબજ ઉંચા સફળતા ના શીખરે પહોંચાડેલ છે, અને ઘણા બધા રાષ્ટ્રીય કક્ષા ના એવોર્ડ બેન્ક ને મળેલ છે.

તેઓ હંમેશા સમાજ માટે અને બેન્કના સ્ટાફ માટે કંઈક સારૂ કરી છૂટવાની ભાવના ધરાવે છે. તેમના જન્મ દિવસ નિમીતે શુભેચ્છાની વર્ષા થઈ રહી છે.

પારસમુની મ.સા.ની પ્રેરણા થકી

# છાશ પીવડાવીને ‘હાશ’નો અનુભવ કરાવતું સમસ્ત મહાજન



તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

સદગુરૂ દેવ પારસમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી તેમની શુભ નિશ્રામાં, દેવાનુપ્રિય દાતા મધુબેન પ્રમોદભાઈ દેસાઈ, હસ્તેઃ-શ્રી અમિતભાઈ દેસાઈ તરફથી રાજકોટના રાજમાર્ગ એવાં કાલાવડ રોડ,કે.કે.વી હોલ પાસે નિઃશુલ્ક ઠંડી છાસ વિતરણ કેન્દ્રનો શુભારંભ રાજકોટ-૬૯નાં લોકપ્રિય, સેવાભાવી ધારાસભ્ય બેન ડો. દર્શિતાબેન શાહના વરદ્ હસ્તે કરેલ.

આ સેવાકીય સત્કાર્યનાં શુભારંભ અવસરે રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘનાં ઉપપ્રમુખ બીપીનભાઈ પારેખ, સત્કાર્ય સેવા સમિતિના સંયોજક રાકેશભાઈ ડેલીવાળા, યુવા ભાજપ અગ્રણી મોનિલભાઈ શાહ, વિશ્વ વણીકના પ્રશાંતભાઈ, જાણીતા બિલ્ડર રૂદ્રેશભાઈ ગાંધી ચંદ્રેશ બારોટ અંકિતાબેન મહેતા રેખાબેન

(અનુ. આઠમા પાને)

માનવ, જીવદયા, જળ, સસ્કૃતિ, યજ્ઞ શિર્ષક હેઠળ

# શાશ્વત ફાઉન્ડેશન દ્વારા રવિવારે ચાલોને માણસ; માણસ રમીએ કાર્યક્રમ

## અબતકની શુભેચ્છા મુલાકાતમાં શાશ્વત ફાઉન્ડેશનના સભ્યોએ આપી વિગત



તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

શાશ્વત ફાઉન્ડેશન દ્વારા સાંપ્રત સમયમાં એક અનોખો અભિગમ ધરાવતો કાર્યક્રમ ’ચાલોને... માણસ... માણસ.... રમીએ..., માનવતા યજ્ઞ, જીવદયા યજ્ઞ, જળયજ્ઞ, સંસ્કૃતિ યજ્ઞ શિર્ષક હેઠળ તા. ૨૦/૦૪/૨૦૨૫ રવિવારનાં રાજકોટ એન્જીનિયરીંગ એસોસિએશન હોલ ખાતે સાંજે ૬.૩૦ થી ૮.૩૦ દરમ્યાન સેવારત સંસ્થાઓને સન્માનિત કરવામાં આવશે.

અબતકની શુભેચ્છા મુલાકાતે આવેલ નિલેશપુરી ગોસ્વામીએ જણાવ્યું હતુ કે, જેમાં ‘‘માનવતાવાદ ના કાયો કરતી ‘‘બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, જીવદયા વાદ’’ નાં કાર્યો કરતી ’’કરૂણા ફાઉન્ડેશન એનિમલ હેલ્પ લાઈન, ‘જલવાદ’’માં કાર્યો કરતી જલક્રાંતિ ટ્રસ્ટ‘‘ અને ‘‘સંસ્કૃતિ વાદ‘‘ હેઠળ કાર્યરત ‘‘શ્રી ભગીની સેવા ફાઉન્ડેશન ને વિશેષ સન્માનિત કરવામાં આવશે. અને સંસ્કૃતિ વાદ પર જાણીતા મોટીવેશનલ સ્પીકર હર્ષલ માંકડ ત્યા જલક્રાંતિ અને ગૌક્રાંતિ પર મનસુખભાઈ સુવાગિયા ત્યા જીવદયા વાદ પર લેખક અને તત્વચિંતક પ્રો. એમ.ડી. મેઘનાથી પોતાનો સંવાદ રજુ કરશે. સાથે જ આ કાર્યક્રમથી શાશ્વત ફાઉન્ડેશન દ્વારા ‘‘લોક ઉપયોગી સપ્તાહ‘‘ નો શુભારંભ થશે જેમાં પછીનાં એક વીક દરમ્યાન અલગ અલગ દાતાઓ દ્વારા એમના સ્વજનોનાં પૂણ્યાર્થે હજારો જરૂરિયાતમંદ લોકો, બાળકોને આ ધોમ ધખતા તાપમાં રક્ષણ માટે, ચપ્પલ, સ્લીપર, કપડા, સાડી નું વિતરણ, પેટમાં ટાઢક માટે શેરડીનાં રસ નું ત્થા છાસ નું વિતરણ, ટોપી નું વિતરણ, કુલ્ફી નું વિતરણ હજારો જરૂરીયાત મંદો ને કરવામાં આવશે. સાથે જ ‘‘જીવદયા યશ‘‘ દ્વારા હજારો અબોલ પશુ પક્ષીઓ માટે ગરમીમાં રાહત મેળવવા પાણીનાં કુંડા, કુંડી, પક્ષીઓનાં માળા, ગાયો માટે ઘાસચારા, ગાયો માટે ગૌ ગરાસ ની રોટી બેન્કનું વિતરણ અલગ-અલગ વિસ્તારોમાં કરવામાં આવશે.

આ કાર્યમાં પ્રોત્સાહન આપવા માટે સંસદ સભ્ય પરસોતમભાઈ રૂપાલા, ધારાસભ્યઓ ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલારા, મેયર નયનાબેન પેઢડીયા, સ્ટે. ચેરમેનની જયમીનભાઈ ઠાકર, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ અને ફાયર બ્રિગેડ કમીટી

(અનુ. આઠમા પાને)

# માર્કેટિંગ યાર્ડમાં તુવેર, કપાસ, જીરું સહિતની જણસીની બમ્પર આવક

## ૧૨૫૦થી વધુ વાહનોની લાંબી લાઈન લાગી હતી: માર્કેટયાર્ડના ચેરમેન જયેશ બોઘરા દ્વારા ઉતરાઈની વ્યવસ્થા કરાઈ





**અબતક, રાજકોટ**

રાજકોટ માર્કેટ યાર્ડમાં દરરોજ મોટાપાયે જણસીની આવક થાય છે. ત્યારે આજે રાજકોટ માર્કેટ યાર્ડમાં તુવેર, કપાસ, જીરું, એરંડા, કલોંજી, વટાણા.રાજમાં નોંધપાત્ર આવક જોવા મળી હતી. યાર્ડ બહાર લગભગ ૧૨૫૦ થી વધુ વાહનોની લાંબી લાઈન લાગી હતી. મેથીની આવક સોળ હજાર મણ તેમજ મગફળીની આવક પિસ્તાલીસ હજાર મણ અને તુવેરની આવક દસ હજાર મણ, કપાસની આવક પાંચ હજાર મણ, એરંડાની આવક નવ હજાર પંસો મણ, કલોંજીની આવક ત્રણ હજાર માં મણ,વટાણાની આવક બે હજાર મણ,રાજમાંની આવક ૧૫૦૦ મણ વરિયાળીની આવક ૩૫૦૦ મણ થવા પામી હતી.

ઉપરના તમામ જણસીઓ ભરેલા વાહનોને માર્કેટયાર્ડમાં ક્રમવાર પ્રવેશ આપી ઉતરાઈ કરાવવામાં આવી હતી. રાજકોટ માર્કેટયાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા વા.ચેરમેન તથા ડિરેક્ટરઓ સહિતના સ્ટાફ દ્વારા આ ઉતરાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી.

વ્યાજખોરો ફાટીને ધુમાડે

# પૈસાની પઠાણી ઉઘરાણીમાં એલઆઈસી એડવાઈઝર પર છરી વડે હુમલો

## મનહરપુરના વિપુલ ટોયટાએ પિતાની સારવાર માટે વ્યાજખોર દશરથ ઢુંગા પાસેથી લીધેલ ૪ લાખના ૬.૮૦ લાખ ચૂકવી દીધાં છતાં વધુ નાણાંની ઉઘરાણી : ચાર વિરુદ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

શહેરમાં પોલીસે અનેક લોક દરબાર યોજીને વ્યાજખોરોને ડામી દેવા અગાઉ હાથ ધરેલી ઝુંબેશની અસર જાણે ઓસરી હોય તેમ ફરીવાર વ્યાજખોરો ફાટીને ધુમાડે હોય તેવા અહેવાલ સાંપડી રહ્યા છે. મનહરપુરમાં રહેતા એલઆઈસી સલાહકાર પાસેથી વ્યાજખોર દશરથ ઢુંગાએ ૪ લાખનું દસ ટકા વ્યાજ પડાવ્યું અને વધું રૂપીયા પડાવવા છરીથી જીવલેણ હુમલો કરતાં યુનિવર્સીટી પોલીસ મથકમાં મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ચાર શખ્સો સામે ગુનો નોંધાયો હતો.

મામલામાં જામનગર રોડ પર મનહર પુર-૧ માં રહેતાં વિપુલભાઈ હીરાભાઈ ટોયટા (ઉ.વ.૨૯) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે દશરથ ઢુંગા, કરણ ફાંગલીયા, કિશન ઝાપડા અને કિશન બોળીયાનું નામ આપતાં યુની. પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ જયુબેલી ચોક પાસે આવેલ એલઆઈસીની ઓફીસમા એડવાઈઝર તરીકે વર્ષ ૨૦૧૯ થી ફરજ બજાવે છે. દશેક માસ પહેલા તેમના પિતાને હૃદયમા નળી બ્લોકેઝ આવતા તેમજ ઘરની સંપૂર્ણ જવાબદારી હોય અને પિતાની સારવાર પેટે રૂપીયાની જરૂરીયાત ઉભી થતા મીત્ર વિશાલ બાંભવાને રૂપીયાની જરૂરીયાતની વાત કરતા તેણે પોતાના પરીચીત મીત્ર દશરથ ઢૂંગા વ્યાજે પૈસા આપશે તેમ વાત કરતા થોડા દિવસો બાદ યાજ્ઞીક રોડ ઉપર જીલ્લા પંચાયત કચેરીની બહાર ચાની કેબીન પાસે મળેલ તેઓએ રૂ.૪ લાખની જરૂરીયાતનું કહેતાં દશ ટકા લેખે પોતે વ્યાજ લેશે તેમ જણાવ્યું હતું.

તેઓને મજબુરીમાં રૂપીયાની જરૂર હોય જેથી હા પાડેલ તેમજ તેને રોકડા રૂ. ૪ લાખ આપેલ જે બાદ સાત મહીના સુધી દશ ટકા લેખે રૂ. ૪૦ હજારનું કુલ રૂ. ૨.૮૦ લાખ વ્યાજ આપેલ હતું. જે બાદ ગાંધીનગર ફીરોઝપુર ખાતેની એક જમીનનો સોદો તેઓએ કરેલ હોય જેની દલાલી પેટે રૂ.૨ લાખની આવક થતા દસરથને તે રૂપીયા વ્યાજ પેટે રોકડા આપેલ હતા. જેના મહીના બાદ સંબંધી બનેવી કરણ ફાંગલીયા પાસેથી રૂ. ૧.૫૦ લાખ રોકડા લઈ દશરથનો વહીવટ પુરો કરવા તેને આપ્યાં હતા.

તેમજ કટકે કટકે રૂ.૫૦ હજાર જુદી જુદી જગ્યાએ તથા રૂ.૨૪ હજારનું ગુગલ પે તેને કરેલ હતું. જે બાદ રૂપીયાની વ્યવસ્થા ન થતા આરોપી અવાર નવાર ફોન કરી વ્યાજની ઉઘરાણી કરી પોતાના કોઈ પરીચીત મીત્રોને જેમા બે દીવસ પહેલા કરણ ફાંગલીયા નામનો વ્યકિત મારીતેઓની ગેરહાજરીમા તેમના ઘરે જઈ દશરથભાઈનો વહિવટ કેદી પતાવાનો છે ? તેમ કહી જો વહીવટ પતશે નહી તો જોઈ લેશુ તેવી ધમકી આપેલનું તેમના પિતાએ બે દીવસ પહેલા જણાવેલ હતું. જેમાં વ્યાજખોર દશરથ પાસેથી લીધેલ રૂ.૪ લાખ ના દસ ટકા લેખે આજ સુધી રૂ. ૬.૮૦ લાખ વ્યાજ સહીત ચુકવી દિધા હોવા છતા હજુ રૂ.૪ લાખની પઠાણી ઉઘરાણી કરતો હતો.

ગઈકાલે સાંજના પાંચેક વાગ્યે તેઓ મોટી ટાકી ચોક પાસે હતો ત્યારે કરણ ફાંગલીયાનો વોટસેપકોલ આવેલ અને કહેલ કે, તુ કયા છો, મારે ભેગુ થાવુ છે.,મારે દશરથ પાસેથી પૈસા લેવાના છે, તે તારુ નામ દે છે, જેથી તેઓએ તને ઓળખતો નથી, મારો વિહવટ તારી સાથે નથી, મને ફોન કરવો નહી કહી ફોન કાપી નાખેલો હતો.

જે બાદ ફરીથી ફોન આવતા સમાજના હોવાનુ માની હું તથા મારોતેઓ મીત્ર તેજસ ઝાપડા સાથે નવી કોર્ટ બીલ્ડીંગની પાસે આવેલ ફુડ ઝોન પાસે કરણ ફાંગલીયાને મળવા જતા ત્યા અગાઉથી દશરથ તથા તેની સાથે આવેલ ત્રણ વ્યકિત જેઓએ એક પછી એક પોતાનો પરીચય કરણ ફાંગલીયા, કિશન ઝાપડા તથા કિશન બોળીયા તરીકે આપી દશરથએ ગાળો આપી વ્યાજની રકમ તો તારે આપવી જ પડશે તેમ કહી કિશન ઝાપડા અને કિશન બોળીયાએ તેમને પકડી રાખી ત્યા હાજર કરણ ફાંગલીયાએ પેન્ટના નેફામાથી છરી કાઢી ઘા ઝીંક્યો હતો.

તેઓએ છુટવાનો પ્રયાસ કરતા કરણ ફાંગલીયાએ માથાના ભાગે ઘા ઝીંકી દિધો હતો. તેઓનું માથુ ફુટી ગયેલ જે બાદ બીજો છરીનો ઘા સાથળના ભાગે મારતા મારા ખીસામા રહેલ પાકીટમા વાગતા જરૂરી ડોક્યુમેન્ટ ટુટી ગયેલ અને તેઓ ભાગવાનો પ્રયાસ કરતાં દશરથએ ત્યા પડેલ પથ્થર ઉપાડી પથ્થરનો છુટો ઘા ઝીંક્યો હતો. જે બાદ તેઓ નજીકમાં આવેલ પરિચિતના ઘરે દોડી ગયાં બાદ તેમને લોહીલુહાણ હાલતમાં સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી આરોપીઓને સકંજામાં લેવાં ચક્રો ગતિમાન કર્યા હતાં.

વધુ ૪ લાખ પડાવવા અન્ય ત્રણ શખ્સો સાથે મળી નવી કોર્ટ પાસે યુવાનને છરીના ઘા ઝીંકી દિધાઃ યુની. પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ચાર શખ્સો સામે ગુનો નોંધ્યો.

# ઉપલેટા આવતો દારૂભરેલો ટ્રક રાધનપુર હાઈવે પરથી ઝડપી લેતી એસએમસી

## રૂ.૧૭ લાખની કિંમતની ૧૧૭૬ શરાબની બોટલ સહીત રૂ.૩૨.૮૨ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે વધુ એક વાર દારૂ ભરેલો ટ્રક ઝડપી લઈ રૂ. ૧૭ લાખના દારૂ સહીત કુલ રૂ.૩૨.૮૪ લાખનો મુદ્દામાલ કબજે કરી રાજસ્થાની ટ્રક ચાલકની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે દારૂ ભરેલો ટ્રક ઉપલેટાના બુટલેગરે મંગાવ્યાનો ખુલાસો થવા પામ્યો છે.

રાજ્યમાં દારૂ-જુગારની બદ્દી ડામવાની એસએમસી વડા નિર્લિપ્ત રાયની સૂચનાને પગલે ડીવાયએસપી કે ટી કામરીયાના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો પ્રયત્નશીલ હતી. દરમિયાન એસએમસી પીએસઆઈ ડી પી ભાટીની ટીમને બાતમી મળી હતી કે, બનાસકાંઠા જિલ્લાના ભાભર-રાધનપુર હાઈવે પરથી એક દારૂ ભરેલો ટ્રક પસાર થનાર છે. જે બાતમીના આધારે એસએમસીની ટીમે તાલુકા પંચાયત રોડ નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળો શંકાસ્પદ ટ્રક જેના નંબર ડીડી-૦૧-જી-૯૭૬૩ પસાર થતાં એસ.એમ.સી. ટીમે અટકાવી ટ્રકની જડતી કરતા કવરિંગ પ્લાસ્ટિક વેસ્ટ પેકેટની આડમાં ચોર ખાનું બનાવી સંતાડેલો રૂ.૧૭,૦૫,૦૨૫ ની કિંમતની શરાબની ૧૧૭૬ બોટલ મળી આવી હતી.

એસએમસીએ દારૂ, ટ્રક, મોબાઈલ, પ્લાસ્ટિક વેસ્ટ પેકેટ મળી કુલ રૂ. ૩૨,૮૪,૯૭૯ ના મુદ્દામાલ સાથે રાજસ્થાનના જોધપુરના ટ્રક ચાલક મનોહરસિંહ મોહનલાલ બિશ્નોઈની ધરપકડ કરી છે. ટ્રક ચાલકની પ્રાથમિક પૂછપરછમાં દારૂનો જથ્થો ઉપલેટાના બુટલેગરે મંગાવ્યાનો તેમજ રાજસ્થાનના જાલોર જિલ્લાના મનોહરલાલ બાબુલાલ બિશ્નોઈએ મોકલ્યાનો ખુલાસો થવા પામ્યો છે. વધુમાં દારૂનો જથ્થો મનોહરલાલના કહેવાથી પંજાબ ખાતેથી સોનુ નેપાળી નામના શખ્સે ભરી આપ્યાની કેફીયત પણ ચાલકે આપી હતી.





ઉલ્લેખનીય છે કે, દરોડામાં પકડાયેલ ચાલક વિરુદ્ધ અગાઉ અમદાવાદના બગોદરા તેમજ રાજસ્થાનના પાલી પોલીસ મથકમાં પ્રોહિબિશનનો ગુનો દાખલ થઈ ચૂક્યો છે.

## ટ્રકમાં ચોરખાનું બનાવી ડિલિવરી આપવા નીકળેલ રાજસ્થાની ચાલકની ધરપકડઃ ત્રણના નામ ખુલ્યા

# જી.એસ.ટી. કૌભાંડમાં બોગસ બેંક ખાતા ખોલી આપનાર બેંક કર્મચારીના જામીન મંજૂર

## બનાવટી ભાડા કરાર બનાવી જુદી જુદી કંપનીઓ સાથે મળી રૂ.૬૧.૩૮ લાખનું કૌભાંડ આચર્યુ’તું

**અબતક, રાજકોટ**

શહેરની પરમાર એન્ટરપ્રાઈઝ નામથી બનાવટી ભાડા કરાર બનાવી જુદી જુદી કંપનીઓ સાથે મળી રૂા.૬૧,૩૮,૧૬૮ ના જી.એસ.ટી. કૌભાંડ આચરવાના ગુનામાં પેઢીઓના બોગસ બેંક ખાતા ખોલી આપનાર બેંક કર્મચારીની જામીન અરજી કોર્ટે મંજુર કરતો હુકમ કર્યો છે.વધુ વિગત રાજકોટ મુકામેની જી.એસ.ટી. કચેરીના સુપ્રીટેન્ડન્ટ જયપ્રકાશસિંઘ રામચંદ્રસિંઘ દ્વારા ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાંએ મતલબની ફરીયાદ નોંધાવેલ કે કોઈ વ્યકિત દ્વારા પરમાર એન્ટરપ્રાઈઝના નામથી બનાવટી ભાડા કરાર બનાવી ભાડા કરાર ખોટો હોવાનું જાણવા છતા તેને ખરા તરીકે પરમાર એન્ટરપ્રાઈઝના નામે જી.એસ.ટી. નંબર મેળવી બોગસ ઈનપુટ ટેકસ મેળવવા માટે યશ ડેવલોપર્સ, ઈકરા ઈન્ટરપ્રાઈઝ, સીવીલ પ્લીસ એજીનીયરીંગ, ધનશ્રી મેટલ, ડી.એ. એન્ટરપ્રાઈઝ, આર્યન એશોસીયેટસ, જયોતી ઈન્ફ્રાસ્ટ્રકચર, અરહમ સ્ટીલ, રિધ્ધિ ઈન્ફ્રાસ્ટ્રકચર, આશાપુરા ટ્રેડીંગ, શીવ મીલન પ્લાસ્ટીક તથા ગ્લોબટ્રા ઈમ્પેક્ષ, માં દુર્ગા સ્ટીલ, મારૂતી નંદન કન્સ્ટ્રકશન અને લખુભા નાનભા જાડેજા નામની પેઢીઓના સંચાલકો સાથે મળી ગુન્હાહીત કાવત્રુ રચી બનાવટી બીલીંગ તથા બનાવટી દસ્તાવેજો બનાવી અને ખોટી રજુઆતો દ્વારા બોગસ ઈનપુટ ટેકસ ક્રેડીટ મેળવી સરકારને રૂા.૬૧,૩૮,૧૬૮નું આર્થીક નુકશાન પહોંચાડી આચરવામાં આવેલ હતું. આરોપીઓ પૈકી બેંકમાં નોકરી કરતા પ્રશાંતભાઈ ગીરીશભાઈ યોગાનંદીએ રેગ્યુલર જામીન પર મુકત થવા જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપી પ્રશાંત યોગાનંદીને રેગ્યુલર જામીન પર મુકત કરતો હુકમ ફરમાવ્યો હતો.

આ કેસમાં આરોપી વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંઘાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, તથા મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ અને જયમલ મકવાણા રોકાયા હતા.

# પડધરી કબ્રસ્તાનમાં મુક બધીર દિવ્યાંગની ઘાતકી હત્યા

## ૨૫ વર્ષથી સેવા પૂજા કરતા પ્રૌઢની કુહાડીના ઘા ઝીકી ઢીમ ઢાળી દીધાની આશંકા, પોલીસ દ્વારા ખૂનનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

પડધરી ખાતે આવેલા કબ્રસ્તાનમાં છેલ્લા ૨૫ વર્ષથી સેવા પૂજા કરતા મુક બધીર દિવ્યાંગની બોથડ પદાર્થના માથાના ભાગે ઘા ઝીકી મોતને ઘાટ ઉતારી લીધાની ઘટના પ્રકાશમાં આવતા પોલીસ દોડી જય મૃતદેહ ને પીએમ અર્થે રાજકોટ ખસેડી અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી હત્યાનો ભેદ ઉકેલવા સ્થાનિક પોલીસ અને એલસીબી દ્વારા તપાસનો ધમધમાટ આદરવામાં આવ્યો છે.

વધુ વિગત મુજબ પડધરી ખાતે આવેલા કબ્રસ્તાનમાં છેલ્લા ૨૫ વર્ષથી સેવા પૂજા કરતા દાઉદશા અનવરભાઈ શાહ મદાર નામના ૪૬ વર્ષીય પ્રૌઢની હત્યા કર્યા ની પડધરી બસ સ્ટેન્ડ સામે રહેતા સબીર હુસેન અબ્દુલ રજાક કાદરીએ પડધરી પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે મૃતક દાઉદ શાહ શાહ મદાર નામના પ્રૌઢ મુક બધીર દિવ્યાંગ હોય અને છેલ્લા ૨૫ વર્ષથી કબ્રસ્તાનમાં ની ઓરડીમાં રહી સેવા પૂજા કરે છે તેમજ ત્યારે કોઈ અજાણ્યા શખ્સોએ માથાના ભાગે બોથડ પદાર્થના ઘા ઝીકી લીધા હોવાથી લોહી લુહાણ હાલતમાં પડ્યા હોવાથી સ્થાનિકને જાણ થતા તેઓએ ઈજાગ્રસ્ત હાલતમાં પથમ પડધરીની હોસ્પિટલે ખસેડ્યા હતા જ્યાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરતા આ બનાવની જાણ પડધરી પોલીસ મથકને થતા પીએસઆઈ સહિતનો સ્ટાફ હોસ્પિટલે દોડી ગયો હતો અને ફોરેન્સિક પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડી પોલીસે સબીર હુસેન કાદરીની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી નોંધ્યો છે. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ , મૃતક નો મોબાઈલ અને તેને અન્ય કોઈ સાથે કોઈ માથાકૂટ હતી સહિતના મુદ્દે વિવિધ દિશામાં તપાસ નો ધમધમાતા આદરિયો છે.

# ચડત ભરણ પોષણ નહિ ચૂકવનાર પતિને ૧૨૦ દિવસની સાદી કેદની સજા

## પત્ની અને સગીર સંતાન રૂ.૮૬,૫૦૦ મેળવવા ફેમીલી કોર્ટેમાં અરજી દાખલ કરી તી

**અબતક, રાજકોટ**

શહેરમાં પત્ની અને સગીર સંતાનને માસિક રૂ.૭ હજાર ખાધા ખોરાકી ચૂકવવાના કોર્ટના હુકમનો અનાદર કરનાર પતિ વિરુદ્ધ પરિણીતાએ ફેમિલી કોર્ટમાં ચડત ભરણ પોષણ મેળવવા કરેલી અરજી ચાલી જતા કોર્ટે પત્ની અને સગીર સંતાનને ભરણપોષણ નહિ ચૂકવનાર પતિને ૧૨૦ દિવસની સાદી કેદની સજા હુકમ ફરમાવ્યો હતો.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં રહેતા અરજદાર વર્ષાબેન હર્ષભાઈ જાનીએ પોતાના પતિ હજુભાઈ જગદીશભાઈ જાની (રહે. અયોધ્યા એપાટેમેન્ટ, સંસ્કાર નગર ચાર રસ્તા, મંગલમ ભુજ (કચ્છ) વિરૂધ્ધ ભરણપોષણ મેળવવા ફેમીલી કોર્ટમાં અરજી કરી હતી. જે ભરણપોષણની અરજી કોર્ટે મંજુર કરી વર્ષાબેનને રૂ.૫૦૦૦ અને સગીર સંતાનને રૂા.૨૦૦૦ મળી માસિક કુલ ૭૦૦૦ ચુકવવા પતિને હુકમ કર્યો હતો. જે હુકમનુ પતિ દ્વારા પાલન કરવામાં નહિ આવતા વર્ષાબેન જાનીએ પોતાના વકીલ મારફત કુલ ૧૨ માસની ચડત ભરણપોષણની રકમ રૂા.૮૪ હજાર અને અરજી ખર્ચેના રૂ.૨૫૦૦ મળી કુલ રૂ.૮૬,૫૦૦ મેળવવા ફેમીલી કોર્ટેમાં અરજી દાખલ કરી હતી. કોર્ટે હર્ષભાઈ જાનીને પાઠવેલી નોટીસ બજી જવા છતાં કોર્ટમાં હાજર નહિ રહી અને રૂપિયા નહિ ચૂકવતા કોર્ટે પકકડ વોરટે ઈસ્યુ કર્યું હતું. જેને પગલે હર્ષભાઈ જાનીએ કોર્ટમાં હાજર થઈ ભરણપોષણની રકમ જમા કરવાનો ઈન્કાર કરતા પોલીસ કસ્ટડીમા લેવામાં આવ્યા હતા. બાદમાં કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ અરજદાર વર્ષાબેન જાનીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે પત્ની અને સગીર સંતાનને ચડત ભરણપોષણની રકમ નહી ભરનાર પતિ હર્ષભાઈ જાનીને ૧૨૦ દિવસની સાદી કેદની સજા હુકમ ફરમાવ્યો હતો.આ કેસમાં અરજદાર હર્ષાબેન જાની વતી ફેમીલી કોટેના લીગલ એઈડના પેનલ એડવોકેટ પરેશ મૃગ રોકાયા હતા.

## આનંદ નગર કોલોની પાર્કમાં બીમારીથી કંટાળી મહિલાનો આપઘાત

**અબતક, રાજકોટઃ** શહેરના ભક્તિનગર પોલીસ મથકની હદમાં આવેલ આનંદ નગર કોલોની પાર્ક ગાયત્રી મંદિર પાસે રહેતા શ્રમજીવી પરિવારની મહિલાએ ગઈકાલે બપોરે સેલફોસ પાવડર પી લેતા સિવિલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે પારિવારિક સૂત્રો માંથી મળતી વીગત મુજબ નીલકંઠ સિનેમા પાસે રહેતા અને કડિયા કામ કરતા ભરતભાઈ ભટ્ટી ના પત્ની બબીતાબેન ઉં,વ(૫૨) ના પતિ અને પુત્ર પિયુષભાઈ રાબેતા મુજબ કામે ગયા હતા તે દરમિયાન બપોરના સમયે બબીતા બેને ઘરનો દરવાજો અંદરથી બંધ કરી સેલફોસનો પાવડર પી લીધો હતો, પતિ અને પુત્ર બપોરે જમવા અને ટિફિન લેવા આવ્યા ત્યારે દરવાજો અંદરથી બંધ હોવાથી કંઈક ‘‘અજુગત‘‘ થયાનું લાગતા દરવાજો ખોલાવતા બબીતાબેન અંદરથી અર્થ બેભાન હાલતમાં દરવાજો ખોલી ઉમરા પર જ ફસડાઈ પડ્યા હતા, તાત્કાલિક બબીતા બેનને દવાખાને લઈ જવાયા હતા, સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું, અપઘાત ના કારણોમાં પારિવારિક સૂત્રોએ જણાવ્યું હતું કે બબીતાબેન છેલ્લા કેટલાક સમયથી માનસિક અને થાઈરોડ જેવી બીમારીથી પીડાતા હોય અને બીમારી સબબ આ પગલું ભરી લીધું હોવાનું જણાવ્યું હતું દીકરા ,દીકરી રૂપે સંતાન સુખ ધરાવતા બબીતાબેન સાસુ સસરા થી અલગ રહેતા હતા આ અંગે ભક્તિનગર પોલીસે તપાસ હાથ ધરી છે

# લલુડી વોકળી, કબીરવન સોસાયટી અને નાણાવટી ચોકમાં વિદેશી દારૂના દરોડા

## શરાબની ૩૮ બોટલ અને બાઈક સાથે ચાર શખ્સ ઝડપાયા

**અબતક, રાજકોટ**

શહેરના લલુડી વોકળી નજીક વિર તાત્યાટોપ ટાઉનશીપ પાછળ, સંતકબીર રોડ પર કબીરવન સોસાયટી અને નાણાવટી ચોકમાં પોલીસે વિદેશી દારુના દરોડા પાડી, શરાબની ૩૮ બોટલ અને બાઈક સાથે ચાર શખ્સોને ઝડપી લીધા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહીતી મુજબ શહેરનાં લલુડી વોકળી પાસે આવેલા તાત્યાટોપ ટાઉનશીપ પાછળ બાવાલાલની વાડી પાસેથી રણુજા મંદિર સોસાયટી-૩ માં રહેતા ધવલ વિજયભાઈ સોલંકી અને કોઠારીયા ચોકડી પાસે ગણેશનગર-૪ માં રહેતો ચીરાગ દિનેશભાઈ રૂપાપરા નામના શખ્સોને વિદેશી દારૂના ૧૦ ચપલા અને બાઈક સાથે ભકિતનગર પોલીસે ઝડપી લીધા છે.

જયારે થોરાળા પોલીસે સંત કબીર રોડ નજીક કબીરવન સોસાયટી શેરી નં.૯માં રહેતો વૈભવ ઉર્ફે વિમલ રસીકભાઈ મકવાણાને વિદેશી દારુની ૧૨ બોટલ સાથે ધરપકડ કરી છે. ત્રીજો વિદેશી દારુનો દરોડો ગાંધીગ્રામ-૨ (યુનિ) પોલીસે નાણાવટી ચોક નજીક મોમાઈ સુપર માર્કેટ મોલ સામેથી વિદેશી દારુ નજીક આર.એમ.સી. આવાસ ચોકના કવાર્ટરમાં રહેતો હનિફ અબારખખાભાઈ શમા નામના શખ્સની ઝડપી લીધો છે.

# ભેંસાણના રાણપુર ગામે ગેસ ગળતરથી સાળા-બનેવીનું મોત

## શૌચાલયની સેફટી ટેન્ક સાફ કરતી વેળાએ દુર્ઘટનાઃ મકાન માલિક સહીત અન્ય ત્રણને પણ અસર

**અબતક,**
**જય વિરાણી, કેશોદ**

ભેંસાણ તાલુકાના રાણપુર ગામે એક અત્યંત દુઃખદ અને હ્રદયદ્રાવક ઘટના બની છે. શૌચાલયની સેફ્ટી ટેન્કની સફાઈ દરમિયાન ઉદભવેલા ઝેરી ગેસના ગળતરથી બે શ્રમિકોએ સ્થળ પર જ દમ ઘૂંટાવાના કારણે જીવ ગુમાવ્યો હતો.

મૃતકોમાં બિલખાના દિલીપભાઈ ભુરાભાઈ વાઘેલા તથા તેમના સાળા અને રાણપુરના રહેવાસી દિલીપભાઈ ખોડાભાઈ ચૌહાણનો સમાવેશ થાય છે. ઘટના ગત રાત્રિના સા. ૯:૩૦ થી ૧૦ વાગ્યા દરમિયાન બની હતી. જ્યારે બંને શ્રમિકો રાણપુર ગામના ધર્મેન્દ્રભાઈ કુબાવતના ઘરે શૌચાલયની અંદર આવેલ ૧૫ ફૂટ ઊંડા સેફ્ટી ચેમ્બરની સફાઈ માટે ઉતર્યા હતા. સફાઈ દરમ્યાન અચાનક ઝેરી ગેસ બહાર નીકળતાં બંને શ્રમિકોને ગેસ ગુંગડામણ થઈ હતી. દુર્ભાગ્યવશ, તેમને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા છતાં તેમનું મૃત્યુ ઘટનાસ્થળ પર જ નિપજ્યું.

જ્યારે આ ઘટનાની જાણ આસપાસના લોકોએ મેળવી, તત્કાલ ઘટનાસ્થળે દોડી આવ્યા અને બંનેને ભેસાણ હોસ્પિટલ પહોંચાડ્યા હતા. ત્યાંથી પીએમ માટે મૃતદેહ મોકલવામાં આવ્યો હતો. ઉપરાંત, મકાનમાલિક ધર્મેન્દ્રભાઈ કુબાવત અને તેમના પરિવારના બે સભ્યોને પણ ગેસની અસર થતાં તેઓને તાત્કાલિક સારવાર માટે જૂનાગઢની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.મૃતક દિલીપભાઈ વાઘેલા તેમના પત્ની અને ૧૮ વર્ષના બે સંતાનો સાથે રહતાં હતાં. તેમના મોતથી પરિવાર પર તો આભ તૂટી પડ્યું છે. તેમનાં સગા કિશોરભાઈ વાઘેલાએ જણાવ્યું કે રાત્રે લગભગ ૧૧:૩૦ વાગે ફોન દ્વારા ઘટના અંગે જાણ થઈ ત્યારબાદ પરિવાર તાત્કાલિક હોસ્પિટલ પહોંચ્યો હતો. મૃતકના અન્ય સગાભાઈ દિલસુખભાઈએ પણ જણાવ્યું કે આ દુર્ઘટનાથી બંને પરિવારો પર શોકના વાદળ ફાટ્યા છે.

હવે મૃતકોના પરિવારો તરફથી માંગણી કરવામાં આવી રહી છે કે સરકાર દ્વારા તેઓને યોગ્ય વળતર, ભવિષ્ય માટે સહાય અને પરિવારજનોના પુનર્વસન માટે પગલાં લેવાં જોઈએ. ભેસાણ પોલીસ સ્ટેશને અકસ્માતના ગુના હેઠળ તપાસ શરૂ કરી છે અને ઘટના અંગે વધુ વિગતો માટે તપાસ આગળ વધી રહી છે.



## પાવર સ્ટોરેજની સમસ્યાનો ઉકેલ ઉર્જા સ્ત્રોતને વધુ મજબૂત કરી દેશે

# ૨૦૩૨ સુધીમાં ૧૩૨૦૦ મેગાવોટ પાવર બેટરીથી સ્ટોરેજ કરાશે

### ૨૦૩૧-૩૨માં સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૯૦૦ ગીગાવોટ થવાની સંભાવના છે જેમાં પરંપરાગત સ્ત્રોતો- કોલસો, લિગ્નાઈટ વગેરે, બિનપરંપરાગત સ્ત્રોતો- સૌર, પવન, હાઈડ્રો, પમ્પ સ્ટોરેજ પ્રોજેક્ટ (પીએસપી) અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (બીઈએસએસ)નો સમાવેશ થાય છે

**અબતક, અમદાવાદ**

પાવર સ્ટોરેજની હાલત કફોળી સ્થિતિમાં છે. કિંમતો વધી રહી છે અને ઊર્જા સંગ્રહની જરૂરિયાત વધી રહી છે. અત્યાર સુધી રાજ્યમાં પાવર સ્ટોરેજ કરવો પડકારજનક હતો જો કે હવે આ દીવસો ભૂતકાળ બની જશે. પાવર સ્ટોરેજની સમસ્યાનો ઉકેલ ઉર્જા સ્ત્રોતને વધુ મજબૂત કરી દેશે કેમ કે ગુજરાતે સરપ્લસ વીજળીના સ્ટોરેજ માટે તૈયારીઓ શરૂ કરી છે.ભારતનું એનર્જી સ્ટોરેજ ક્ષેત્ર ૨૦૨૬ અને ૨૦૩૨ ની વચ્ચે પાંચ ગણું વિસ્તરણ કરવા માટે તૈયાર છે. એનર્જી સ્ટોરેજ ક્ષેત્રે ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેના આધારે ૨૦૩૦-૩૧ સુધીમાં ૧૩,૨૦૦ મેગાવોટ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ માટે વાયેબિલિટી ગેપ ફંડિંગની મંજૂરી જેવા સરકારી પ્રોત્સાહનો દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. ૨૦૩૧-૩૨માં સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૯૦૦ ગીગાવોટ થવાની સંભાવના છે જેમાં પરંપરાગત સ્ત્રોતો- કોલસો, લિગ્નાઈટ વગેરે, બિનપરંપરાગત સ્ત્રોતો- સૌર, પવન, હાઈડ્રો, પમ્પ સ્ટોરેજ પ્રોજેક્ટ (પીએસપી) અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (બીઈએસએસ)નો સમાવેશ થાય છે.ઊર્જા મંત્રાલયે રાજ્યો સાથે પરામર્શ કરીને ૨૦૩૧-૩૨ સુધીમાં ઓછામાં ઓછી



૮૦,૦૦૦ મેગાવોટની થર્મલ પાવર ક્ષમતા ઉમેરવાની યોજનાની કલ્પના કરી છે. આ લક્ષ્યાંક સામે ૨૮,૦૨૦ મેગાવોટ થર્મલ પાવર ક્ષમતા પહેલેથી જ નિર્માણાધીન છે અને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૯,૨૦૦ મેગાવોટ થર્મલ પાવર ક્ષમતા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે, એમ જણાવી મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વધુમાં ૩૬,૩૨૦ મેગાવોટ કોલસો અને લિગ્નાઈટ આધારિત ઉત્પાદન ક્ષમતા તૈયાર કરવાનું આયોજન છે, જે દેશમાં આયોજનના વિવિધ તબક્કામાં છે.


રાજ્ય સરકારના ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ (જીપીસીએલ)એ બે અને ચાર કલાકના સ્ટોરેજ માટે ટેન્ડર્સ બહાર પાડ્યા છે. આ ટેન્ડરમાં મળનારા પ્રતિસાદના આધારે નિગમ આઠ કલાક માટે ટેન્ડર બહાર પાડવા તૈયારી કરી રહ્યું છે, તેમ નિગમના મેનેજિંગ ડિરેક્ટર મહેશ બાબુએ જણાવ્યું હતું. એનર્જી ઈન્ડિયા સ્ટોરેજ એલાયન્સના ઉપક્રમે મહાત્મા મંદિર ખાતે પાંચમી ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન સ્ટેશનરી એનર્જી સ્ટોરેજ ઈન્ડિયા (એસઈએસઈ)નુ આયોજન થયું હતું. સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ, એનટીપીસી, એસજેવીએન, અને ગુજરાત, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોએ સ્ટેન્ડઅલોન એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ, ડિસ્પેચેબલ રિન્યુએબલ એનર્જી અને પીક પાવર સોલ્યુશન્સ માટે વિવિધ ટેન્ડરોની જાહેરાત કરી છે. ઉદ્યોગ જગતાના આગેવાનો અપેક્ષા રાખે છે કે ૨૦૩૨ સુધીમાં ઉર્જા સંગ્રહમાં રૂ.૪૭૯ હજાર કરોડનું રોકાણ આ વૃદ્ધિને વધુ વેગ આપશે.કોન્ફરન્સના ઉદઘાટન સમારોહમાં ઊર્જા અને પેટ્રોલિયમના અધિક મુખ્યસચિવ એસ.જે. હૈદરે જણાવ્યું હતું કે, સ્વચ્છ ઊર્જામાં પોતાના નેતૃત્વની પુષ્ટિ કરતા, ગુજરાત નવીનીકરણ ઊર્જા અને એનર્જી સ્ટોરેજ ડિપ્લોયમેન્ટમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી સ્થાન મેળવી રહ્યું છે. ગુજરાતના લાંબાગાળાના વિઝન સાથે આબોહવા, માળખાગત રોકાણો અને ગ્રીડ સ્થિરતા પર વ્યૂહાત્મક ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. આ તકે તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં ગુજરાત ૧૦૦ ગીગાવોટનુ મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય નક્કીકર્યું છે. જે ટૂંક સમયમાં હાંસલ થશે.

# ઈલેક્ટ્રીક વાહનોના કર પર સરકારનું ૫% બુસ્ટરડોઝ: માર્ચ ૨૦૨૬ સુધી ફક્ત ૧% કર ભરીને વાહનો છોડાવી શકાશે!!

### લોકો ‘‘વાહન ૪.૦ પોર્ટલ‘‘ પર જઈને પોતાના ઈલેક્ટ્રિક વાહનની નોંધણી કરાવી ટેક્સના ફાયદાનો લાભ લઈ શકશે!

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે પર્યાવરણને સ્વચ્છ રાખવાના ઉદ્દેશ્યથી ઈલેક્ટ્રિક વાહનો (ઈવી) ખરીદનારાઓ માટે એક મોટી જાહેરાત કરી છે. સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી પર વાહન ટેક્સમાં ૫ ટકાનો ઘટાડો કર્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ રાજ્યમાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં વધારો કરવાનો છે. આ નવી પહેલ રાજ્યના તાજેતરના બજેટમાં જાહેર કરવામાં આવી હતી અને વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ શુક્રવારથી તેનો અમલ શરૂ થઈ ગયો છે.



નવી યોજના હેઠળ, જો કોઈ વ્યક્તિ ઈલેક્ટ્રિક વાહન ખરીદે છે, તો તેણે વાહન ટેક્સ તરીકે ફક્ત ૧ ટકા જ ચૂકવવાનો રહેશે. આનો અર્થ એ છે કે વાહનની કિંમતના આધારે ગ્રાહકોને મોટો ફાયદો થશે. ઉદાહરણ તરીકે, જો કોઈ ઈલેક્ટ્રિક કારની મૂળ કિંમત ૧૨.૪૯ લાખ રૂપિયા હોય, તો તેના પર પહેલાં ૭૪,૯૪૦ રૂપિયા ટેક્સ લાગતો હતો, પરંતુ હવે ફક્ત ૧૨,૪૯૦ રૂપિયા જ ટેક્સ લાગશે. આમ, ગ્રાહકને સીધા ૬૨,૪૫૦ રૂપિયાની બચત થશે. ટુ-વ્હીલર એટલે કે ઈલેક્ટ્રિક સ્કૂટર અને મોટરસાઈકલ ખરીદવા પર પણ વાહનની કિંમતના આધારે અંદાજે ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ રૂપિયા સુધીની બચત થશે. પરિવહન વિભાગના આંકડા અનુસાર, વર્ષ ૨૦૨૪માં ગુજરાતમાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ૨૦૨૩માં જ્યાં ૮૮,૬૧૪ ઈલેક્ટ્રિક વાહનો વેચાયા હતા, ત્યાં ૨૦૨૪માં ફક્ત ૫૦,૦૧૦ વાહનો જ વેચાયા. આ વર્ષે પણ, ૧ જાન્યુઆરીથી ૧૭ એપ્રિલ સુધીના પ્રથમ ક્વાર્ટરમાં

(અનુ. આઠમા પાને)


પરમ શ્રદ્ધેય પૂ. શ્રી ધીરજમુનિ મ.સા.ના અનુગ્રહથી નૂતનીકરણ પામેલ
શશીકાંત જી. બદાણી જૈન બોર્ડિંગમાં પ્રવેશ અંગે
• અદ્યતન સુવિધા સભર અત્યાધુનિક રૂમ • ભોજનાલય
• વિશાળ લાયબ્રેરી • વિશાળ મલ્ટી એક્ટીવીટી રૂમ
• દરેક પ્રકારના સાધનોથી સુસજ્જ જિમ્નેશ્યમની સુવિધા
• પોસ્ટ ગ્રેજ્યુએટ કરતા વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવામાં આવશે.
રાજકોટ શહેરની મધ્યમાં ૧૧૭ વર્ષ જુની સંસ્થા
શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન
ખાતે પ્રવેશ આપવાનું શરૂ થઈ ગયેલ છે.
પ્રવેશ માટે રૂબરૂ મળો
શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન
સંચાલિત : શશીકાંત જી. બદાણી જૈન બોર્ડિંગ
ત્રિભુવન ભુવન, માલવીયા ચોક, ગોંડલ રોડ, રાજકોટ
મો. ૯૫૭૪૯ ૨૭૬૨૩ / ૯૮૨૪૫ ૦૮૪૪૬
Web. : www.jainboardingrajkot.com



હા... શ... પરીક્ષા પૂરી
હવે ફનવર્લ્ડમાં જલસા
FunWOrld
Family Amusement Park
મસ્ત ફૂડકોર્ટ
પરફેક્ટ પિકનિક
રોમાંચક રાઇડ્સ
સાંજે ૪:૦૦ થી રાત્રીના ૧૧:૩૦

Race Course, Rajkot. Contact : 96625 12859



પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ
અબતક
સાંધ્ય દૈનિક
વાર્ષિક લવાજમ યોજના
૦૧-૦૫-૨૦૨૫ થી ૩૦-૦૪-૨૦૨૬
યોજના નં. ૧
લવાજમ રૂ.૧૧૧૧/-
સિગ્નેચર બ્રાન્ડનું પરફ્યુમ તથા ડિઓ


યોજના નં. ૨
લવાજમ રૂ.૧૨૯૯/-
ડબલ હાથી મસાલાનું ૧ કિ.ગ્રા. મરચું, ૫૦૦ ગ્રામ હળદર તથા ૫૦૦ ગ્રામ ધાણાજીરૂ
૧ કિ.ગ્રા.
૫૦૦ ગ્રામ
૫૦૦ ગ્રામ


વિશેષ નોંધ:
(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.
લવાજમ ભરવાનું સ્થળ: અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.
આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234